**આઈપીએલ આજની મેચ**

મુંબઈ ઈન્ડીયન્સ VS ગુજરાત ટાઈટન્સ

સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ    પાનાઃ ૧૨

તા. ૬-૫-૨૦૨૫, મંગળવાર

વર્ષઃ ૧૪, અંક : ૪૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**જોઈએ છે**

રીટાયર્ડ ચોકીદાર

સફાઈ કામદાર

કલાર્ક - પટ્ટાવાળા

રહેવાની સગવડ

હાજરી ૫૦૦

**અપ્પુ ચણાદાળ**

અરજી માટે વ્હોટ્સએપ નંબર

મો. 98242 00970

જુનો મોરબી રોડ રાજકોટ

## આજે જાહેર થયેલા ધો. 12 સાયન્સ અને કોમર્સના પરિણામોમાં ધોળકિયા સ્કૂલનો દબદબો

# ગુજરાત ફર્સ્ટ 6-6 વિદ્યાર્થીઓ સાથે છવાઈ જતી ધોળકિયા સ્કૂલ

## શિક્ષણ જગતની ગૌરવવંતી રાજકોટની ધોળકિયા સ્કૂલે શ્રેષ્ઠ પરિણામ આપવાની તેની પરંપરા જાળવી રાખી

### પ્રિ-મોનસુન કે માવઠું?

# હીટવેવ વચ્ચે વાતાવરણમાં પલ્ટાએ ઠેર-ઠેર ઝાપટાં વરસાવ્યાં

## રાજ્યના ૧૬૮ તાલુકાઓમાં કમોસમી વરસાદ ખાબક્યો

**અબતક, રાજકોટ**

ગુજરાતની આસપાસ સર્જાયેલા અપર એર સાયકલોનીક સરકયુલેશનની અસરના કારણે આગામી ચાર દિવસ સુધી રાજ્યભરમાં કરા અને ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી હતી. સોમવારે બપોર બાદ સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. હીટવેવના પ્રકોપ વચ્ચે ઠેર-ઠેર ઝાપટા પડ્યા હતા. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલૂકાઓમાં હળવા ઝાપટાથી લઈ ૪૦ મીમી સુધી વરસાદ વરસી ગયો હતો. આજે સવારથી પણ પાંચ તાલુકામાં માવઠા પડી રહ્યા છે. આજે ૧૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ભારે પવન સાથે વરસાદ વરસી શકે છે.






તસવીરઃ રણજીતસિંહ ધાંધલ




તસવીરઃ સલીમ ઘાંચી

## આજે ૧૪ જિલ્લાઓમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ સવારથી સાત તાલૂકાઓમાં માવઠા જગતાત ચિંતાતુર

આજે સવારથી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વાદળછાંયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. સોમવારે ૧૬૮ તાલૂકાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. ખેડાના કપડવંજમાં સૌથી વધુ ૪૦ મી.મી. વરસાદ પડ્યો હતો. ગાંધીનગરના માણસામાં ૩૭ મીમી, જોટાનામાં ૩૧ મીમી, વડોદરામાં ૭૦ મીમી, મહેસાણામાં ૨૮ મીમી, કડીમાં ૨૭ મીમી, ભાવનગરમાં ૨૭ મીમી, ડોલવાણમાં ૨૬ મીમી, નડીયાદમાં ૨૫ મીમી, ખાનપુરમાં ૨૫ મીમી, દસાડામાં ૨૪ મીમી, સોજીત્રામાં ૨૨ મીમી, કામરેજમાં ૨૨ મીમી, ડિયોડરમાં ૨૧ મીમી, વીજાપુરમાં ૨૧ મીમી, પ્રાંતીજમાં ૨૧ મીમી, ચોટીલામાં ૨૧ મીમી અને બાયડમાં ૨૧ મીમી વરસાદ પડ્યો હતો.

ભારે પવન સાથે પડેલા માવઠાના કારણે રાજ્યમાં આઠ લોકોના મોત નિપજ્યા હતા. સવારથી પાંચ તાલૂકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. દરમિયાન આજે રાજ્યના ૧૪ જિલ્લાઓમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. આજે રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, બોટાદ, દીવ, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ, આણંદ, ખેડા, મહીસાગર, વડોદરા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ અને નવસારીમાં ગાજવીજ સાથે માવઠું પડશે. કાળઝાળ ગરમીમાં શેકાય રહેલા લોકોને માવઠાથી ગરમીમાં રાહત મળી છે.

## ચોટીલામાં મેઈન બજારમાં ગોઠણ સમા પાણી ભરાયા, ભારે ગાજવીજ સાથે પડેલા વરસાદથી નુકશાની

## કમોસમી વરસાદે કહેર વરસાવતા રાજ્યમાં ૧૪ લોકો કાળનો કોળિયો

ગુજરાત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં સોમવારે ગાજવીજ અને તોફાની પવન સાથે વરસાદ ખાબક્યો હતો. અચાનક આવેલા વરસાદને કારણે રાજ્યભરમાં ૧૪ લોકોના મોત નીપજ્યાં હતા. ગઈકાલે કમોસમી વરસાદથી ૧૪ લોકોના મોત થયા હતા. વીજળી પડવાથી વિરમગામનાં મંગાજી કમશીભાઈ ઠાકોર, અરવલ્લીનાં વિશાલકુમાર દીપકભાઈ(ઉ.વ.૨૮) અને લાલજીભાઈ શંકરભાઈ ગેલોત(ઉ.વ.૨૩)નું જયારે દીવાલ, મકાન, છત અને વૃક્ષ ધરાશાયી થતાં આણંદનાં કાળીબેન બિલ્લો વસાવા, ખેડાનાં કપિલાબેન કેસરીસિંહ ચાવડા(ઉ.વ.૫૦), દાહોદનાં શકરાભાઈ શનાભાઈ પટેલ, નડિયાદનાં મહેશભાઈ જુવાનસિંહ સોઢા, ખેડાનાં રણજીતસિંહ બુધાભાઈ બારૈયા, અમદાવાદનાં હિમાંશુકુમાર રાજેન્દ્રભાઈ પરમાર, દાહોદનાં મંગીબેન લબડા, વાડોદરાનાં જયેશભાઈ મોરે, ખેડાનાં વાલીબેન ભરવાડ, વડોદરાનાં પર્વતભાઈ ડાંગર અને ગીરીશભાઈ ચૌરેનું મોત થયું છે.

## બિનજરૂરી મુસાફરી ટાળવા લોકોને અપીલ

આગામી દિવસોમાં ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ તથા વાવાઝોડાની આગાહી ધ્યાને લઈ લોકોને બિનજરૂરી મુસાફરી ન કરવા તેમજ વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિમાં સલામત સ્થળે રહેવા અનુરોધ કરાયો છે અનિવાર્ય સંજોગોમાં જરૂર જણાયે ડીસ્ટ્રીક ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-૧૦૭૭ તથા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-૧૦૭૦ પર સંપર્ક કરવા અપીલ કરાય છે.

**ચોટીલા**

ચોટીલા સહિત આસપાસના ગામોમાં બપોર બાદ ગાજવીજ સાથે કમોસમી વરસાદ અને કરા પડ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લા

(અનુ. આઠમા પાને)

# ૧૯૭૧ના જંગ પછી પ્રથમવાર લશ્કર કાલે યુદ્ધ કવાયત હાથ ધરશે

## દેશના ૨૪૪ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ તાલીમ અપાશે એર સાયરનથી માંડી બ્લેક આઉટ સુધીની ટ્રેનિંગ અપાશે

### આતંકવાદનો ખાત્મો બોલાવવા રશિયા અને જાપાને સંપૂર્ણ સહકારની તત્પરતા બતાવી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કર્યો અને જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાની કડક નિંદા કરી, એમ વિદેશ મંત્રાલયએ જણાવ્યું હતું. (અનુ. આઠમા પાને)

### ભારતે શટર બંધ કરતા પાકિસ્તાન ૪૩૦૦ કરોડનો વેપલો ગુમાવશે

પહેલગામ હુમલા બાદ ભારત દ્વારા પાકિસ્તાન પર અનેક પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. જેમાં આયાત પ્રતિબંધ પણ મુકવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી સરકારે પાકિસ્તાનથી થતી બધી આયાતો પર, પછી ભલે તે સીધી (અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન સાથે ગમે ત્યારે યુદ્ધનાં ભણકારા વચ્ચે ભારત સરકારે સોમવારે દેશને કોઈપણ આકસ્મિક પરિસ્થિતિ માટે તૈયાર કરવા માટે હાકલ કરતો નિર્ણય લીધો છે.ગૃહ મંત્રાલયે બુધવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દેશના ૨૪૪ વર્ગીકૃત

(અનુ. આઠમા પાને)

## ચિનાબ નદીનું પાણી તળિયે અને સલાલ ડેમના દરવાજા બંધ કરાતા પાક. તરસ્યું!!!

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે. તેના ભાગરૂપે, સોમવારે ચિનાબ નદી પરના સલાલ ડેમના તમામ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. આ પગલાથી રિયાસી

(અનુ. આઠમા પાને)



### ફુગાવો અને મોંઘવારી ઘટશે

# ક્રુડ બેરલના ૬૦ ડોલરની નીચે, રૂપિયો પણ મજબુત થઈને ડોલર સામે ૮૪.૨૫ એ પહોંચ્યો



## ટેરિફ વોરમાં ઘટાડા બાદ રૂપિયામાં ફરી મજબૂતી આવીઃ ઓપેક પ્લસએ જૂન મહિનામાં ઉત્પાદનમાં વધારો જાહેર કરતા ક્રૂડના ભાવ ગગડયા

**અબતક, નવી દિલ્હી**

ડોલર સામે રૂપિયો સતત મજબૂત થઈ રહ્યો છે. ટેરિફ વોરમાં ઘટાડા બાદ રૂપિયામાં ફરી મજબૂતી આવી છે. ફેબ્રુઆરીમાં, ડોલર સામે રૂપિયો ઘટીને ૮૭ ને પાર કરી ગયો હતો. જોકે, હવે તેમાં ઝડપી સુધારો જોવા મળી રહ્યો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડા અને સ્થાનિક શેરબજારમાં તેજીના વલણ વચ્ચે સોમવારે રૂપિયો મજબૂત થઈને ૮૪.૨૫ પર પહોંચ્યો છે. ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે શેરબજારમાં મજબૂત રોકાણ પ્રવાહ ભારતીય સંપત્તિમાં વિદેશી રોકાણકારોના સતત રસને પ્રતિબિંબિત કરે છે.

ફેબ્રુઆરી ૨૦૨૧ પછી આ ક્રૂડનું સૌથી નીચું સ્તર છે. આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે ઓપેક પ્લસ દેશોએ જૂનમાં ઉત્પાદન વધારવાની જાહેરાત કરી છે. ઓપેક પ્લસ એ જૂન મહિનામાં ઉત્પાદનમાં દરરોજ ૪૧૧,૦૦૦

(અનુ. આઠમા પાને)

# પ્રથમ વખત સુપ્રીમ કોર્ટનાં ન્યાયાધીશોની મિલકત વેબસાઈટ પર જાહેર કરાય

## ચીફ જસ્ટીસ સહિત કુલ ૨૦ ન્યાયાધીશોની મિલકત સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર જોઈ શકાશે

**અબતક, રાજકોટ**

ન્યાયતંત્ર પર લોકોનો વિશ્વાસ વધે અને પારદર્શિતા વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોની સંપત્તિ વેબસાઈટ પર અપલોડ કરી છે.

ઈતિહાસમાં પહેલી વાર એવુ બન્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંપત્તિ જાહેર કરવામાં આવી છે. હાલમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને નજીકના ભવિષ્યમાં સીજેઆઈ બનવાના ત્રણ ન્યાયાધીશો



(અનુ. આઠમા પાને)

# આજના ટેકનોલોજીના યુગમાં પણ વિજ્ઞાન અને રૂઢીઓ વચ્ચે 'સમાજ' ઝોલા ખાય છે

## ૨૧ મી સદીના ટેકનોલોજી અને વિજ્ઞાનના યુગમાં પણ અવૈજ્ઞાનિક, અતાર્કિક, તિકડમ વાર્તા કે ઘટના લોકો માનવા લાગે છે : શ્રદ્ધા વિશ્વાસ સાથે આંધળો વિશ્વાસ ભળી જાય ત્યારે અંધશ્રદ્ધા બની જાય

શિક્ષણનો વ્યાપ જેમ જેમ વધતો ગયો તેમ તેમ લોકોમાં જાગૃતિ આવી છે, પરંતુ આજે પણ ઘણા લોકો પરંપરાની જૂની રૂઢિઓમાં જકડાયેલા જોવા મળે છે. પેઢી દર પેઢી થી ચાલી આવતી ઘણી બધી પરંપરાઓનો આજનો ભણેલ ગણેલ યુવાન પણ વિરોધ કરી શકતો નથી, પરિણામે વિજ્ઞાન અને રુઢીયો વચ્ચે આજનો સમાજ જોલા ખાતો જોવા મળે છે. દરેક મા બાપે પોતાના સંતાનોને વિજ્ઞાનમાં રસ લેતો કરવાની સાથે નવા નવા સંશોધન તરફ તેની રસ રુચિ કેળવવી જોઈએ.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણે વર્ષો સુધી શિતળા માતાની પૂજા કરી ને એક વિદેશી ડોકટરે 'શિતળા'વિરોધી રસી શોધીને વિશ્વમાંથી શિતળાના રોગને નાબુદ કર્યો. વિકસિત દેશો કરતાં અવિકસીત દેશોમાં અંધશ્રદ્ધામાં લોકો વિશ્વાસ વધુ કરે છે. શિક્ષિત સાથે અશિક્ષિત લોકો પણ શ્રધ્ધા અંધશ્રદ્ધા વચ્ચે ફસાયેલા જોવા મળે છે, આજના વિજ્ઞાન યુગમાં કેટલાય પરિવારો 'માતાજી આડી' છે તેમ કહી બાળકોને જીવન રક્ષક સમૂ રસીકરણ નથી કરાવતા

આજે માનવીએ બીજા ગ્રહો પર જઈને શોધ સંશોધનો કરવા લાગ્યા છે. ત્યારે હજી લાખો કરોડો લોકો અંધશ્રદ્ધામાં વિશ્વાસ રાખીને તેની ચુંગલમાં ફસાતા જાય છે. કોરોના કાળ વખતે 'કોરોના' વાયરસની રસી શોધવા મેડીકલ સાયન્સ મહેનત કરી રહ્યું હતું , ત્યારે પણ આમ કરવાથી કે તેમ કરવાથી 'કોરોના'નાબુદ થઈ જશે તેવી પાયા વગરની વાતો ને અંધશ્રદ્ધા ફેલાવતા હતા. પરિવારો કુટુંબોની પરંપરા કે રૂઢીઓને કારણે પેઢી દર પેઢી અંધશ્રદ્ધા પ્રબળ થઈ જાય છે, ને ભાવી નાગરીકો પણ આનું આંધળુ અનુકરણ કરવા લાગે છે. આને નાબુદ કરવા 'શિક્ષણ' સાથે જનજાગૃતિ એક જ રામબાણ ઈલાજ છે. તેથી જો નિરક્ષરતા નાબુદ થશે તો જ અંધશ્રદ્ધા નાબુદ થશે. શ્રધ્ધા-વિશ્વાસ સાથે



આંધળો વિશ્વાસ ભળી જાય ત્યારે અંધશ્રદ્ધા બને છે. 'બિલાડી આડી ઉતરી એટલે ન જવાય' તેવી અંધશ્રદ્ધા આજે પણ લોકો માને છે. આવી વિવિધ અંધશ્રદ્ધામાં છોકરું માંદુ પડે તો નજર ઉતારવી, કોઈ બહાર જતું હોય ત્યારે કયા-કારો ન કરવો, ભીંત ગરોળી માથે પડવી, સાપ કરડે તો ભુવા કે માતાજી ઝેર ઉતારી દે વિગેરે જેવી ઘણી માન્યતાઓ લોક માનસમાં છે. દુઃખતો એ વાતનું છે કે તેમાં ભણેલા ગણેલ માણસ પણ વિશ્વાસ કરતો થઈ જાય છે. આજની ૨૧મી સદીમાં ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં પણ લોકો અંધશ્રદ્ધા તરફ દોરવાઈ જાય છે. વર્ષો પહેલા ફૂટપાથ પર 'પોપટ' તમારૂ ભવિષ્ય જણાવે તે બહુ જ પ્રખ્યાત હતું. આ એક અંધશ્રદ્ધા જ હતી આવું શકય જ નથી. આજનાઁ યુગમાં ડગલે ને પગલે ટેકનોલોજી, વિજ્ઞાનનો ઉપયોગ કરનાર માનવી જ જયારે અવૈજ્ઞાનિક, અતાર્કિક, તિકડમ વાર્તા કે ઘટનામાં માનવા લાગે છે. ઓકટોપસ હાર-જીતની આગાહી કરે આ ટીમ જીતશે જો વરસાદ આવે તો? કોઈ પ્લેયરને ખબર પડે કે મારા વિશે સદીની આગાહી કરી છે ને તે શુન્ય રને આઉટ થઈ જાય તો? ત્યારે આવી બે જવાબદારી આગાહી ઉપર કેટલો ભરોસો રાખી શકાય. વર્ષોથી ચાલી આવતી આગાહીમાં કુતરૂ રાત્રે શેરીમાં રોવે, હોલો કે કાગડો ઘર પર બોલે, દાણા જોઈને તમારી સમસ્યાનો ઉકેલ લાવે જેવી તમામ ઘટનાઓ માનવીને અંધ શ્રધ્ધાની ખાણમાં ધકેલે છે. આ માટે વિજ્ઞાન જાથા રાષ્ટ્રીયસ્તરે પ્રત્યેક જીલ્લામાં કાર્યરત છે. જયંત પંડયાની આ ઝુંબેશને કરોડો સલામ છે. પણ સમાજનો દરેક વર્ગ જયારે આ અંધશ્રદ્ધા નિવારણ અભિયાનમાં જોડાશે ત્યારે જ તે દૂર થશે. 'જન જન જાગે' અંધશ્રદ્ધા ભાગે



લોકોએ કર્મ- પુરૂષાર્થના સિદ્ધાંતને સમજવો પડશે. કોઈની સફળતામાં કિસ્મતને કયાંય સ્થાન નથી. ભારતનાં પૂરાણો, વેદો, ઉપનિષદો, શાસ્ત્રોએ પણ કર્મને મહત્વ આપેલ છે. શ્રધ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદ રેખા છે. ઘણીવાર માનવીને ખબર જ નથી પડતી કે તેની શ્રધ્ધા કયારે અંધશ્રદ્ધા બની જાય છે.

ભૂત પ્રેત જેવી બાબતો આપણે જાણી જોઈને આપણા નાનકડા સંતાનો બિવડાવવા કહેતા હોય છીએ. વખત જતાં મોટા થતાં બાળકમાં ભયને આ બાબતની પાયા વગરની કેટલીય વાતો અંધશ્રદ્ધા ઘર કરી જાય છે. આજનાં યુગમાં દરેક મા-બાપે કાળજી લઈને પોતાના સંતાનો કે જે દેશનાં ભાવિ નાગરીકો છે તેને સાચી અને વૈજ્ઞાનિક માહીતીથી અવગત કરાવવા જ પડશે. આજે તો મૃત્યુ પછીથી તમામ લૌકિક પ્રથા બંધ રાખેલ છે, તેવી જાહેરાત અખબારોમાં લોકો છપાવે છે. આપણા ઘણાં રિત-રિવાજો સામે નવી પેઢીએ શિક્ષણ કારણે પરિવર્તન લાવીને ધરમૂળથી નાબુદ કરીને નવી પેઢીને સ્વચ્છ વાતાવરણ પુરુ પાડયું છે. આજે તમને પણ ઘણા કિસ્સામાં એમ થતું હશે કે કાંઈ આવું થોડું હોય? હવે નો ચાલે પરિવર્તન લાવો ખરેખર આજ સત્ય છે. યુવા પેઢીએ જ અંધશ્રદ્ધાને નાબુદ કરવી જ પડશે.

**પરિવારો કે કુટુંબની પરંપરા કે રૂઢીઓને કારણે પેઢી દર પેઢી અંધશ્રદ્ધા પ્રબળ બનતી જાય છેઃ આજે પણ ઘણા મા બાપ પોતાના સંતાનોને જીવન રક્ષક રસી મુકાવતા નથી**

# પંજાબ અને હરિયાણાના રાજ્યપાલ, મુખ્યમંત્રી અને આચાર્ય લોકેશજીએ ચંદીગઢથી નશામુક્ત યાત્રાનો પ્રારંભ કરાવ્યો

**અબતક, રાજકોટ**

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વાર, બે રાજયોના રાજયપાલો, બે રાજયોના મુખ્યમંત્રીઓ અને વિવિધ ધર્મોના ધાર્મિક નેતાઓ વ્યસન મુક્તિ માટે એક મંચ પર ભેગા થયા અને ''નશે સે દૂર, જિયો ભારત'' (ડ્રગ દૂર કરો, સંપૂર્ણ જીવન જીવો) ના નારા સાથે ડ્રગ મુક્ત ભારત માટે એક જોરદાર ઝુંબેશ શરૂ કરી.



**સ્વસ્થ અને સમૃદ્ધ ભારત માટે ડ્રગ્સ મુક્ત ભારત અભિયાન જરૂરી છેઃ જૈન આચાર્ય લોકેશજી**

પંજાબના રાજયપાલ ગુલાબચંદ કટારિયા, હરિયાણાના રાજયપાલ બંડારુ દત્તાત્રેય, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સહિત ઘણા ધર્માચાર્ય, રાજકીય નેતાઓ અને સરકારી અધિકારીઓએ ચંદીગઢમાં આયોજિત એક કાર્યક્રમમાં ડ્રગ વિરોધી ચળવળની શરૂઆત કરી હતી. વિશ્વ શાંતિ રાજદૂત આચાર્ય લોકેશે જણાવ્યું હતું કે વ્યસન વ્યક્તિના મન, બુદ્ધિ અને શરીરનું સ્વાસ્થ્ય બગાડે છે, જેના કારણે વ્યકિત અને સમાજ બંનેમાં અસામાન્યતાઓ આવે છે, તેનું નિવારણ એ સામૂહિક જવાબદારી છે. ડ્રગ્સના વ્યસનને કારણે ઘણા પરિવારો બરબાદ થઈ રહ્યા છે; તેની મહિલાઓ અને બાળકો પર ખરાબ અસર પડે છે. ઘણા યુવાનો ડ્રગ્સ તરફ વળી રહ્યા છે, આપણે ઘણા પડકારોનો સામનો કરી રહ્યા છીએ હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ ભાર મૂક્યો કે આ ફક્ત એક કાર્યક્રમ નથી પરંતુ આપણા સમાજને માદક દ્રવ્યોના વ્યસનથી મુક્ત બનાવવા માટે આપણા બધા દ્વારા લેવાયેલ સામૂહિક સંકલ્પ છે. સીએમ સૈનીએ કહ્યું કે આપણે આપણી યુવા પેઢી માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવા અને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે સાથે મળીને આ સંકલ્પ લીધો છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૭.૫.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ સુદ દશમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વ્યાઘાત યોગ, વણિજ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન** (ક,છ,ઘ) : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક** (ડ,હ) : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ** (મ,ટ) : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા** (પ,ઠ,ણ) : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા** (ર,ત) : સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે,ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક** (ન,ય) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર** (ખ,જ) : વિલંબ થી પણ તમને કાર્ય માં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ** (ગ,સ,શ) : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

# સુત્રાપાડાના પશ્રાવડા ગામે સંગઠન સૃજન અભિયાનમાં કોંગ્રેસી નેતાઓનો મેળાવડો

**અબતક**
**રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડાં ગામ માં સંગઠન સૃજન અભિયાનની એઆઈસીસીના સેક્રેટરી સહિત ગુજરાત કોંગ્રેસના નેતાઓએ કાર્યકરો સાથે ચર્ચા કરી બેઠક યોજાય. સુત્રાપાડાના પ્રશ્નાવડાં ''સંગઠન સૃજન અભિયાન ''અંતર્ગત એઆઈસીસી સેક્રેટરી બાબુલાલ (પૂર્વ મંત્રી રાજસ્થાન સરકાર), ગીતાબેન પટેલ (પ્રમુખ ગુજરાત મહિલા કોંગ્રેસ), ચંદ્રકાંતભાઈ વાઘેલા (પુર્વ ધારાસભ્ય), ચેતનભાઈ ખાચર (મહામંત્રી ગુજરાત પ્રદેશ), ધવલભાઈ નંદા (વિપક્ષ નેતા, જામનગર મહાનગર પાલિકા),ની



**એઆઈસીસીના સેક્ટેરી સહિત બાબુલાલ, ગીતાબેન પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**

વિશેષ ઉપસ્થિતિમાં સુત્રાપાડા તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા અભયભાઈ જોટવા માનસિંગભાઈ ડોડીયા કરશનભાઈ બારડ તાલુકા કોંગ્રેસ સિમિત પ્રમુખ પ્રતાપભાઈ જાદવ તાલુકા પંચાયત સદસ્ય રામભાઈ ભગીરથભાઈ ઝાલા મેરામણબાપા અસખ્ય કોંગ્રેસના કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા

# જૂનાગઢમાં ચિત્ર સ્પર્ધા સાથે આંતર રાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઉજવાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આગામી તા. ૧૮ મે ના આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ નિમિત્તે પુરાતત્વ નિયામક અને સંગ્રહાલય વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અને જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા 'વિશેષ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત તા. ૧૮મી મે ના સવારે ૧૧ - ૩૦ થી બપોરના ૨ વાગ્યા દરમ્યાન સંગ્રહાલય પરિસર, તાજ મંજીલ, ખાતે સંગ્રહાલયના નમુનાઓના આધારે પોતાની કલાની સૂઝનો ઉપયોગ કરી સ્પર્ધકો ચિત્ર બનાવશે.

આ સ્પર્ધાઓ જુદા જુદા ત્રણ વય જુથ ૫ થી ૧૦, ૧૧ થી ૧૮ તથા ૧૯ વર્ષ થી ઉપરનાં એમ ત્રણ જુથમાં સ્પર્ધા યોજાશે. આ માટેની જરૂરી તમામ સાધન સામગ્રી કાર્ડ, કાર્ડ પેપર, પેન્સિલ ,રબર, કલર વગેરે સંગ્રહાલય દ્વારા પૂરાં પાડવામાં આવશે. સ્પર્ધાની અવધી ૨.૪૫ કલાક ની રહેશે. આ સિવાય જરૂરી સુશોભન સ્પર્ધકે જાતે લાવવા જણાવાયું છે.

આ નિઃશુલ્ક સ્પર્ધામાં ભાગ લેવા માટે ગૂગલ ફોર્મ ભરી તા. ૧૫ મે સુધી રજીસ્ટ્રેશન કરાવવા તથા વધુ વિગત માટે junagadh museumgujarat.gov.in તથા ફોન નંબર ૮૩૨૦૦ ૮૨૭૪૨ નો સંપર્ક કરવા સંગ્રહાલયનાં ક્યૂરેટર ડો.શેફાલિકા અવસ્થી ની યાદીમા જણાવવામાં આવ્યું છે. સ્પર્ધાનું પરિણામ તથા ઈનામ વિતરણ તા. ૨૫ મી મે ૨૦૨૫ ના યોજાનાર ખાસ કાર્યક્રમમાં કરવામાં આવશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૬-૦૫-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટ ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સિધ્ધાંતો ચાણક્ય)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૬:૦૦ થી ૧૨:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૦૭-૦૫-૨૦૨૫ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૭-૫-૨૦૨૫ બુધવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | વૈશાખ શુદ દશમ મહાવીર સ્વામી કેવળજ્ઞાન |
| નક્ષત્ર | પૂર્વાફાલ્ગુની |
| યોગ | વ્યાધાન કરણઃ વણિજ |
| સુર્યોદય | ૬.૧૨ સુર્યાસ્તઃ ૭.૧૪ |
| ચંદ્ર રાશી | સિંહ બુધવારે રાત્રે ૧૨.૨૯થી કન્યા |
| રાશિ અક્ષર | મ.ટ/પ.ઠ.ણ |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| દિવસનાચોઘડીયા | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| રાત્રીનાચોઘડીયા | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૮ થી ૧.૧૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | ૩ | |
| | ૩ | | ૪ | | | ૮ | | ૫ |
| | | ૭ | ૮ | | | ૯ | | ૬ |
| ૫ | | | ૬ | | | | ૯ | ૨ |
| | ૬ | ૨ | ૯ | | | | | |
| ૪ | | | | | ૩ | ૬ | | |
| ૯ | ૮ | | | ૬ | | | ૫ | |
| | | | | | ૪ | ૭ | | ૯ |
| | ૧ | ૫ | ૩ | ૯ | | | | ૮ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૭ | ૮ | ૧ |
| ૭ | ૯ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ |
| ૪ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૨ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૩ | ૪ | ૬ |
| ૬ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ |

# શ્રીવિદ્યા સાધનામાં ભાવવિશ્વનું વિશેષ મહત્વ છે

હાલ આપણે દશ મહાવિદ્યામાં ત્રિપુરા સુંદરી શ્રી વિદ્યા વિષે વાત કરી રહ્યા છે. તમામ ભોગ અને મોક્ષદાયિની આ વિદ્યા સર્વોચ્ચ છે અને માતાના આ સ્વરૂપને આત્મસાત કરી સાધના કરવાથી શ્રીવિદ્યા સંપૂર્ણ પરિણામ આપનારી બને છે. માતા ત્રિપુરા સુંદરીના ત્રણ મુખ્ય સ્વરૂપ છે.જેમાં બાલસ્વરૂપને બાલા ત્રિપુરા સુંદરી કહેવાય છે જેની વય ૮ વર્ષની છે તો ષોડશીની વય ૧૬ વર્ષ જયારે યુવા સ્વરૂપ લલિતા ત્રિપુરા સુંદરી છે. શ્રીવિદ્યા સાધનામાં ભાવવિશ્વનું વિશેષ મહત્વ છે માટે જ શ્રીના કોઈ પણ સ્તોત્ર, સ્તુતિ કે મંત્રમાં માતાના સ્વરૂપ વિષે ભાવ સાથે વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીવિદ્યા તો જ આત્મસાત થઈ શકે છે જો સંપૂર્ણ ભાવથી આપણે માતાના સ્વરૂપની અનુભૂતિ કરી શકીએ અને માતાને આપવામાં આવેલા નામને આપણા કલ્પનાજગતમાં ભાવપૂર્વક વિચારી અને સાધનામાં લઈ શકીએ.માં ત્રિપુરા સુંદરી પાંચ બ્રહ્મા દ્વારા રચિત આસાન પર બિરાજમાન છે અને અમૃતસાગરના કિનારે વાસ કરે છે કમલવનમાં પણ માતાનો વાસ છે. અમૃતસાગરના કિનારે માતાનો વાસ છે તે બહુ ઊંડી વાત રજૂ કરે છે અને માતાના સાનિંધ્યમાં જવાથી અમૃતસાગરનો અનુભવ થાય છે અને સાધક એક એવા પ્રદેશમાં પહોંચી જાય છે જે મૃતયુલોકથી પણ પરે છે અને જ્યાં શોક અને ભય નથી માત્ર શ્રીકાર આનંદ છે અને આ શ્રીકાર અનહદ આનંદને પામવા આપણે આપણી જાતે જ બનાવેલી આપણી મર્યાદાઓ તોડવાની છે અને માતાના અસીમ સ્નેહ તરફ શ્રીવિદ્યાથી આગળ જવાનું છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

### અક્ષર મંદિરના ૯૧માં પાટોત્સવ નિમિત્તે

# ગોંડલના રાજમાર્ગો પર કળશયાત્રાએ જમાવ્યું અનોખું આકર્ષણ ઠેર ઠેર વધામણા

## પૂર્વ સાંસદ રમેશ ધડૂક સહિત સંતો-મહંતો તેમજ નગરશ્રેષ્ઠીઓએ ઠાકોરજીનું પૂજન કરી કળાયાત્રામાં જોડાયા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી અક્ષર મંદિરનાં ૯૧માં પાટોત્સવ પ્રસંગે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભવ્ય મહાકળશયાત્રાએ ગોંડલના રાજમાર્ગ પર અનેરું આકર્ષણ જમાવ્યું હતું. આ કળશ યાત્રાનો શુભારંભ કૈલાસબાગ ખાતે શ્રી ભક્તિ હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. આ તકે અક્ષરમંદિરનાં પૂજ્ય સંતો-મહંતો સહિત પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક તેમજ અનેક આગેવાનો - શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગોંડલ નગરપાલિકાના પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા, નગરપતિ ચંદુભાઈ ડાભી, કૌશિકભાઈ પડારીયા તેમજ હર્ષદભાઈ વાઘેલા પણ હાજર હતા. ઠાકોરજીના પૂજન દ્વારા આ કળશ યાત્રાનો શુભારંભ સંતો તથા ઉપસ્થિત મહાનુભાવોએ કરાવ્યો હતો. આ કળશયાત્રામાં સુશોભિત કલાત્મક રથ દ્વારા સદાચારી જીવન તેમજ નૈતિક મૂલ્યોને દ્રઢ કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. મહાકળશ યાત્રામાં જુદા જુદા ફ્લોટ્સ જેવા કે મયુરરથમાં શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ તથા શ્રી સીતારામ ભગવાન, શાંતિપાઠ કરતા બાળકો, નૃત્ય કરતા યુવકો, અક્ષરબેન્ડ, ભજન મંડળી રથ વગેરેએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. બુલેટ પર સાફાધારી યુવાનો હાથમાં ધજા લઈ અને કળશયાત્રામાં આગળનાં ભાગમાં ચાલતા હતા. જમ્મુ કાશ્મીરના પહેલગામનાં હુમલામાં ભોગ બનેલા મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે વિશેષ પહેલગામ શ્રધ્ધાંજલિ રથ માં શાંતિપાઠ દ્વારા દિવંગતોની મુક્તિ માટેની પ્રાર્થના કરવામાં આવતી હતી.

સમૂહ આરતીના અર્ધ્ય દ્વારા કળશ યાત્રાને વધાવી હતી. તે વખતે ભવ્ય આતશબાજીથી આકાશ ઝળહળી રહ્યું હતું. અંતે, કળશ યાત્રામા જોડાનાર સૌ માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.



# માણાવદર: અનસુયા ગૌધામ 'ગોવંદના - ગૌ સંવર્ધન'નું પુસ્તક પ્રકાશિત કરશે

## ગુજરાતના જાણીતા લેખક, કવિઓ અને ચિંતકો દ્વારા ગાયોની મહત્તા પર પ્રકાશ પડાયો

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**



ભારતમાં આજે જ્યારે ગાયોની દુર્દશા થઈ રહી છે ગાયો મરવા વાંકે જીવી રહી છે અને દેશની સડકો ગાયો તથા ગૌવંશથી ઉભરાઈ રહી છે ત્યારે ગાયની મહત્તા અને ઉપયોગીતા વિશે માણાવદરમાં કાર્યરત રહેલું અનસુયા ગૌધામ એક પુસ્તક દ્વારા લોકોને સમજાવવા જઈ રહ્યું છે. આ પુસ્તકમાં ગીર ગાયોના દૂધ, દહીં, ઘી, છાશ અને ગૌમૂત્રથી થતા લાભાલાભ વર્ણવાયા છે. મનુષ્યના શરીરને કાયમ તંદુરસ્ત રાખવા ગાયના દૂધ, દહીં, ઘી જ સર્વશ્રેષ્ઠ છે અને તે ક્યા ક્યા રોગને નાબૂદ કરે છે તે અંગેની ચર્ચાઓ લેખકોએ કરી છે.

ગુજરાતના જાણીતા અને અનેક એવોર્ડ સંમાનોથી વિભૂષિત થયેલા જાણીતા લેખક, કવિ, ચિંતક વિવેચક અને ઈતિહાસના જ્ઞાતા ચંદ્રકાંત પટેલ ''સરલ'' ના સંપાદન નીચે તૈયાર થઈ રહેલા આ પુસ્તકમાં ખૂબ પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત લેખકો- જેવા કે જોરાવરસિંહ જાદવ, નયન ભટ્ટ, ડો. કાલિન્દીની પરીખ, ડો. નિરંજન રાજ્યગુરુ, ડો. એમ.પી કાકડીયા, રાજુલ દવે, ડો. પ્રદીપ રાવલ, ડો. દક્ષા દવાવાળા, દુર્ગેશ ઉપાધ્યાય, ભૂપેન્દ્ર શેઠ ''નીલમ'' નટવર આહલપરા, નવીન વાછાણી, મેઘના શેઠ, વાસુદેવ પુરોહિત, ચંદ્રકાંત પટેલ તથા એવા બીજા લેખકોએ ગાયોની મહત્તા તથા પશુઓની મહત્તા ઉપર પ્રકાશ પાડ્યો છે.

રંગીન ફોર કલર આર્ટ પેપરમાં તૈયાર થઈ રહેલા આ પુસ્તકના દરેક લેખો ઘરેણા સમાન - સાચવવા જેવા છે પુસ્તક પ્રકાશનની જાણ થતાં મામલતદાર, પીઆઈ અને અનેક વિદ્વાનોએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા છે પુસ્તક બાબતે વિશેષ માહિતી મેળવવા ચંદ્રકાંત પટેલ મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪ ઉપર સંપર્ક કરવા અનસુયા ગૌધામ તરફથી જણાવાયું છે.

# રાજુલા: પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને ધારાસભ્ય વચ્ચે જુથવાદ

## સુવિધા પ્રકલ્પોના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી ઉપસ્થિત ન રહેતા લોકચર્ચા

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



રાજુલાના પુર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા લોક સુખાકારીના ત્રણ પ્રકલ્પોનો શુભારંભ સહકારી ક્ષેત્રના દિગ્ગજ આગેવાન એવા દિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો જેમાં રાજુલા તાલુકા કુષિ સેવા સહકારી મંડળી આલ્ફા ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટી તેમજ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીનો ઉદઘાટન સમારોહનું આયોજન રાજુલાના માર્કેટીંગ યાર્ડમાં કરવામાં આવ્યું જેમાં ખુબજ મોટી સંખ્યામાં અંબરીષ ડેરના ચાહકો મીત્રો તેમજ ભાજપના કાર્યકરો હાજર રહ્યા પરંતુ ભાજપના હાલના ધારાસભ્ય હિરા સોલંકી આમંત્રણ આપ્યું હોવા છતાં હાજર ન રહ્યા તેમજ હિરા સોલંકીની નજીકના હોદેદારો કાર્યકરો પણ ઉપસ્થિત ન રહેતા લોકો મા એવી ચર્ચાઓ શરૂ થઈ હતી કે ભાજપમા ચાલી રહેલો જુથવાદ સામે આવ્યો.

જો કે કાર્યક્રમમાં રાજુલા જાફરાબાદ અને ખાંભાના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા જે ઉપરથી અંબરીષ ડેર દ્વારા આ કાર્યક્રમથી પોતાનું માર્કેટીંગ યાર્ડ ખાતે યોજાયેલો ત્રિવિધ કાર્યક્રમમાં સહકારી દિગ્ગજ આગેવાન દિલીપભાઈ સંઘાણી ઉપરાંત અમરેલી અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા મનિષભાઈ સંઘાણી અરૂણભાઈ પટેલ ભાવનાબેન ગોંડલીયા પુર્વ માર્કેટીંગ યાર્ડ ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા. સંજયભાઈ ધાખડા. નાગરિક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા. જેન્તીભાઈ જાની વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ સહિત સરપંચઓ સહકારી ક્ષેત્રના આગેવાનો ભાજપના કાર્યકરો સહીત ના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા


વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, રાજકોટ
વી.વી.પી. દ્વારા ધોરણ 12 (સાયન્સ)નાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે વિના મૂલ્યે
કારકિર્દી ઘડતર સેમીનાર
ડિગ્રી એન્જીનીયરીંગ, આર્કિટેક્ચર તથા ઈન્ટીરીયર ડીઝાઈનમાં પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન અને કારકિર્દી ઘડતર
આપના તમામ પ્રશ્નોનાં સત્ય, સ્પષ્ટ અને સચોટ જવાબો
60 મિનિટનો સેમીનાર, 60 વર્ષનું કારકિર્દી અને જીવન ઘડતર
આ તક ચૂકવા જેવી નથી
તારીખ : 7 મે 2025, બુધવાર
સમય : સવારે 9:30 કલાકે
સ્થળ : પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ.
ટ્રસ્ટી :
શ્રી કૌશીકભાઈ શુકલ, શ્રી હર્ષલભાઈ મણીઆર,
શ્રી ડો. સંજીવભાઈ ઓઝા, શ્રી ડો. નરેન્દ્રભાઈ દવે, શ્રી ડો. નવીનભાઈ શેઠ
વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ
ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર
ડીચ સ્કૂલ ઓફ ડીઝાઈન
સંપર્ક સુત્ર : શ્રી નંદનભાઈ દવે - 9157716781 (એન્જીનીયરીંગ) તથા
શ્રી રજનીભાઈ રૂપારેલીયા - 9510437520 (આર્કિટેક્ચર તથા ઈન્ટીરીયર ડીઝાઈન)


# જુનાગઢ: 'વેટ રંગત' વાર્ષિકોત્સવમાં પશુપાલકો માટે ઉપયોગી પત્રિકાનું વિમોચન

## વેટરનગરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**




જુનાગઢ ખાતે વેટરનરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વેટ રંગત-૨૦૨૫ વાર્ષિકોત્સવ યોજાય હતો. જે અંતર્ગત અંતાક્ષરી કાર્યક્રમ, ફન ગેમ્સ, ટ્રેઝર હન્ટ, ડમ્બ ચેરેડ્સ, ફન ક્વીઝ, ડીજે નાઈટ તથા ઈનામ વિતરણ અને સંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

આ તકે સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ તે સાથે મહાવિદ્યાલય વાર્ષિક અહેવાલ-૨૦૨૫, કોલેજ મેગીઝીન-૨૦૨૫, પશુપાલકો માટે ઉપયોગી પત્રિકાઓનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયનાં આચાર્ય ડો. એમ. આર. ગડરિયાના માર્ગદર્શન હેઠળ ડો. ડી. બી. બારડ, ડો. આર. જે. પાડોદરા અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

# સોમનાથ: લગ્નનો ખર્ચ ઉપાડી દીકરીઓના માવતરની ફરજ નિભાવતા મીનાબેન જાદવ



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વેરાવળ-પાટણ સોમનાથ વિસ્તારમાં અનેક સેવાઓ સાથે સામાજીક કાર્ય સહિત મધ્યમ પરીવારની દિકરીઓ ઉત્સાહપૂર્વક સાસરે જાય એ હેતુસર કારડીયા રજપુત સમાજના અને નિઃસ્વાર્થ સેવાઓ બજાવનાર મીનાબેન જાદવે દીકરીઓનો સંપૂર્ણ લગ્ન ખર્ચ ઉપાડયો છે. ઘર વખરીની તમામ વસ્તુઓ વાસણ, બેડ, કપડા, ફર્નીચર સહિતની વસ્તુઓદીકરીઓને કરીયાવરમાં ભેટ આપવામાં આવશે. મીનાબેનએ નિઃસ્વાર્થ સેવા કરી નારી શકિતને ઉજાગર કરી છે. તેઓ વિવિધ સ્થળોએ દીકરીઓને ડીફેન્સની નિઃશુલ્ક ટ્રેનીંગ આપી રહ્યા છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૬૮૫મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

રજનીકાંત લીલચંદભાઈ શાહનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૮૫મું ચક્ષુદાન થયેલ છે. આ એપ્રિલ ૨૦૨૫માં વીસમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન વિજયભાઈ ડોબરીયાના સહયોગથી થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.


સમગ્ર ગુજરાતમાં સતત 10 વર્ષથી સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા!




66 YEARS
ગુજરાત બોર્ડનું પરિણામ: 83.5% વિ.પ્ર. | 93.7% સા.પ્ર.
અમરેલી જિલ્લાનું પરિણામ: 83.2% વિ.પ્ર. | 91.2% સા.પ્ર.
BEST SCHOOL AWARD
ત્યારે...
શ્રીમતી એસ. એચ. ગજેરા શાળાનું સર્વોચ્ચ પરિણામ: 98.68% વિજ્ઞાન પ્રવાહ | 98.00% સામાન્ય પ્રવાહ
આપના બાળક માટે શાળાની પસંદગી A1 અને A2 ની સંખ્યા જોઈને નહીં પરંતુ શાળાનું તમામ વિદ્યાર્થીઓનું કુલ પરિણામ જોઈને કરો.
કોમર્સ અને સાયન્સમાં રીસ્ક ન લેવાય, ગજેરા સ્કૂલમાં એડમીશન લઇ લેવાય !
આવતા વર્ષે અમે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ ઉપર પુરતું ધ્યાન આપી...
100% GUARANTEED
100% પરિણામની ખાત્રી આપીએ છીએ.
સ્કૂલ કાર્યક્ષેત્ર
નર્સરી થી ધોરણ ૧૨ (ગર્લ્સ & બોયઝ)
સાયન્સ/ કોમર્સ/ આર્ટ્સ
ગુજરાતી- અંગ્રેજી અને મિશ્ર માધ્યમ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધોરણ ૪ થી ૧૨ (ગર્લ્સ & બોયઝ)
ગર્લ્સ અને બોયઝ માટે અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ કેમ્પસ
એડમીશન હેલ્પલાઈન નંબર: 909-909-8220
વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં સરકારશ્રી અને સંસ્થા તરફથી મળતી અઢળક સ્કોલરશીપની માહિતી તથા રૂબરૂ મુલાકાત લેવા માટે આવકારીએ છીએ.
સ્થાપના વર્ષ: 1959
એક અહેસાસ ! સંપૂર્ણ કેળવણીનો
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220
Emaill: gajeracampus1959@gmail.com Web: www.vidyasabha.com
સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્નદૃષ્ટા પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા


જા.નં.:૧૯૦૦ તા.:૦૩/૦૫/૨૦૨૫

### મોરબી મહાનગરપાલિકા

### ઓનલાઈન જાહેર નિવિદા

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં એલ.ઈ.કોલેજ થી કેસરબાગ ખાતે પીવાના પાણીની DI પાઈપ લાઈન ફીટીંગ કરવાનું કામ. | ૧,૧૨૫/- | ૧૨,૬૦૦/- | ૧૨.૫૩ લાખ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મહેન્દ્રનગર ITI બસ સ્ટેન્ડ પાણીની ટાંકી થી ન્યારા પેટ્રોલ પંપ મહેન્દ્રનગર સુધી ૨૫૦mm dia ની DI પાઈપ લાઈન સીફટીંગ કરવાનું કામ. | ૧,૮૭૫/- | ૨૮,૯૦૦/- | ૨૮.૮૯ લાખ |
| ૩ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મહેન્દ્રનગર બસ સ્ટેન્ડ ઓવરહેડ ટાંકી થી CNG પંપ સુધી ૨૦૦mm dia ની PVC પાઈપ લાઈન પ્રોવાડીંગ અને ફિક્સીંગ કરવાનું કામ. | ૧,૧૨૫/- | ૧૫,૩૦૦/- | ૧૫.૨૭ લાખ |
| ૪ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શ્રી કુંજ ચોકડી થી સારસ્વત સોસાયટી સુધી ૧૫૦mm અને ૨૦૦mm dia ની DI પાઈપ લાઈન પ્રોવાડીંગ અને ફિક્સીંગ કરવાનું કામ. | ૧,૮૭૫/- | ૩૮,૧૦૦/- | ૩૮.૦૧ લાખ |
| ૫ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સુધારા શેરીમાં નવું ગેરેજ બિલ્ડીંગ તથા ઓફીસ બિલ્ડીંગ બનાવવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૧,૩૯,૧૦૭/- | ૧૩૯.૧૦ લાખ |
| ૬ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મોરબી મહાનગરપાલિકાના નવા ઓફીસ બિલ્ડીંગનું અધુરૂ કામ પૂર્ણ કરવાનું કામ. (બીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૧,૯૮,૬૨૬/- | ૧૯૮.૬૨ લાખ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૨૭/૦૫/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૧૮૯/૨૫-૨૬

તંત્રી લેખ

# કયાં સુધી ‘શુધ્ધ’ના નામે લોકોના આરોગ્ય સાથે રમત ચાલુ રહેશે?

ભારતમાં ‘શુધ્ધ’નામે ‘અશુધ્ધ’ ખાદ્ય સામગ્રી પધરાવી જન આરોગ્ય સાથે ખિલવાડ કરવાનું જાણે મસમોટું ષડયંત્ર ચાલી રહ્યું હોય તેવુંલાગી રહ્યું છે. એકપણ ચીજ વસ્તુ સંપૂર્ણ પણે શુધ્ધ નથી સમય એવો આવી ગયો છે કે ન ખાવાથી જેટલી નુકશાની લોકોને થતી નથી તેનાથી વધુ નુકશાન ખાવાથી થઈ રહી છે. માનવ જાતે પોતાને પેટને ડ્રેનેજ બનાવી દીધું છે જે તે વસ્તુ મોઢા વાટે પેટમાં પધરાવી દેવામાંઆવે છે અને પછી કયારેય સાંભળ્યા ન હોય તેવા રોગનો ભોગ બનવું પડે છે હવે એક નવોજ ક્રેઝ ચાલ્યો છે સંપૂર્ણ ‘ઓર્ગેનિક’ આ શબ્દ લોકોને ખૂબજ આકર્ષિત કરી રહ્યો છે. પાણીથી લઈ ફળફલાદી, અનાજ, કઠોળ, શાકભાજી બધુ કાગળ પર ઓર્ગેનિક મળી રહ્યું છે. પરંતુ તે વાસ્તવમાં ઓર્ગેનિકની વ્યાખ્યામાં આવતુ નથી રાજકોટમાં મિનરલ વોટર કે આર.ઓ. વોટરના ૪૯ નમૂનામાંથી ૩૯ નમુના પરિક્ષણમાં નિષ્ફળ જાહેર થયા છે. જે વાત સાબીત કરે છે કે આપડે આ પાણી પીવા માટે ખૂબજ સારૂ અને શુધ્ધ છે તે માની મિનરલ કે આર.ઓ. વોટર ગટગટાવીએ છીએ તે ખરેખર શરીર માટે ઝેરથી જરાપણ ઓછુ નથી. પનીર નકલી, ઘી નકલી, ચોખા નકી, કઠોળમાં ભેળસેળ, અનાજમાં પણ ભેળસેળ અને હવે મિનરલ વોટરમા બેકટરેરિયાનું પ્રમાણ વધુ. આ બધુ કયાં જઈને અટકશે તે કહી શકાય તેમ નથી. એક લીટર દુધના ભાવ હવે ૬૦ રૂપીયાથી વધુ થઈ ગયા છે.

આવામાં એક કીલો પનીર ૨૦૦ થી ૨૫૦ રૂપીયામાં વેંચાય તે શુધ્ધ હોવાનું કેવી રીતે માની શકાય. સરકારી તંત્રમાં પણ ભેળસેળીયા તત્વોને ઝેર કરવાની ઈચ્છાશકિતનો સ્પષ્ટ અભાવ જોવા મળે છે. જયારે મસાલા, અડદીયા, ચીકી, મીઠાઈ, ડ્રાયફૂટની સિઝન ચાલતી હોય ત્યારે તેના સેમ્પલ ચોકકસ લેવામાં આવે છે. પરંતુ જયાં સુધી આ સેમ્પલ પરિક્ષણના રિપોર્ટ આવે ત્યાં સુધી લાખો કિલો ભેળસેળયુકત ખોરાક લોકો પોતાના પેટમાં પધરાવી ચૂકયા હોય છે. અને રોગચાળાને આમંત્રણ પણ આપી ચૂકયા હોય છે. કાયદા ચોકકસ આકરા બને છે. પરંતુ તેની અમલવારી નમાલી થાય છે. જેના કારણે ભેળસેળીયા તત્વો બિન્દાસ બની લોકોના આરોગ્ય સામે રમત કરી રહ્યા છે.

# બાળકો માટે શિક્ષણ સાથે સમાજલક્ષી ઘડતર જરૂરી: મુકતાનંદજીબાપુ

## વિસાવદર: સરસઈ વિનય મંદિર તેમજ બ્રહ્માનંદ વિદ્યા મંદિર ચાપરડના સંયુકત ઉપક્રમે ત્રિવેણી કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અને શિક્ષકઓને બિરદાવ્યા









**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

સરસઈ ગામે વિનય મંદિર હાઈસ્કુલ ખાતે મુકતાનંદજીબાપુના અધ્યક્ષ સ્થાને ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં હાઈસ્કુલમાં નવા વિદ્યાર્થીઓને એડમીશન કરી આવકારવા, નિવૃત થયેલ શિક્ષક ભાટુભાઈનો વિદાય સમારોહ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના નવનિયુકત સદસ્ય નિલેશભાઈ સોનારાનો સત્કાર સમારંભ યોજવામાં આવેલ, આ ત્રિવિધ કાર્યક્રમના મુખ્ય અતિથિ સચિવ ગુ. માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના ડી.એસ. પટેલ, વિસાવદરના પ્રાંત અધિકારી સી.વી. હિરવાણીયા, વિસાવદર પત્રકાર સંઘના પ્રમુખ ગીજુભાઈ વિકમા એસ.કે. સુરાણી પૂર્વ આચાર્ય વિનય મંદિર સરસઈ પ્રમુખ ફુલાભાઈ રીબડીયા, ગામના સરપંચ ચેતન દુધાત્રા તથા ગ્રામજનો અને શાળા સ્ટાફ ઉપસ્થિત રહેલ.

મુકતાનંદજીબાપુનું ટ્રસ્ટના પ્રમુખ ફુલાભાઈ તેમજ ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવેલ. સચિવ ડી.એસ. પટેલ અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત ગ્રામજનો તથા સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. મુકતાનંદજી બાપુએ તેમના આશિવચનમાં જણાવેલ કે, ગ્રામ્ય વિસ્તારના બાળકોને સારુ શિક્ષણ મળી રહે અને શિક્ષણ સાથે સમાજ લક્ષી ઘડતર થાય તે જરૂરી છે.


નવા સત્રમાં નવમાં ધોરણના ૪૦ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવેલ. જે ઘણું સારી બાબત છે. અત્યારના પ્રાઈવેટ સ્કુલના ફિના ખર્ચ ન કરી શકતા વિદ્યાર્થીઓ સારુ ભણતર મેળવી શકે અને આગળ પ્રગતિ કરે તેવી ટકોર શિક્ષક સ્ટાફને પણ બાપુએ કહેલ હાઈસ્કુલના નવા આવેલા પ્રિન્સીપાલ રજનીભાઈ જોષીની તબીયત અચાનક ખરાબ થતાં જે ઉપસ્થિત રહી શકેલ નહી પરંતુ તે હાઈસ્કુલમાં હાજર થઈ ચાર્જ સંભાળીને તુરંત જ વિદ્યાર્થીઓના પ્રવેશ અને જાગૃતતા લાવેલ અને વાલીઓ સાથે મીટીંગ કરીને ગ્રામજનો સાથે મળીને સંખ્યા વધારવા અને એક હાલની આધુનિક સુવિધા વાળા કેમ્પસમાં અભ્યાસ માટે પ્રેરીત કરેલ પુજય બાપુએ જણાવેલ કે, હું આપની સાથે છું તન, મન, ધનથી તમો શિક્ષણમાં પુરૂ ધ્યાન આપો જયા શિક્ષણ હશે ત્યા સમજણ હશે તેવું જણાવેલ, સ્કુલનું આવડું મોટી પરીસર છે જયાં વિદ્યાર્થી ખીલી શકે અને ખેલી શકે તે શિક્ષક મિત્રોને જણાવેલ કે ઉચ્ચ ગુણવતાવાળુ સરળ શિક્ષણ આપો અને શિક્ષણને લગતું કામકાજ હોય અને મુશ્કેલી હોય તો જણાવવા જણાવેલ, ગ્રામજનોએ યુવા ઉત્સવ પૂર્વક ભાગ લઈને આ કાર્યક્રમને બિરદાવેલ આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન બ્રહ્માનંદ વિદ્યામંડળના પ્રિન્સીપાલ ભાવીનભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ.

# ‘અબતક’નો પડઘો: ધ્રાંગધ્રામાં પીજીવીસીએલ દ્વારા પ્રિ-મોનસુન કામગીરી શરૂ

## પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ અને બાવળની ઝાડીઓ સાફ કરવામાં આવશે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં આવેલા પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ ખુલ્લા છે અને બાવળની ઝાડીઓ પણ ઉગી નીકળી છે. જેમાં પીજીવીસીએલની પ્રી મોસમ કામગીરી ઉપર અનેક સવાનો ઉઠી રહા છે. લોકો દ્વારા આ અંગે પી.જી.વી.સી.એલ.મા અનેક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર કોઈ જ કાર્યવાહી હાથ ધરતું નથી તો શું પીજીવીસીએલ કોઈ મોટી જાન હાની થાય તેની રાહ જોઈ રહ્યું છે તેવા અનેક સવાલો ઉઠી રહ્યા હતા તે ગઈકાલે ‘અબતક’ મીડિયાના અહેવાલ દ્વારા પીજીવીસીએલ દ્વારા પ્રી-મોસમની કામગીરી તત્કાલીક શરૂ કરવામાં આવી હતી અને જાડી બાવળ કાપવાનું કામ શરૂ કરાયું. જેમ પીજીવીસીએલની પ્રી-મોસમ કામગીરી ખાલી કાગળ ઉપર જ હોય તેવું દેખાય રહ્યું છે પરંતુ પી.જી.વી.સી.એલ. દ્વારા ધાંગધ્રા શહેરમાં ટ્રાન્સફોર્મરની બહાર બાવળની ઝાડીઓ સાફ કરવામાં આવી નથી. જેમાં પીજીવીસીલની પ્રી-મોસમ કામગીરી ઉપર અનેક સવાલો ઉઠ્યા હતા. આ અંગે કોઈ યોગ્ય રીતે બાવળની જાળીઓની સફાઈ કરવામાં નહીં આવે તો શહેરમાં મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. તેવી દહેશત વ્યક્ત થઈ હતી ત્યારે ‘અબતક’ ન્યુઝના પ્રતિનિધિ સલીમ ઘાંચી દ્વારા અહેવાલ પ્રસ્તુત કરાતા પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા તત્કાલિક એક્શનમાં આવી અને પ્રી મોસમ કામગીરીને લઈને તત્કાલિક કામ ચાલુ કરવામાં આવ્યું હતું.


ધ્રાંગધ્રામાં પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ ખુલ્લા: મોટી દુર્ઘટનાની ભીતિ

સામાજિક કાર્યકરો દ્વારા નાયબ કાર્યપાલક એન્જિનિયરને તાત્કાલિક કાર્યવાહી કરવા રજુઆત



# કાલાવડ તાલુકા ભાજપ મહામંત્રી તરીકે ભાવેશ વિરડીયા અને અંબાલાલસિંહ જાડેજાની વરણી





**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અને ચૂંટણી સમિતિ દ્વારા કાલાવડ તાલુકા મંડળના હોદેદારોની નિમણૂક કરવામાં આવી જેમાં શિક્ષણવિદ, કાલાવડ તાલુકા ખાનગી શાળા સંચાલક મંડળના પ્રમુખ અને કેવલમ વિધાપીઠના ટ્રસ્ટી, પટેલ સમાજના આગેવાન એવા ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્ય નિકાવા ગામના ભાવેશભાઈ વિરડીયા તેમજ ક્ષત્રિય સમાજના આગેવાન એવા ગુંદા ગામના અંબાલાલસિંહ જાડેજાની કાલાવડ તાલુકા ભાજપના મહામંત્રી તરીકે વરણી કરવામાં આવતા આ બને મહામંત્રીઓ ને તાલુકા ભાજપ પરિવાર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# અમરેલીમાં અનુબંધમ પોર્ટલના માધ્યમથી ગુરૂવારે રોજગાર ભરતી મેળો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે રાજ્યના અગ્રગણ્ય એકમ યુવા શકિત ફાઉન્ડેશન શાપર જિ.રાજકોટ માટે મશીન ઓપરેટર (પુરુષ ઉમેદવારો માટે જ) તેમજ ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરુપ ધો.૫ થી ધો.૯, ધો.૧૦ પાસ, ધો.૧૨, આઈ.ટી.આઈ. તમામ, સ્નાતક, ડિપ્લોમા, બીઈ, બી.ટેક અને બોનાન્સ લ્યુક્ષ સલુન માટે બ્યુટિશિયન હેર ડ્રેસર, કેરિયર સ્ટોક મેનેજર ફલોર મેનેજર તેમજ ૧૮ થી ૨૭ વર્ષની વય મર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરુપ બ્યુટીશ્યિન, હેર ડ્રેસર - ધો. ૧૦ (કોમ્પ્યુટર નોલેજ), બ્યુટીપાર્લરનો કોર્ષ કર્યો હશે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે.

કેશિયર-બીકોમ, એમ.કોમ., સ્ટોક મેનેજર, ફ્લોર મેનેજર-બી.બી.એ, એમ.બી.એ. સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતીમેળાનું આયોજન તા.૦૮ મે, ૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન,અમરેલી ખાતે કરવામાં આવ્યું છે.

અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી કરવાની રહેશે, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે...

# ધારી: ભટવાવડીમાં બગલામુખી માતાજીના પાટોત્સવની ભક્તિ સાથે ઉજવણી

## શાસ્ત્રોકત વીધી સાથે માતાજીનું પૂજન, સમસ્ત ગામે ધુમાડા બંધ ભોજનનો લાભ લીધો: ભાવિકો ઉમટ્યા

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી નજીક આવેલ ભટવાવડી ગામમાં શ્રીબગલામુખી માતાજીનો પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ૧૦ વિદ્યામાં જેનો ઉલ્લેખ છે એવા શ્રી બગલામુખી માતાજીનું મંદિર આખા સૌરાષ્ટ્રમાં માત્ર ધારી નજીક ભટવાવડી ગામમાં જ છે.

તમામ શક્તિના દાતા એવા બગલામુખી માતાજીનો પાટોત્સવ ની ઉજવણી ખૂબ જ ભક્તિ તેમજ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી.



બગલામુખી માતાજીના મંદિરના મુખ્ય ટ્રસ્ટી ગાયત્રી દેવી તેમજ તેમના પરિવાર દ્વારા પ્રથમ માતાજીનો શાસ્ત્રોતત્વ વીધી મુજબ માતાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિશ્વ શાંતિ માટે મોટા યજ્ઞનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. બગલામુખી માતાજી ના પાટોત્સવ મા સમસ્ત ગામને ધુમાડા બંધ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ખૂબ જ મોટી સંખ્યામાં લોકો આ માતાજીના પાટોત્સવમાં હાજર રહ્યા હતા. ભોજન અને ભજનનો સુંદર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


# ઉપલેટામાં સ્વ.નર્મદાબેન સિણોજીયાની સ્મૃતિમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

## પૂર્વ સાંસદ બળવંત મણવર અને દેવરાજ ગઢવી રહેશે ઉપસ્થિત

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

શહેરના સેવાભાવી અને સીનીયર સીટીઝન કેશુબાપા (કે.ડી.) સિણોજીયા પરિવાર દ્વારા પરિવારના મોભી સ્વ.નર્મદાબેન સિણોજીયાની સ્મૃતિમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર-ઉપલેટા, કેશવ જીવદયા ગૃપ-મુંબઈ રાધે મહિલા સત્સંગ ગૃપના સંયુક્ત ઉપક્રમે તા.૧૮ને રવિવાર સવારે ૯ થી ૧૨ વિજળી રોડ ઉપર આવેલ જુલેલાલ હોલ ખાતે સ્વ.નર્મદાબેન કેશુભાઈ સિણોજીયાની સ્મૃતિમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પના મુખ્ય



દાતા સંજયભાઈ રૂપેશભાઈ, નયનભાઈ સિણોજીયા તેમજ આર.ડી.સી. બેન્કના નિવૃત્ત મેનેજર કે.ડી.સિણોજીયા પરિવાર છે. આ કેમ્પમાં આંખના ઓપરેશન કેમ્પ, હાથ, પગ, મણકા, કમર, ઘુંટણના દુઃખાવા, પેરાલીસીસ, હૃદયરોગ, ડાયાબીટીસ, બી.પી.ની પ્રાથમિક તપાસ કરવામાં આવશે. ઉપરાંત સુજોક સારવાર, નિદાન, પંચતત્વ સારવાર, લેસરગનની કોઈપણ દુઃખાવાની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. આ કેમ્પમાં ડો.એલ.એમ.કણસાગરા, દિનેશભાઈ ખખ્ખર, ચાંદનીબેન ઉપાધ્યાય, પ્રો.હિરાલાલ મોરી, ડો.અર્જુનભાઈ બાબરીયા સહિતના ડોકટરો સેવા આપશે. આ કેમ્પમાં પૂર્વ સાંસદ બળવંતભાઈ મણવર, લોકસાહિત્યકાર દેવરાજભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં નામ નોંધાવા માટે માનવ સેવા ટ્રસ્ટના લાલજીભાઈ રાઠોડ મો.નં.૮૦૦૦૩૮૨૩૮૨ અને ૯૪૨૯૩ ૫૧૦૨૨ ઉપર વહેલા તે પહેલાના ધોરણ નામ નોંધવામાં આવશે.

# ઉપલેટા: પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૧૬ હજાર ચોપડાનું રાહતદરે વિતરણ

## શિક્ષણ સેવા કાર્યને છગનભાઈ, હરિભાઈ, નરસીહભાઈ સહિતનાઓ બિરદાવ્યું


તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં છેલ્લા સાત વર્ષ થયા શિક્ષણ પ્રવૃત્તિને વેગ આપવા શહેરના તમામ સમાજના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ચોપડાનું વિતરણ પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા વેકેશન ખુલતા પૂર્વ કરવામાં આવે છે. આ વર્ષે પણ વિતરણ કરવામાં આવતા બે કલાકમાં ૧૬ હજાર ચોપડાનું રાહત દરે વિતરણ કરેલ હતુ તે સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા આવકારવામાં આવ્યું હતુ.

શહેરના બાપુના બાવલા ચોકમાં દર વર્ષની જેમ સાતમાં વર્ષે પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા વેકેશન ખુલતા પૂર્વ ફુલ કેપ ૧૬ હજાર ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતુ. આ સેવાકીય શિક્ષણ કાર્યને બિરદાવવા પુર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા યાર્ડના પ્રમુખ હરિભાઈ ઠુંમર, આર.ડી.સી. બેંકના ડિરેકટર નરસિંહભાઈ મુંગલપરા હાજર રહી પટેલ સેવા સમાજ ટ્રસ્ટની સેવાકીય કામગીરી બિરદાવી આયોજકોને અભિનંદન આપ્યા હતા. આ તકે પાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, તાલુકા સંઘના પ્રમુખ ગોપાલભાઈ સખીયા, લેઉવા પટેલ સમાજના મંત્રક્ષ દામજીભાઈ રામાણી, ટ્રસ્ટી મંડળના મુકેશભાઈ ડોબરીયા, વિઠલભાઈ સોજીત્રા, ભરતભાઈ રાણપરીયા, કિરીટભાઈ પાદરીયા, નરેશભાઈ લકકડ મનસુખભાઈ કપુપરા, વલ્લભ વિદ્યાલય સ્કુલના એમ.ડી. વલ્લભભાઈ સોજીત્રા, સમાજ શ્રેષ્ઠીઓ ભરતભાઈ ગજેરા, રસીકભાઈ સોજીત્રા, પટેલ સેવા ટ્રસ્ટના પ્રમુખ ઉતમભાઈ ઠુંમર, મંત્રી જસ્મીતભાઈ વસોયા, જ્ઞાતિ સમાજ શ્રેષ્ઠી આગેવાનો જોડાયા હતા. આ કાર્યને સફળ બનાવવામાં રાજુભાઈ વસોયા, અલ્પેશ વાગડીયા,બાસુભાઈ, બાવભાઈ સોજીત્રા સહિત મહેનત કરી હતી.

# સુત્રાપાડામાં રેડક્રોસ રથના વધામણાં કરતા પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડ

## રેડક્રોસ રથ દ્વારા થેલેસેમીયા જાગૃતિ અભિયાન હાથ ધરાશે

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



સમગ્ર વિશ્વમાં ૦૮ મેં ના રોજ વિશ્વ રેડક્રોસ દિવસ/ થેલેસેમીયા દિવસ નિમિત્તે ‘‘રેડક્રોસ રથ’’ના આગમનનું સુત્રાપાડા ખાતે પુષ્પવર્ષા કરી સ્વાગત કરતા પુર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુત્રાપાડા તાલુકા શાખાના ચેરમેન અજયભાઈ બારડ ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા ‘‘રેડક્રોસ રથ’’ ગુજરાત રાજ્યની તમામ જીલ્લા તથા તાલુકા શાખામા રેડક્રોસ રથ દ્વારા થેલેસેમીયા જાગૃતી અભિયાન અંતર્ગત રથનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સુત્રાપાડા ખાતે આગમન થયું હતું. તેના સ્વાગત અંતર્ગત પુર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુત્રાપાડા તાલુકા શાખાના પ્રમુખ અજયભાઈ બારડ, સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખ મનુભાઈ બારડ ઉપ પ્રમુખ નરેશભાઈ કામળિયા, મેરૂભાઈ મેર, રામભાઈ પટેલ, રામસિંહ મોરી, રામભાઈ ઝાલા, શહેર પ્રમુખ ભાજપ સુત્રાપાડા સુરસિંહ મોરી, અનુપમભાઈ ખેર, ભીખુભાઈ દરબાર, દિલીપભાઈ જાદવ, મનુભાઈ બારડ, સંજયભાઈ મોરી, અંરવિદ બારડ, પાઠક સાહેબ,રવિભાઈ બારડ, વિજય બાપુ, વિજયભાઈ મેઘાણી, જશુભાઈ રબારી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુત્રાપાડા તાલુકા શાખાના તમામ સભ્યો, સંગઠનના તમામ હોદેદારો નગરપાલિકા સભ્યો તથા સ્ટાફ ગણ હાજર રહ્યા હતા.

# અંજાર: વિવિધ વિસ્તારમાં દબાણો દૂર કરવા સંકલન સમિતિની બેઠકમાં સૂચના અપાઈ

## પ્રાંત અધિકારી અને ધારાસભ્યની હાજરીમાં સંકલન સમિતિની બેઠક મળી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારમાં વકરતી જતી ટ્રાફિક સમસ્યાથી લોકો પરેશાન થઈ રહ્યા છે. શહેરમાં વિવિધ સ્થળોએ જે દબાણો છે, તેનો સર્વે કરીને ત્વરિત દબાણ હટાવવા તાલુકા સંકલન બેઠકમાં સૂચના આપવામાં આવી હતી.અંજારનાં પ્રાંત અધિકારી, ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા સહિતનાં અધિકારી તથા પદાધિકારીની હાજરીમાં મળેલી તાલુકા સંકલન બેઠકમાં

અંજાર-આદિપુર ગોલાઈ પર અગાઉ દબાણ દૂર કરવામાં આવેલી જગ્યાએ ફરીથી રેંકડી ઊભી કરવામાં આવેલ હોવાથી દૂર કરવા માર્ગ અને મકાન વિભાગને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત સિટી સર્વે કચેરીને મંજૂર કરવામાં આવેલ



જગ્યા પર બાંધકામ બાદ પાર્કિંગ માટે વ્યવસ્થા કરવા જણાવાયું હતું. સંઘડ વે-બિજથી વીરા વચ્ચે મંજૂર થયેલ રોડનું કામ તાત્કાલિક પૂર્ણ કરવા, શાકમાર્કેટની સામે તથા ગંગા નાકા પાસે આવેલ કુંભાર ચોકમાં જે ગેરકાયદેસર દબાણ છે તે દૂર કરવા અને નગરપાલિકા, શાળા તેમજ હોસ્પિટલોની આજુ-બાજુમાં તેમજ જાહેર જગ્યાઓ પર દબાણ આઈન્ડેન્ટિફાઈ કરી નિયામાનુસાર દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. કળશ સર્કલથી સતાપર ફાટક સુધીના રોડમાં ખાડા થઈ ગયેલ હોઈ ટ્રાફિકની સમસ્યા ઊભી થતી હોવાથી તે રિપેર કરવા અંજાર બાયપાસ રોડનું કામ કરવામાં આવતી સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી.

# લખતર પાસે એસ.ટી.બસને અકસ્માત નડયો

## ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ રોડની સાઈડમાં ઉતરી



**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર થી લખતર તરફ જઈ રહેલ એસ.ટી. બસના ચાલકે ઝમર ગામના પાટીયા પાસે બાઈક સવાર તેમજ ઢોરને બચાવવા જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં બસ રોડની સાઈડમાં ખાડમાં ઉતરી જતા દોડધામ મચી જવા પામી હતી સદનસીબે બસમાં સવાર ૯ જેટલા પેસેન્જરો તેમજ ડ્રાઈવર અને કંડકટરનો આબાદ બચાવ થતાં દુર્ઘટના ટળી હતી જ્યારે અન્ય એસ.ટી.બસ મારફતે મુસાફરોને રવાના કરવામાં આવ્યા હતા.

# વઢવાણ સાસરીયાના ત્રાસથી કુળવધુનો આપઘાત

## પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવારમાં મોતઃ ભોગ બનનાર પરણિતાના ભાઈએ પતિ અને સસરા સામે ફરિયાદ નોંધાવી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ત્યારે વઢવાણ શહેરી વિસ્તારમાં પીયરમાં પરણિતાએ થોડા દિવસો પહેલા સાસરીયા પક્ષના ત્રાસના કારણે ઝેરી દવા પી પરણિતાનું મોત નીપજતા પરિવારજને અમદાવાદ ખાતે રહેતા પતિ અને સસરા સામે શારીરિક અને માનસીક ત્રાસ આપી પરણિતાને મરવા માટે મજબુર કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ-લીંબડી રોડ પર ધાંચીના કબ્રસ્તાનમાં રહેતા ફરિયાદી સિકંદરભાઈ કાસમભાઈ ફકીરની બહેન રુકશાનાબાનુ ઉર્ફે મુસ્કાનના લગ્ન અંદાજે ૧૦ મહિના પહેલા અમદાવાદના પીરાણા ગામ ખાતે રહેતા સુલતાનશા નનુશા દિવાન સાથે થયા હતા અને આ લગ્નજીવન દરમ્યાન પતિ તેમજ સસરા નનુશા અવાર-નવાર ફરિયાદીની બહેનને મેણા ટોણાં મારી ઝઘડો કરતા હતા તેમજ શારીરિક અને માનસીક ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હતા. આથી ફરિયાદી અને તેમના પરિવારજનો બહેનને વઢવાણ ખાતે પીયરમાં તેડી આવ્યા હતા. તેમછતાંય પતિ અને સસરા ત્રાસ ગુજારતા હતા અને ધમકીઓ આપી સબંધ નહિં રાખવાનું જણાવતા ફરિયાદીની બહેને ગત તા.૧૯ એપ્રિલના રોજ ફરિયાદીના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સુરેન્દ્રનગર અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા જ્યાં તા.૨ મે સુધી સારવાર દરમ્યાન કોઈ સુધારો ન થતાં રજા આપતા વઢવાણ ફરિયાદીના ઘેર લઈ આવ્યા હતા જ્યાં તબીયત લથડતા સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પીટલ લઈ ગયા હતા પરંતુ ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. આથી ફરિયાદીએ વઢવાણ પોલીસ મથકે ભોગ બનનારના પતિ સુલતાનશા નનુશા દિવાન અને સસરા નનુશા લાલશા દિવાન બંને રહે.પીરાણા તા.દસકોઈ સામે શારીરિક અને માનસીક ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી મરવા માટે મજબુર કર્યાની ફરિયાદ નોંધાવતા વઢવાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં હથિયાર લાયસન્સના નિયમનો ભંગ કરનાર નિવૃત્ત પોલીસમેનનો પુત્ર ઝડપાયો

## જાહેરમાં રીવોલ્વર કમરમાં દેખાય તે રીતે બાંધીને પટેલ કોલોનીમાં સીનસપાટા નાખતો હોવાથી પોલીસે પકડી લઈ સીન વિખી નાખ્યા



**અબતક,જામનગર**

જામનગર શહેરના પટેલ કોલોનીમાં જાહેરમાં લાયસન્સવાળું હથીયાર રીવોલ્વર કમરમાં જાહેરમાં દેખાય તે રીતે બાંધીને નિયમનો ભંગ કરીને સીનસપાટા કરતા નિવૃત્ત પોલીસ જમાદાર ના પુત્ર ને પોલીસે ઝડપી લીધો છે અને તેની પાસેથી રૂ.૧ લાખની કિંમતની રીવોલ્વર કબજે કરી છે. શહેરના પટેલ કોલોની બજરંગ ઢોસા વાળી ગલીમાં શક્તિસિંહ જાડેજા (રે.રામેશ્વરનગર ભોળેશ્વર સોસાયટી-જામનગર) નામનો વ્યક્તિ કે જે નિવૃત્ત પોલીસકર્મી નો પુત્ર છે, જે પોતાની કમરમાં હથિયાર બાંધી સ્પષ્ટ દેખાય તે રીતે જાહેરમાં નિકળી સીનસપાટા મારી રહ્યો હતો. આ સમયે પેટ્રોલીંગમાં રહેલા સિટી બી. ડિવિઝન ના પી.આઈ. પી.પી.ઝા અને તેઓના સ્ટાફે તેને આંતરી લીધો હતો, અને સૌપ્રથમ તેમના સીન વિખેરી નાખ્યા હતા. જેના હથીયાર પરવાના બાબતે પુછતા તેણે હથિયારનું લાયસન્સ બતાવેલ હતું. અને આત્મરક્ષણ માટે હથીયાર મેળવેલું હોવાનું જણાવતાં પોલીસે હાલ કોનાથી ભય, બીક કે ખતરો છે. તે બાબતે પુછતાં તેણે કોઈ સંતોષ કારક જવાબ આપેલો ન હતો. ઉપરોક્ત શખસ પોતાનું લાયસન્સવાળુ હથીયાર રીવોલ્વર પોતાની ધાક જમાવવા માટે સીનસપાટો કરી હથીયાર લાયસન્સનો ભંગ કરતો હોવાથી પીઆઈ પી.પી. ઝા અને તેમની ટીમે શક્તિસિંહ જાડેજા સામે આમર્સ એકટ કલમ રૂલ્સ ૩૨(૨)નો ભંગ અંગેનો ગુનો નોંધીને તેને નોટિસ પાઠવી છે ઉપરાંત અદાલત કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે જ્યારે તેની પાસેથી ૩૨ બોરની રૂ.૧ લાખની કિંમતની રિવોલ્વર કબજે કરી છે. અને જામનગરના જિલ્લા કલેકટર કચેરી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સહિતના વિભાગમાં અરજી કરીને આગળની તપાસ ચલાવાઈ રહી છે.


# ધ્રાંગધ્રાઃ ગૌરવ પંથ રોડ ઉપર એક જ દિવસમાં ત્રણ અકસ્માત



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં ગૌરવંથ રોડ ઉપર હાલ ડીવાઈડર નું કામ ચાલી રહ્યું છે ડામર રોડ નું પણ સાથે કામ ચાલી રહ્યું છે ત્યારે લોખંડની જાળી ફીટીંગ નું કામ કાર્યરત છે ત્યારે રોડની સાઈડ અવર-જવર કરવાના લોકોને બાજુની સાઈડમાં આવતું વાહન નજરે નહિ પડ્યા અકસ્માત થવા નો ભય રહેલો છે લોખંડની ગ્રીલ ની ડિઝાઈન અકસ્માત નોતરે એવી બની હોય એવી લોક મૂકે ચર્ચાઓ થઈ રહી છે ડિવાઈડર ઉપર લોખંડના ગ્રીલની સાઈઝ અતિશય વધારે ઊંચાઈ અને વચ્ચેના ભાગમાં યોગ્ય જગ્યા નહિ રાખતા સામે ની સાઈડ થી આવેલ વાહન યોગ્ય રીતે ન દેખાતા અકસ્માત થવાનો ભય બતાવી રહ્યો છે ત્યારે સાંજના સમયે હળવદ રોડ થી ફુલેશ્વર મંદિર સુધી વિસ્તારમાં વધુ પડતા લોકો ખાણીપીણી તેમજ અવરજવર થતી હોય છે ત્યારે કસ્બા ની બારી પાસે એક જ દિવસમાં ત્રણ ફોરવીલ ગાડી ના ડિવાઈડર સાથે અથડાઈને અકસ્માત થયા હતો ત્યારે ધ્રાંગધ્રા નગરપાલિકા દ્વારા ડિવાઈડર નું કામ યોગ્ય રીતે થાય અને યોગ્ય રીતે લોખંડના ગ્રીલ ની ડિઝાઈન બનાવવામાં આવે અને ગ્રીલ ઊંચાઈ ની સાઈઝ ઓછી કરવામાં આવે એવી લોકમાંગ ઉઠવા પામી હતી સદનસીબે કોઈ જાનહાનિ થયેલ ન હતું ફોરવીલ ગાડીના ચાલો કોને નાની ઈજા પામેલ હતી.

# ગાંધીધામ કોર્પોરેશનના કમિશનરની ટૂંકાગાળામાં ગાંધીનગર ખાતે બદલી



**અબતક, ભારતીય માખીજાણી, ગાંધીધામ**

રાજ્ય સરકાર દ્વારા ગાંધીધામ સહિત નવ નગરપાલિકાઓને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. કોર્પોરેશનના પ્રથમ કમિશનર તરીકે ભુજ કલેક્ટર કચેરીમાં સેવા આપતાં મિતેશ પંડ્યાને મૂકવામાં આવ્યા હતા. ચાર મહિનાના સમયગાળામાં જ તેમની બદલી ગાંધીનગર ખાતે રજિસ્ટ્રાર તરીકે કો- ઓપરેટિવમાં કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જાન્યુઆરીથી શરૂ કરવામાં આવેલી તેમની ગાંધીધામની સફર દરમિયાન તેમણે વિવિધ પ્રોજેક્ટો પર ચર્ચા - વિચારણા કરી હતી. છેલ્લે શાખા અધિકારીઓ સાથે બેઠક યોજીને ૨૦૦ કરોડના કોર્પોરેશનના ફ્યુચર પ્લાનિંગ અંગે પણ સૂચના આપી હતી. કોર્પોરેશનનું પ્રથમ ૬૦૮ કરોડનું બજેટ પણ તેમણે તૈયાર કર્યું હતું. હાલમાં તેમની જગ્યાએ અન્ય કોઈની હજુ નિયુક્તિ કરાઈ નથી.

# જૂનાગઢઃ વચગાળા જામીન બાદ કેદી વોન્ટેડ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મૂળ જૂનાગઢનો અને ભુજની પાલારા ખાસ જેલનો કેદી મહેશ ઉર્ફે ભદો પેરોલ મેળવી ફરાર થઈ જતા આ ફરાર કેદી સામે જુનાગઢ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ફરાર કેદીની શોધખોળ જારી કરી છે. ભુજની પાલારા ખાસ જેલનો પાકા કામના અને મુળ જૂનાગઢના ધરાનગરમાં રહેતો મહેશ ઉર્ફે ભદો મુળજીભાઈ ચૌહાણ ગુજરાત હાઈકોર્ટના હુકમથી ૭ દિવસના વચગાળા મંજુર થતાં ગત તા.૨૬/૧૧/૨૪ ના રોજ ભુજની પાલારા જેલથી વચગાળા પર મુકત થયેલ અને તા.૦૪/૧૨/૨૪ ના રોજ મહેશ ઉર્ફે ભદો ને જેલમાં પરત હાજર થવાનુ હતુ પરંતુ હાજર ન થતા ભુજની પાલારા જેલના કર્મી એ.જી. વ્યાસ એ જુનાગઢ એ ડિવિઝન પોલીસમાં ભાગેડુ કેદી મહેશ ઉર્ફે બધો ચૌહાણ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર કેદી ને શોધવા તજવીજ હાથ ધરી છે.

# થાનઃ સરકારી આવાસમાં બે ભાઈને લાકડી વડે માર માર્યો

## માતા સાથે રકઝક કરવાનું મનદુઃખ રાખી પાંચ શખ્સોએ મારમાર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાનના મોરથળા રોડ પર આવેલ સરકારી આવાસ યોજનાના ક્વાટર પાસે પાંચ શખ્સોએ બે ભાઈઓને સામાન્ય બોલાચાલી બાબતનું મનદુઃખ રાખી આડેધડ લાકડીઓ વડે મારમારી ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનારે પાંચ શખ્સો સામે થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થાન મોરથળા રોડ પર આવેલ સરકારી આવાસ યોજનાના કવાટરમાં રહેતા ફરિયાદી અમોલભાઈ મહાદેવભાઈ ભોંગરનો ભાઈ શંકર બાઈકમાં પેટ્રોલ નહિં હોવાથી તેમની માતા સાથે પેટ્રેલ ભરવાના રૂપિયા બાબતે રકઝક કરતો હતો તે દરમ્યાન આવાસમાં આવેલ બગીચામાં બેસેલ ડચુભાઈ જોરૂભાઈ દેવીપુજક રહે. થાનવાળા તેમજ અન્ય ચાર અજાણ્યા શખ્સોએ આવી આવાસમાં ગાળો નહિં બોલવાનું જણાવી એકસંપ થઈ ફરિયાદી અને તેમના ભાઈને લાકડી વડે મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ થાન પોલીસ મથકે ડચુભાઈ દેવીપુજક અને અન્ય ચાર અજાણ્યા શખ્સો સહિત કુલ પાંચ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટામાં રાયોટીંગના ગુનાનાં આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પરઃ મોડી રાત્રે કોર્ટે હુકમ કર્યો




**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં બે દિવસ પહેલા થયેલી મારામારી ઘટના બાદ પરિસ્થિતિ કાબુ બહાર જાય તેવુ લાગતા ૧૫૦ જણાના ટોળા સામે રાયોટીંગનો ગુનો દાખલ કરી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.

શહેરના મુસ્લીમ વિસ્તારમાં ૧૫૦ જણાના ટોળા સામે ઘસી ગયેલા મેહુલ ચંદ્રવાડીયા, મયુર સોલંકી, અને જીલુ સુવા સહિતનાઓ સામે જિલ્લા પોલીસ વડાની સિધી દેખરેખ નીચે રાયોટીંગનો ગુનો દાખલ કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. વધુ તપાસ માટે કોર્ટમાં રજૂ કરતા અદાલતે ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. (તસ્વીરઃ શહેઝાદ બાદશાહ)

# ગાંધીધામઃ બાંગ્લાદેશી ઘુસણખોર ઝડપાયો



**અબતક ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ તાલુકાના ચોપડવા નજીક આવેલા લાકડાંના બેન્સામાં રહી કામ કરતા બાંગલાદેશીને પોલીસે પકડી પાડયો હતો. પૂર્વ કચ્છમાં અનઅધિકૃત રીતે વસવાટ કરતા બાંગલાદેશી નાગરિકોને શોધી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓએ ખાસ સૂચના આપી હતી. જેના પગલે પૂર્વ કચ્છ એસ.ઓ.જી. આવા શખ્સોને શોધી કાઢવા શોધખોળ કરી રહી હતી. દરમ્યાન ચોપડવા ગામની સીમમાં આવેલી પ્રણામ પ્લાય નામની કંપનીમાં રહી અને કામ કરનાર શખ્સ બાંગલાદેશી હોવાની અને અનઅધિકૃત રીતે અહીં રહેતો હોવાની પૂર્વ બાતમી પોલીસને મળી હતી. બાંગલાદેશની સીમા ઓળંગી છેક અહીં પહોંચી આવેલા જકરિયા ઉર્ફે જીબન અમીનુલ સરકારને પોલીસે ઝડપી પાડયો હતો. તેની પૂછપરછ દરમ્યાન આ શખ્સ બાંગલાદેશી હોવાનું બહાર આવ્યું હતું. આ શખ્સ કેવી રીતે અહીં આવ્યો ? તેની મદદ કોણે કરી ? અને તેની સાથે અન્ય કોણ કોણ આવ્યા હતા તે સહિતની આગળની તપાસ પોલીસે હાથ ધરી છે. આ કામગીરીમાં પો.ઈન્સ એસ.ઓ.જી.ની સુચનાથી એ.એસ.આઈ હરપાલસિંહ હનુભા,અશોકભાઈ જુમાભાઈ તથા પો.હેડ.કોન્સ વિશ્વજીતસિંહ ભરતસિંહ, હેમુભાઈ રણછોડભાઈ તથા એસ.ઓ.જી. સ્ટાફ જોડાયેલ હતો.

# જૂનાગઢઃ ત્રણ હત્યારાને ઉઠાવી લેતી ક્રાઈમ બ્રાંચ

## મજેવડી ગામના યુવાન પર તિક્ષ્ણ હથિયાર વડે ઢીમ ઢાળી દીધું'તું


**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ તાલુકાના મજેવડીના યુવકની હત્યા કરનાર ત્રણ હત્યારાઓને જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ ટીમે જુનાગઢ માંથી ઝડપી પાડી, આગળની કાર્યવાહી માટે જુનાગઢ તાલુકા પોલીસને સોંપી આપ્યા હતા.

જુનાગઢ તાલુકાના મજેવડી ગામે ગત ૩ મેના રોજ રાત્રિના ૮ વાગ્યાના અરસામાં રિયાઝભાઈ અલારખાભાઈ ભટ્ટી નામના યુવક ઉપર સદામ કાસમભાઈ, સમીર સલીમ ઉર્ફે ચકો હોથી, અને રાજકોટનો મનીષ ઉર્ફે ભોથીયો નામના ત્રણ શખ્સ ત્રીપલ સવારી મોટરસાયકલ પર આવી, તલવાર, કુહાડી, લોખંડના પાઈપ વડે હુમલો કરી, ગંભીર ઈજા પહોંચાડી, હત્યા નીપજાવી હતી. આ ઘટના બાદ ત્રણેય આરોપીઓ નાસી છૂટ્યા હતા. જે અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા જુનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ તાલુકા પોલીસ, એલસીબી અને એસઓજીની ત્રણ ટીમ આરોપીને પકડવા સક્રિય બની હતી. દરમિયાન સોમવારે ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.જે. પટેલની ટીમને મળેલ બાતમીના આધારે આ ત્રણેય હત્યારા આરોપીઓને જૂનાગઢમાંથી પકડી પાડી, જુનાગઢ તાલુકા પોલીસને આગળની કાર્યવાહી માટે સોપી આપ્યા હતા.

## અકસ્માત મૃત્યુ સહાય પેટે

# અમરેલી નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદના વારસદારને ૧ લાખનો ચેક અર્પણ



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી નાગરિક સહકારી બેંક લી.ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદના વારસદારને બેંક તરફથી રૂા. ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે સ્વ. પંકજભાઈ કનુભાઈ કારેલીયાના વારસદાર તેમના પત્ની રૂપાબેન પંકજભાઈ કારેલીયાને ચેક આપવામાં આવેલ છે. સભાસદના વારસદારને રૂા.૧ લાખ ના ચેકનું અર્પણ બેંકના ચેરમેન જયેશભાઈ એમ. નાકરાણી, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ બી. સંઘાણી, બેંકના વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા તથા બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયા દ્વારા કરવામાં આવેલ છે. અમરેલી નાગરિક સહકારી બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે એમ બેંકના આસી. મેનેજર સંજયભાઈ રાજપરાની સંયુકત યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢઃ પોલીસ પર હુમલો કરનાર યાસ્મીન બેલીમની ધરપકડ

**અબતક,દર્શન જોશી,જુનાગઢ**

બે વર્ષ પૂર્વે બનેલ મજેવડી દરવાજા ઘટનાના ફરાર આરોપી મહિલાને જુનાગઢ એલસીબી એ તેના ઘર પાસેથી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બે વર્ષ અગાઉ જૂનાગઢ શહેરના મજેવડી દરવાજા પાસે પોલીસ પર હુમલો, ફરજમાં રૂકાવટ, હત્યા, હત્યાની કોશિશ સહિતની કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. જે ગુનામાં જૂનાગઢ શહેરના રામદેવ પરા વિસ્તારમાં, ગેસ ગોડાઉન પાસે રહેતા ૫૦ વર્ષીય યાસ્મીનબેન ઉર્ફે કાળીબેન મહમદભાઈ બેલીમ નામની મહિલાનું નામ ખુલેલ હોય અને તે બે વર્ષથી ફરારા હતા, ત્યારે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.જે. પટેલની ટીમે હકીકતના આધારે તપાસ કરતા યાસ્મીનબેન તેના રહેણાંક મકાન પાસેથી મળી આવતા તેણીને પકડી પાડી, હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકા પાલિકાના કર્મચારીઓને કાયમી કરવાનો હાઈકોર્ટ ચૂકાદો

## ૨૭ શ્રમયોગીઓને કાયમી કરવાના ચુકાદાનું ૮ અઠવાડીયામાં પાલન કરવા અને એરીયર્સની ચૂકવણી કરી આપવા સંસ્થાને આદેશઃ ભારતીય મઝદુર સંઘની સફળ રજુઆત

**અબતક, રાજકોટ**

દ્વારકા નગરપાલિકાના અલગ-અલગ પોસ્ટ ઉપર કામ કરતા ૨૭ શ્રમયોગીઓએ દાખલ તારીખથી ૨૪૦ દિવસ પૂરા થયે કાયમી કરવાના ઔધોગિક વિવાદો જામનગર જિલ્લા મઝદુર સંઘ મારફત ઔધોગિક ન્યાય પંચ, જામનગર સમક્ષ ઉપસ્થિત કરેલ હતાં. આ વિવાદોમાં ઔધોગિક ન્યાયપંચે પક્ષકારોના સાક્ષી - પુરાવા - દલીલો સાંભળ્યા બાદ સને-૨૦૧૭ ના એવોર્ડથી તમામ શ્રમયોગીઓને કાયમી કરવાના આદેશ આપેલ હતાં. જેની સામે સંસ્થાએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખાસ દિવાની અરજીઓ દાખલ કરેલી હતી જેની સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે ઔધોગિક ન્યાયપંચના ચૂકાદાઓ માન્ય રાખી સંસ્થાની ખાસ દિવાની અરજીઓ રદ કરિ હતી. ઉકત સીંગલ જજના ચૂકાદાઓ સામે સંસ્થાએ ડીવીઝન બેંચ સમક્ષ લેટર્સ પેટન્ટ અપીલો દાખલ કરેલી હતી જેની લંબાણપૂર્વકની સુનાવણી બાદ તા.૧-૫-૨૦૨૫ ના રોજ ડીવીઝન બેંચે સંસ્થાની અપીલો રદ કરિ છે. ન્યાયપંચના કાયમી કરવાના ચુકાદાનું ૮ અઠવાડીયામાં પાલન કરવા અને એરીયર્સની ચૂકવણી કરી આપવા સંસ્થાને આદેશ આપેલ છે. આ ડીવીઝન બેંચના ચૂકાદાથી ૨૭ શ્રમયોગીઓને ઘણો આર્થિક ફાયદો થશે. ડીવીઝન બેંચે સુપ્રીમ કોર્ટના લેટેસ્ટ ચૂકાદાઓના સંદર્ભમાં ઠરાવેલ છે કે જયારે શ્રમયોગીઓ વર્ષોથી એટલે કે ૨૫-૩૦ વર્ષોથી સળંગ રીતે કામગીરી કરતા હોય ત્યારે સંસ્થાની યોગ્ય પ્રક્રિયા વગર કામદારોની ભરતી કરેલ હોવાની કે સેટઅપ માટે સરકારની મંજુરી લેવાની કે શૈક્ષણિક લાયકાત અંગેની તેમજ અરજદારો રોજમદાર તરીકે કામ કરતા હોવાની રજુઆતો માન્ય રાખેલ નહીં સંસ્થાની અપીલો રદ કરવામાં આવેલ અને ન્યાયપંચના અને સીંગલ જજના ચૂકાદાઓ માન્ય રાખી શ્રમયોગીઓને વહેલી તકે કાયમીના લાભો આપી દેવા ડીવીઝન બેંચ દ્વારા આદેશ કરવામાં આવેલ છે. આ કેસો ભારતીય મઝદર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવે ના માર્ગદર્શન હેઠળ ઔધોગિક ન્યાયપંચ, જામનગર સમક્ષ પંકજભાઈ રાયચૂરા રોકાયેલા હતાં.હાલના ગ્રુપ શ્રમયોગીઓ અને યુનિયન વતી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ જીત રાજયગુરૂ દ્વારા લંબાણપૂર્વકની દલીલો કરી શ્રમયોગીઓને લાભો અપાવેલ હતાં.

# જૂનાગઢઃ વડાળના યુવકનો આપઘાત

**અબતક,દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના વડાલ ગામના ૨૧ વર્ષીય યુવકે ઝેરી દવા ગટગટાવી જઈ આત્મહત્યા કરી લેતા વડાલ ગામમાં શોક વ્યાપી જવા પામ્યો હતો.

જુનાગઢ નજીક આવેલ વડાલ ગામે રહેતા ૨૧ વર્ષીય યશભાઈ અમૃતભાઈ વરુ નામના યુવકે રવિવારની રાત્રીએ વાડીએ જઈ ઝેરી દવા ગટગટાવી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેમનું મૃત્યુ થતાં તેમને જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો અને આ મૃતકની પોસ્ટ મોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરાઈ હતી.

આ બનાવવા અંગે મૃતક યુવક યશભાઈના કાકા ગીરીશભાઈ કરસનભાઈ વરુએ પોલીસને આપેલ નિવેદનમાં જણાવ્યા મુજબ મરણ જનાર યુવકના પિતા અમૃતભાઈનું ત્રણ વર્ષ પહેલાં અવસાન થયું હતું અને મરણ જનાર યશભાઈની ૬ મહિના અગાઉ સગાઈ થઈ હતી.

# ધ્રાંગધ્રાઃ ચુલી ગામમાં ઠપકો આપ્યાના મનદુઃખમાં યુવક પર હુમલો

## મહિલા સહિત ચાર શખ્સ સામે નોંધાતો ગુનો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**


ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામે અગાઉ ઠપકો આપ્યાનું મનદુઃખ રાખી એક મહિલા સહિત ચાર શખ્સોએ એકસંપ થઈ લાકડાના ધોકા, પાવડા વડે માથા તેમજ કપાડના ભાગે મારમારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે ભોગ બનનાર શખ્સે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામે રહેતા ફરિયાદીએ ગામમાં જ રહેતા બાબુભાઈ ધોડકીયાને કોઈ બાબતે બે વર્ષ પહેલા ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખી બાબુભાઈ પ્રેમજીભાઈ તેમના પત્ની વનિતાબેન બાબુભાઈ અને લાખાભાઈ બાબુભાઈ તેમજ અંકિતભાઈ બાબુભાઈએ એકસંપ થઈફરિયાદીને ગાળો આપી લાકડાના ધોકા, પાવડા વડે પગે તેમજ હાથે અને કપાળે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જે અગે ભોગ બનનાર ફરિયાદીએ ચાર શખ્સો બાબુભાઈ પ્રેમજીભાઈ ધોડકીયા, વનીતાબેન બાબુભાઈ ધોડકીયા, લાખાભાઈ બાબુભાઈ ધોડકીયા અને અંકિતભાઈ બાબુભાઈ ધોડકીયા તમામ રહે.ચુલી તા.ધ્રાંગધ્રાવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# ખાખરાળામાં યુવાનની હત્યાના ઘેરા પ્રત્યાઘાત

## રબારી સમાજે મૌન રેલી યોજી એસ.પી.ને આવેદન પાઠવી ન્યાય માટે કરી ઉગ્ર માંગ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીનાં ખાખરાળા ગામે રબારી સમાજના યુવાનની હત્યાના પ્રકરણમાં આરોપીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે રબારી સમાજ દ્વારા મૌન રેલી યોજવામાં આવી હતી.



ખાખરાળા ગામે સ્વ.કિશન જગદીશભાઈ કરોતરા નામના ૨૧ વર્ષીય યુવાનની ગત તા.૧ મેના રોજ થયેલ નિર્મમ હત્યામાં આરોપી સાગર ડાંગરની હજુ સુધી ધરપકડ થયેલ નથી. જે બાબતે રબારી સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. અને યુવાનની હત્યાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. અને આરોપીને સત્વરે ઝડપી પાડવાની માંગ સાથે રબારી સમાજ દ્વારા મૌન રેલી યોજવામાં આવી હતી. અને મોરબી એસ.પી.ને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. અત્યારે આવેદનને પગલે મોરબી પોલીસે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી. અને ડીવાયએસપી પી. એ.ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આરોપીની ગાડી કબ્જે લેવાઈ ગઈ છે આરોપીને પણ ઝડપી પાડવામાં આવશે.

'ધરમ કરતા ધાડ પડી'

# વાંકાનેર: ઉધાર ફર્નિચરની ખરીદીમાં જામીન રહેલા ખેડુતને માર પડયો

## બાકી રકમની ઉઘરાણી કરતાં સારૂ ન લાગતા ઈટ વડે કર્યો હુમલો

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેરના ચંદ્રપુર ગામના ખેડૂતને 'ધરમ કરતા ધાડ પડી' તેમ ઉધારીમાં કરીયાવરનો ફર્નિચરનો માલ સામાન લઈ દીધેલ હોય, જેની લેણી રકમ માટે ઈસમને ફોન કરતા, જે બાબતનું સારું નહિ લાગતા ઈસમે ખેડૂતને ગાળો આપી ઈટ મારી ઈજા પહોંચાડી હતી, ત્યારે સમગ્ર બનાવ અંગે ઈજાગ્રસ્ત ખેડૂત દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના ચંદ્રપુર રહેતા ખેડૂત ઈસ્માઈલભાઈ ફતેહભાઈ શેરશીયા ઉવ.૪૫ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી કાદરભાઈ અલ્લારખાભાઈ સંધી રહે.લાલપર તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, આરોપી કાદરભાઈએ કમાન ફર્નિચર નામની દુકાનમાંથી કરીયાવરનો સામાન લીધેલ હોય, જેના પૈસા બાકી રાખેલ હોય અને તેમા ફરીયાદી ઈસ્માઈલભાઈ વચ્ચે રહેલ હોય, જેથી ગઈકાલ તા.૦૫/૦૫ના રોજ આ પૈસા બાબતે ઈસ્માઈલભાઈએ આરોપીને ફોન કરતા આરોપી કાદરભાઈએ ચંદ્રપુર બોર્ડ પાસે આવી ફરીયાદીને ગાળો આપવા લાગેલ, જેથી ઈસ્માઈલભાઈએ ગાળો દેવાની ના પાડતા આરોપીએ ત્યા પડેલ ઈંટનો છુટો ઘા ફરીયાદીને મારતા ફરીયાદીને માથાના પાછળના ભાગે ઈજા પહોચી હતી, ત્યારે આજુબાજુના લોકો એકઠા થઈ જતા, આરોપી કાદરભાઈ ત્યાંથી ચાલ્યો ગયો હતો, હાલ પોલીસે ઉપરોક્ત ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: કિશોરી વોશરૂમ જવાનું કહી થઈ ગાયબ

## પિતાએ અપહરણની આશંકાએ ફરિયાદ નોંધાવી

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેરમાં પ્રતાપ રોડ ઉપર ઘડિયાળની દુકાનમાં રીપેરીંગનો ધંધો કરનારની ૧૪ વર્ષીય દિકરી તેમની દુકાન પરથી અચાનક ગાયબ થઈ હતી. પિતાના જણાવ્યા અનુસાર દિકરી વોશરૂમ જાય છે કહી દુકાનથી ગઈ હતી અને પાછી ન આવતા અનેક સ્થળે શોધખોળ છતાં પત્તો મળ્યો નહીં. હાલ પિતા તરફથી અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ કરાયેલ હોવાની આશંકા સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.વાંકાનેર શહેરના પ્રતાપ ચોક વિસ્તારમાં આવેલી દુકાનમાંથી અચાનક ગાયબ થઈ જતા સમગ્ર પરિવારમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું છે. જે બનાવ બાબતે વાંકાનેર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જ્યાંથી પરત ફર્યા ત્યારે તેમની દિકરી દુકાને હાજર નહોતી. વધુમાં થોડા દિવસો પહેલા દીકરી પાસે એક નાનો મોબાઈલ મળ્યો હતો જેમાં તે ૯૭૩૭૧૬૪૩૬૫ તથા ૭૩૮૩૮૬૪૩૬૫ નંબર પર વાત કરતી પકડાયેલ જેથી તેની પાસેથી તેના પિતા દ્વારા મોબાઈલ લઈ લેવામાં આવ્યો હતો.

# વાંકાનેર:પત્નીની ઘરેલું હિંસાથી રક્ષણ મેળવવાની અરજી નામંજુર

## પતિ તથા સાસુ-સસરા વિરૂદ્ધ કરાયેલા ત્રાસની ફરિયાદમાં વાંકાનેર કોર્ટએ આપ્યો મહત્વપૂર્ણ ચુકાદો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરના પત્ની દ્વારા પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ઘેરલુ હિંસા કાયદા હેઠળ કરાયેલ અરજી નામંજુર કરાઈ છે. કોર્ટે બંને પક્ષોની દલીલો અને પુરાવાઓનો અભ્યાસ કર્યા બાદ પતિ તથા તેના માતા-પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો છે.વાંકાનેરની એડીશનલ ચીફ જુડીશિયલ મેજિસ્ટ્રેટ વી.એસ. ઠાકોરની કોર્ટમાં એક મહત્વપૂર્ણ કેસમાં સિમાચિહન ચુકાદો જાહેર થયો છે. આ કેસમાં અરજદાર પત્નીએ તેના પતિ રાજેન્દ્ર અશોકભાઈ વ્યાસ તથા તેમના માતા-પિતા વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસના આક્ષેપો કરતા



ઘરેલું હિંસાથી રક્ષણ મેળવવા ફોજદારી પરચૂરણ દાખલ કરી હતી. અરજદાર તરફથી વિવિધ કલમો હેઠળ સુરક્ષા, અવકાશ અને ભથ્થાની માંગણી કરવામાં આવી હતી.

કોર્ટમાં બંને પક્ષોએ પોતાના પોતાના દાવાઓને પુરાવાઓ અને દલીલો સાથે રજૂ કર્યા હતા. અરજદાર પક્ષે પતિ તથા સાસુ-સસરા દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો, જયારે વિરોધ પક્ષે તમામ આક્ષેપોને નકારતાં પુરાવા સહિત પોતાનું પક્ષ દાખલ કર્યું હતું. ત્યારે વાંકાનેર કોર્ટએ દરેક દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ પતિ અને તેમના માતા-પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો અને પત્નીની અરજી નામંજુર કરવાનો હુકમ આપ્યો.


આ કેસમાં રાજેન્દ્ર અશોકભાઈ તથા તેમના માતા-પિતાની તરફથી વકીલ તરીકે ચિરાગ ડી. કારીઆ તથા રવી કે. કારીઆ રોકાયેલ હતા.

# ગાંજાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

## ૫૦ હજારનો દંડ ન ભરે વધુ ૧ વર્ષની સજા: એક આરોપી નિર્દોષ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં વર્ષ ૨૦૧૯ના ગાંજાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી અહેમદ ઉર્ફે ભુરા મેમણને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદનો આદેશ કરવામાં આવ્યો છે. સાથે જ આરોપી જુબેરભાઈ મનસુરીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.કેસની વિગતો મુજબ, મોરબી શહેરમાં વર્ષ ૨૦૧૯માં સુરતથી ખાનગી ટ્રાવેલ્સમાં ગાંજાનું પાર્સલ મોકલવામાં આવ્યું હતું, જે મોરબી ખાતે એક વ્યક્તિ દ્વારા ઓફિસેથી લેતી વખતે સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી પાડી



સરકારી વકીલ
વિજયભાઈ જાની

ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૨૦ કિલોથી વધુ ગાંજાના ઝડપાયેલા કેસમાં સરકારી વકીલ વિજયભાઈ જાની ની ધારદાર અને કાયદાકીય દલીલો તથા લેખિત અને મૌખિક પુરાવાને આધારે મોરબી સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો છે. આ કેસમાં આરોપી અહેમદ ઉર્ફે આમદો ઉર્ફે ભુરો સતારભાઈ મેમણ ઉવ.૪૧ રહે. મોરબી કુબેરનાથ રોડ મોચી શેરી સામે ગ્રીન ચોક વાળાને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦,૦૦૦/-ના દંડની સજા ફટકારવામાં આવી છે. આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ એક વર્ષની કેદ ભોગવવાની સજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, આરોપી જુબેરભાઈ અબ્દુલભાઈ મન્સુરીને પૂરતા પુરાવા ન હોવાના કારણે કોર્ટએ તેને નિર્દોષ જાહેર કર્યો છે.

# માળીયા: ખાખરેચી સાર્વજનિક હાઈસ્કુલના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પરિણામ

## ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦% પરિણામ આવતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા




**અબતક, ઋષી મહેતા**

માળીયા: માળીયા તાલુકાના ખાખરેચીની સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ -૧૨ની ફેબ્રુ./ માર્ચ- ૨૦૨૫ મા લેવાયેલ બોર્ડની પરીક્ષાનું ૧૦૦ % પરિણામ મેળવીને સરકારી શાળા, શ્રેષ્ઠ શાળાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.


જાહેર થયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમા સાર્વજનિક હાઈસ્કૂલનું ૧૦૦% પરિણામ આવ્યું છે. આ શાળાના કુલ ૩૮ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા આપી હતી. અને આ તમામ ૩૮ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે જે પૈકી ચાર વિદ્યાર્થીઓએ અ૨ ગ્રેડ મેળવીને શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે.આજે તમામ વિદ્યાર્થીઓમા, શાળા પરિવારમા તેમજ સમગ્ર ગામમાં ખુશી ભર્યું વાતાવરણ છે.

શાળાના ઉત્કૃષ્ટ પરિણામ બદલ શાળાના આચાર્ય મેહુલભાઈ ભોરણીયાએ તમામ વિદ્યાર્થીઓની મહેનતને અને તમામ સ્ટાફગણને બિરદાવીને અભિનંદન આપ્યા હતા.

શાળાના ઉત્કૃષ્ટ પરિણામ બદલ તમામ વિદ્યાર્થીઓને અને શાળા પરિવારને ગામના સરપંચશ્રી, તમામ સદસ્યો, ગામના તમામ સામાજીક આગેવાનો ઠેર ઠેર થી શુભકામના પાઠવી રહ્યાં છે.

# મોઢ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા સમુહ રાંદલ ઉત્સવ યોજાયો

## રાંદલ માતાજીના દર્શન કરવા ભાવિભક્તો ઉમટયા



**અબતક, ઋષી મહેતા**

સમૂહ રાંદલ ઉત્સવનું ભવ્ય આયોજન ચા.મ.મોઢ બ્રાહ્મણ મોરબી યુવક સમિતિ તેમજ મહિલા સમિતિ જ્ઞાતિ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જે ધાર્મિક પ્રસંગમાં આચાર્ય પદે દિલીપભાઈ દવેએ વૈદિક મંત્રો દ્વારા પૂજન અર્ચન કર્યું હતું. ચા.મ.મોઢ બ્રાહ્મણ મોરબી યુવક સમિતિ તેમજ મહિલા સમિતિ જ્ઞાતિ મંડળ દ્વારા આયોજિત સમૂહ રાંદલ ઉત્સવનું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે ધાર્મિક પ્રસંગે આચાર્ય પદે મોરબીના પ્રખર અને વિદ્વાન શાસ્ત્રીજી કૃષ્ણચંદ્ર દિલીપભાઈ દવેએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા પૂજન અર્ચન વિધિ વિધાન કરાવ્યું હતું. જે કાર્યક્રમમાં સૌ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં દર્શન, મહાપ્રસાદ, આનંદનો ગરબો, મહા આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

# બરવાળાની સરસ્વતિ ભગવતી વિદ્યાલયનું ધો.૧૨ સા.પ્ર.નું ૧૦૦ ટકા પરિણામ

## તમામ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિવારમાં ઉત્સાહની લહેર

**અબતક, ઋષિ મહેતા**

બરવાળા ગામમાં સ્થિત અને છેલ્લા ૫૫ વર્ષથી સતત શિક્ષણની સફર પર આગળ વધી રહેલી સરસ્વતી ભગવતી વિદ્યાલયે વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય ઉમેર્યો છે. વર્ષ ૨૦૨૫માં લેવાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ શાળાનું ૧૦૦% આવ્યું છે. જેમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે હાજર રહ્યા હતા, જેમાંથી તમામ ૪૨ વિદ્યાર્થીઓ સફળતા પૂર્વક પાસ થયા છે. આ સિદ્ધિથી સમગ્ર શાળા પરિવાર, વિદ્યાર્થીગણ અને તેમના માતા-પિતા, તેમજ સ્ટાફમાં આનંદની લાગણી છવાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે આ શાળાની સ્થાપના સ્વ.જેરાજભાઈ કરમશીભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. શાળાએ તાજેતરમાં જ પોતાનો સુવર્ણ જયંતિ મહોત્સવ ભવ્યતાથી ઉજવ્યો હતો. શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપી રહેલી આ શાળાની સિદ્ધિએ સમગ્ર બરવાળા ગામ માટે ગૌરવ અપાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ જેરાજભાઈ પટેલ તથા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓ અને શિક્ષકમંડળને શુભેચ્છાઓ પાઠવી છે.

સિરામિક નગરી બની રહી છે વિદ્યાનગરી

# ધો.૧૨ના વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં મોરબી જિલ્લો 'અવ્વલ'

## જિલ્લાના ૪૭ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ તથા ૨૬૧ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ હાંસલ કરી મેળવી સિધ્ધી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ સિરામિક ઉદ્યોગની દ્રષ્ટિએ વિશ્વમાં અગ્રેસર મોરબી જીલ્લો ઉદ્યોગ નગરીની સાથે હવે વિદ્યાનગરી બની રહ્યું છે. શિક્ષણક્ષેત્રે કરવામાં આવેલા અથાગ પ્રયાસો અને તનતોડ મહેનત થકી મોરબી જીલ્લો શિક્ષણમાં અવ્વલ બની રહ્યો છે. ત્યારે શિક્ષણના ક્ષેત્રે હેટ્રિક મારીને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ૯૨.૯૧ ટકા સાથે સતત ત્રીજા વર્ષે મોરબી જીલ્લાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં મોરબી જીલ્લાએ સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવી રાજ્યકક્ષાએ મોરબીની ગરિમા વધારી છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં ૮૩.૨૨% અને વર્ષ ૨૦૨૪ માં ૯૨.૮૦ ટકા સાથે મોરબી જીલ્લો રાજ્યકક્ષાએ પ્રથમ રહ્યો છે. કેન્દ્રવાર પરિણામની વાત કરીએ તો, મોરબી જીલ્લાના હળવદ કેન્દ્ર એ ૯૫.૦૮ ટકા, મોરબી કેન્દ્રએ ૯૨.૧૩ ટકા અને વાંકાનેર કેન્દ્રએ ૯૧.૮૧ ટકા મેળવ્યા છે. જીલ્લાના ૪૭ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ તથા ૨૬૧ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ હાંસલ કર્યો છે.

મોરબી જીલ્લામાં વી.સી. હાઈસ્કુલ-મોરબી અને માળીયા, વાંકાનેર તથા હળવદ ખાતેની મોડેલ સ્કૂલ મળી ૪ સરકારી શાળાઓ, ૨ ગ્રાન્ટેડ શાળાઓ અને અન્ય ખાનગી શાળાઓ મળી કુલ ૩૮ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતા અને જીલ્લા શિક્ષણ અધિકારીની સમગ્ર કચેરી તથા જીલ્લાના શિક્ષણવિદો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાઓઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ટ્રાફિક પોઈન્ટ પર પોલીસ કર્મી સાથે ઉગ્ર બોલાચાલી: ફૂટબોલની જેમ ઉડાડવાની ધમકી આપતા ત્રણ વિરુદ્ધ ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના રવાપર ચોકડી ખાતે ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા ટ્રાફિક શાખાના પોલીસ કોન્સ્ટેબલને એક્ટીવા ચાલક અને બે અન્ય ઈસમોએ આવી, ઉગ્ર બોલાચાલી કરી, ગાળો આપી અને કાર વડે ફૂટબોલની જેમ ઉડાડી દેવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે કુલ ત્રણ આરોપીઓ ફરજમાં રુકાવટ સહિતની સામે બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની તજવીજ હાથ ધરી છે.

મોરબી શહેરના રવાપર ચોકડી વિસ્તારમાં ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા કોન્સ્ટેબલ જીગ્નેશ પ્રવિણભાઈ લાંબાએ આરોપી એકટીવા રજી.નં. જીજે-૩૬-એએમ-૮૧૮૦ના ચાલક યસ મેરામભાઈ બાલાસરા તથા અન્ય બે અજાણ્યા ઈસમો એમ કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદ મુજબ, પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ ટ્રાફિક શાખા વિભાગમાંથી રવાપર ચોકડીના ટ્રાફિક પોઈન્ટ ઉપર ફરજ ઉપર હોય તે દરમિયાન અવની ચોકડી તરફની સાઈડ બંધ કરાવેલ હતી ત્યારે એક્ટીવા નં. જીજે-૩૬-એએમ-૮૧૮૦ ચલાવી આવતા યસ મેરામભાઈ બાલાસરા સાઈડ તોડીને આવેલ જેથી તેને અટકાવ્યો હતો, જેથી ઉપરોક્ત એકટીવા ચાલક પોલીસ કોન્સ્ટેબલ સાથે બોલાચાલી કરી અને કહ્યું કે, તમે ત્યાં ઊભા રહો, હું હમણા જ પાછો આવીશ. થોડીવાર બાદ, કેપિટલ માર્કેટ નજીક એકટીવા રાખીને યસ મેરામભાઈએ કોઈને ફોન કર્યો અને થોડા સમય બાદ બ્લુ કલરની સ્વીફ્ટ કારમાં બે અજાણ્યા ઈસમો સાથે સ્થળ પર આવી પહોંચ્યા. ત્યારે ત્રણેયે મળીને ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા કોન્સ્ટેબલ સાથે ઉગ્ર બોલાચાલી કરી, ગાળો આપી અને ગંભીર ધમકી આપી કે, હવે તું ટ્રાફિક પોઈન્ટ ઉપર ઉભો રહેજે, હું તને ફૂટબોલની જેમ ઉડાડુ છું કે નહીં'' તેવી ધમકી દઈ કાયદેસરની ફરજમાં રુકાવટ કરી હતી. આ મામલે ફરીયાદના આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની અલગ અલગ કલમ તથા ફરજમાં રુકાવટ અંગેની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પીએસઆઈ અરૂણ મિશ્રા હવે, બોલીવુડમાં 'ચમકશે'

## 'જ્ઞાનવાપી ફાઈલ્સ'નામની ફિલ્મમાં સર્વેયર તરીકેની મહત્વની ભુમિકામાં જોવા મળશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી પોલીસમાં ફરજ બજાવતા પીએસઆઈ અરુણ મિશ્રા ને લગભગ આખું ગુજરાત ઓળખે છે તાજેતરમાં જ હોળી ના દિવસે દ્વારકા ખાતે ખુબજ સરસ ડાન્સ કરતા તેઓનો વિડિઓ વાયરલ થયો હતો અને કરોડો લોકોએ આ વીડિયોને પસંદ કર્યો હતો આ જ રીતે તેઓ પોતાની નોકરી દરમિયાન પણ રોડ પર સૂતેલા અને રહેતા ગરીબોની કરવા માટે જાણીતા છે.જેના માટે તેઓને મુખ્યમંત્રી તેમજ રાજ્ય પોલીસ વડા દ્વારા બિરદાવવામાં આવ્યા



છે.ભૂતકાળમાં તેઓ રાજ્યના સૌથી ફિટ પોલીસ તરીકે પણ એવોર્ડ મેળવી ચૂક્યા છે સાથે જ પાવરલિફટીગમાં પણ ગોલ્ડ મેડલ મેળવ્યો છે.ત્યારે હવે વધુ એક સિધ્ધિ તેઓએ હાંસલ કરી છે.

આ તમામ ખૂબીઓની સાથે તેઓ એક સારા એક્ટર અને બોડી બિલ્ડર પણ છે.હા તેઓએ બોડી બિલ્ડિંગ માં અનેક એવોર્ડ મેળવ્યા છે અને સાથે જ એક્ટિંગમાં પણ ગુજરાત પોલીસ નું નામ રોશન કર્યું છે.ગુજરાતી ફિલ્મ જગતમાં તેઓએ પોલીસ અધિકારીની ભૂમિકા ભજવી હતી ત્યારે હવે તેઓ જ્ઞાનવાપી ફાઈલ્સ નામની બોલિવૂડ ફિલ્મમાં પણ જોવા મળશે.આ ફિલ્મ જ્ઞાનવાપી મસ્જિદ ના સર્વે અને તે દરમિયાન શું શું ઘટનાઓ કેવી રીતે બની તેની રિયલ સ્ટોરી પર આધારિત છે અને આ ફિલ્મમાં મોરબીના પીએસઆઈ અરૂણ મિશ્રા સર્વેયર તરીકેની મહત્વની ભૂમિકામાં જોવા મળશે.આ ફિલ્મ ૨૭ જૂનના રોજ રિલીઝ થવાની છે

અને આગામી સમયમાં બિગ ફિલ્મોમાં મહત્વપૂર્ણ પાત્રો માં મોરબીના પીએસઆઈ અરૂણ મિશ્રા નો ચહેરો જોવા મળી શકે છે.

# અમરાપરમાં શારદાપીઠનાં શંકરાચાર્યના આશિર્વાદ પ્રાપ્ત કરતા પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી

**અબતક, ઋષી મહેતા**

મોરબીના અમરાપર ખાતે વરજાંગભાઈ પરિવાર દ્વારા નિર્મિત મોમાઈ માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૧૫ વર્ષ પૂર્ણ થતા ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉપસ્થિત રહી દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય જગતગુરૂ સદાનંદજી સરસ્વતીજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.



# રાજકોટમાં મધરાતે ભારે પવન - ગાજવીજ સાથે વરસાદ

## વિજળીના કડાકા-ભડાકા સાથે અર્ધા ઈંચથી વધુ વરસાદ, અનેક વિસ્તારોમાં વૃક્ષોની ડાળીઓ પડી, વીજળી ગુલ, પાણી ભરાયાની પણ ફરિયાદ: સવારથી વાદવછાંયુ વાતાવરણ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સર્જાયેલા અપર એર સાયકલોનીક સરકયુલેશનની અસરના કારણે આગામી ચાર દિવસ સુધી રાજયભરમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૬૮ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં મધરાતે મેઘરાજાએ મંડાણ કર્યા હતા. વીજળીના કડાકા-ભડાકા ભારે પવનના સુસવાટા સાથે અર્ધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

આજે સવારથી વાદળછાંયુ વાતાવરણ છવાયેલું છે. આજે પણ રાજકોટમાં માવઠાની આગાહી આપવામાં આવી છે. સોમવારે પણ રાજકોટનું મહત્તમ તાપમાન ૩૯.૮





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### કયાં ઝોનમાં કેટલો વરસાદ

| | |
|---|---|
| સેન્ટ્રલ ઝોન | ૨ મીમી |
| વેસ્ટ ઝોન | ૧૧ મીમી |
| ઈસ્ટ ઝોન | ૧૨ મીમી |
| હવામાન વિભાગ | ૧૬ મીમી |

ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હીટવેવથી શહેરીજનોને થોડી રાહત મળી હતી. આજે સવારથી ઉકળાટનો અહેસાસ થઈ રહ્યો છે.

રાજકોટમાં ગત મધરાતે કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં વૃક્ષોની ડાળીઓ ધરાશાયી થઈ જવા પામી હતી. અનેક સ્થળોએ વરસાદી પાણી પણ ભરાયા હતા. વીજળી પણ ગુલ થઈ થવાની ફરિયાદો ઉઠી હતી. ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. કોર્પોરેશનના ફાયર બ્રિગેડના રેકોર્ડ પર શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨ મીમી, ન્યુ રાજકોટ અર્થાત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં ૧૧ મીમી અને શહેરના સામા કાંઠા વિસ્તાર એટલે કે ઈસ્ટ ઝોનમાં ૧૨.૧ મીમી વરસાદ પડયો હતો. હવામાન વિભાગના ચોપડે આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ શહેરમાં ૧૬.૪ મીમી વરસાદ પડયો હતો. રાજકોટ શહેર ઉપરાંત જિલ્લામાં પણ મોટાભાગના તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડયો હતો. જસદણ અને વિંછીયા પંથકમાં કરા પડયા હતા.

# કાલાવડ તાલુકામાં ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ

## બાલંભડી, નિકાવા આણંદપર સહિતના ગામોમાં કરા સાથે ધોધમાર વરસાદ

**અબતક,રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ તાલુકા મા ભરઉનાળે ચોમાસુ જામ્યું ,પવન ની તેજ ગતી સાથે ગ્રામ્ય વિસ્તાર માં કરા પડ્યા. કાલાવડ તાલુકાના બાલંભડી , કાલાવડ , નિકાવા , આણંદપર , પાતા મેઘપર, શીશાંગ સહિત ના ગામો માં માવઠું જામ્યું રાત્રી ના બાર વાગ્યા પછી પણ આંધી તુફાન જેવા માહોલ સાથે વરસાદ જામ્યો ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જામતા ખેડૂતો ચિંતા મા મુકાયા ખેડૂતો નો ઉનાળુ પાક મગ , તલી , અડદ માં ખેડૂતો ને નુકસાની થવાની ભીતિ સેવાઈ તેમજ ડુંગળી , લસણ ના દાબા ખેતરો માં પડ્યા હોવાથી ખેડૂતો નો પાક બગડવાની શક્યતા સેવાઈ રહી છે જગત



નો તાત મૂંઝાણો. હવામાન ખાતા ની તો હજુ પાંચ દિવસ ની આગાહી છે ત્યાતો ખેડૂતો ની પથારી ફરી જશે.


# ગોંડલ પંથકમાં કમોસમી વરસાદે માઝા મુકી: ખેડુતોની ચિંતામાં વધારો

## રિબડા, શાપર સહિતના ગામોમાં ગાજવીજ સાથે વરસાદ અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજ્યમાં અસહ્ય ગરમી વચ્ચે હવામાન વિભાગની માવઠાની અગાહીને પગલે ગોંડલ શહેર તેમજ પંથકમાં ગઈકાલ બપોરબાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. કમોસમી વરસાદની આગાહી ને પગલે બપોરબાદ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને પંથકમાં કમોસમી વરસાદ શરૂ થયો હતો. શહેરમાં વરસાદી છાંટા તો પંથકમાં રિબડા, શાપર સહિતના ગામોમાં વરસાદ શરૂ થયો હતો. કમોસમી વરસાદને પગલે વતારણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

ગોંડલ શહેર તેમજ પંથકમાં મોડીરાત્રીના ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાયો હતો અને



કમોસમી વરસાદ શરૂ થયો હતો. ભારે પવન સાથે વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. શહેરમાં અંધારપટ છવાયો હતો. વરસાદ સાથે પવન ફૂંકાતા લોકોને કાળઝાળ ગરમી માંથી આંશિક રાહત મળી હતી.

ગોંડલ શહેર ઉપરાંત રાજ્યના અનેક જિલ્લાઓ માવઠાની અગાહીને પગલે કમોસમી વરસાદ શરૂ થયો છે. ત્યારે ગોંડલ શહેર તેમજ પંથકના ખેડૂતોમાં કમોસમી વરસાદને પગલે ચિંતામાં વધારો થયો છે. તલી, મગફળી, ડુંગળી, મગ, અડદ સહિતના ઉનાળા પાકોને નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે ગોંડલ શહેર તેમજ પંથકમાં કમોસમી વરસાદને પગલે જગતનોતાત ચિંતાતુર બન્યો છે.

# કમોસમી વરસાદના કહેરના કારણે ઝાલાવાડના ખેડુતોને સાવચેત કરાયા

## કાપણી તેમજ ઉત્પાદિત કરેલા પાકને સલામત સ્થળે ખસેડી લેવા જણાવાયું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા.૦૯ મે સુધી સમગ્ર રાજ્યમાં વાતાવરણમાં પલટો જોવા મળશે અને છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને ધ્યાને લઈ સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુતોના પાકના રક્ષણ માટે તકેદારીના પગલા લેવા જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે. જે મુજબ કમોસમી વરસાદમાં પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલો પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો તેમજ આ અંગે વધુ માહિતી માટે જે તે વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જીલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામકનો સંપર્ક કરવા પણ જણાવાયું છે.

# ઉપલેટામાં વહેલી સવારે ભારે ગાજવીજ અને પવન સાથે માવઠું

## બેનરો, વાયરો અને ઝાડ તુટવાના બનાવો સિવાઈ કોઈ નુકશાની નહિ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

શહેરમાં આજે વહેલી સવારે કડાકા ભડાકા સાથે ૨૦ મીનીટ વરસેલા વરસાદમાં સમગ્ર શહેરમાં પાણી પાણી થઈ જવા પામ્યું હતું. સામાન્ય જાનહાની સિવાય કોઈ મોટી જાનહાની જોવા મળી ન હોતી.

આજે વહેલી સવારે ઉપલેટા પંથકમાં પોણા ચાર વાગે વિજળીના ભારે કડાકા ભડાકા પવન સાથે ૧૫ મીમી જેવા વરસાદ પડતા શહેરમાં પાણી જોવા મળ્યું હતું. ૨૦ મીનીટ વરસેલા વરસાદમાં અનેક સ્થળોએ જાહેરાતના નાના બેનરો, વાયરો અને નાના ઝાડવા પડી ગયાના બનાવો બન્યા હતા. મોટી કોઈ જાનહાની થવા પામેલ નહોતી માવઠા જેવો વરસાદ થતા ખેડુતોને માટે નુકશાન કરતા સાબિત થયેલ છે.

# ધારીના ગોપાલગ્રામમાં કડાકા - ભડાકા સાથે વરસાદ

## ભારે ઉકળાટ બાદ વરસાદી માહોલ સર્જાતા ઠંડક પ્રસરી

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી તાલુકાના ગોપાલગ્રામ મા હવામાન વિભાગની આગાહી અનુસાર મોડી રાતે વરસાદી વાતાવરણ સર્જાયું હતું...

હવામાન વિભાગની પૂર્વ આગાહી અનુસાર અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં આવેલ ગોપાલગ્રામમાં મોડી રાતે વરસાદની શરૂઆત થઈ હતી જે અંદાજે ૩૦ મિનિટ સુધી વરસાદ પડ્યો હતો વરસાદ પડવાથી ગામના રસ્તાઓ તમામ ભીના થઈ ગયા હતા. વાતાવરણમાં એકદમ ઠંડક ફેલાઈ ગઈ હતી. દિવસ પર ખુબ જ ઉકળાત બાદ મોડી રાતે વરસાદની વાતાવરણ સર્જાયું હતું ધીમીધારે



વરસાદની શરૂઆત થઈ હતી.

હવામાન વિભાગની પૂર્વ આગાહી અનુસાર અમરેલી જિલ્લાના ધારી તાલુકો ના ગોપાલગ્રામમાં મોડી રાતે વરસાદી શરૂઆત થઈ ચૂકી છે. વરસાદ પડતા જ ગામમાં પાણીના ખાબોચિયા પણ ભરાયા હતા ગામના તમામ માર્ગો ઉપરથી પાણી પસાર થવા લાગ્યા હતા

વરસાદ પડતા ખેડૂતોમાં તીવ્રત ચિંતા નો માહોલ જોવા મળ્યો હતો..

# જૂનાગઢમાં વીજળીના ચમકારે વરસાદી માહોલ જામ્યો

## બે દિવસથી જોરદાર પવન ફુંકાતા સતત ત્રીજા દિવસે ગિરનાર રોપ-વે બંધ

**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

જૂનાગઢ સહિત સમગ્ર સોરઠ પંથકમાં ભર ઉનાળે ચોમાસુ જામ્યું હતું. છેલ્લા બે દિવસથી ભેજનું પ્રમાણ સતત વધતું રહ્યું છે અને પવનની ગતિમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે, બીજી બાજુ ગત રાત્રીના જુનાગઢ શહેર તથા આસપાસના વિસ્તારોમાં વીજળીના ચમકારા અને મછરીયા છાંટા પડ્યા હતા. તે સાથે જૂનાગઢ સહિત સમગ્ર પંથકમાં કાળાબીમ વાદળો જામ્યા છે. તો ભારે પવનને કારણે આજે સતત ત્રીજા દિવસે ગિરનાર પરનો રોપવે પ્રવાસીઓની સલામતી માટે બંધ રાખવામાં આવ્યો છે.


જૂનાગઢમાં ગઈકાલથી પવનની ગતિ વધતા લોકોને ગરમીથી રાહત મળી હતી. પરંતુ ભેજનું પ્રમાણ પણ વધતા શહેરમાં ઉકળાટ અને બફારો જણાઈ રહ્યો હતો. આજે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જૂનાગઢ શહેરનું મહત્તમ તાપમાન ૨૮,૬ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૩.૯ ડિગ્રી જ્યારે ભેજનું પ્રમાણ ૮૦% અને પવનની ગતિ ૧૧,૦ કિમી નોંધાઈ છે તો બીજી બાજુ આજે સવારથી જ જૂનાગઢ શહેર ઉપર ઘટાટોપ કાળા વાદળો છવાયા હતાં. ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ છવાયો હતો.

# સિહોર પંથકમાં ગાજવીજ સાથે છવાયો વરસાદી માહોલ

## કમોસમી વરસાદને કારણે ખેતરોમાં ઉભા પાકને નુકસાન થવાની ભીતિ

**અબતક, આનંદ રાણા,સિહોર**

સિહોર પંથકમાં ભરઉનાળે વરસાદી માહોલ સર્જાયો હતો, જેમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને ભારે પવન સાથે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ત્યારે વીજળીના કડાકા ભડાકા તેમજ કરા સાથે વરસાદ વરસ્યો હતો ગાજવીજ સાથે પડેલા આ વરસાદને કારણે ખેતરોમાં ઊભા પાકને નુકસાન થવાની સંભાવના છે. કમોસમી વરસાદ ખેડૂતો માટે ખરેખર ચિંતાજનક હોઈ શકે છે. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં અથવા પાક તૈયાર થવાના સમયે આવો વરસાદ



જોવા મળે છે. આ વરસાદ ખેતી અને સામાન્ય જનજીવન પર ઘણી અસર કરે છે.ઉનાળામાં જ્યારે પાક પાકવાની તૈયારીમાં હોય અથવા લણણીનો સમય નજીક હોય ત્યારે આવો વરસાદ પાકની ગુણવત્તા બગાડી શકે છે અને ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે. ભારે પવનને કારણે પાક પડી પણ જવાની શક્યતા રહે છે.

# વેરાવળ નગરપાલિકા દ્વારા પ્રી મોન્સુન કામગીરી હાથ ધરાય

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**


વેરાવળ-પાટણ નગરપાલિકા દ્વારા પ્રી- મોન્સુન કામગીરી હાથ ધરવામાં આવેલ છે ગયા વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૪ દરમિયાન પ્રી - મોન્સુનની ખુબ જ સરાહનીય કામગીરી થયેલ હતી જેથી શહેર માં પાણી ભરવાની સ્થિતિ ખુબ જ ઓછા પ્રમાણમાં સામે આવેલ હતી. આ વર્ષે પણ પ્રી - મોન્સુન કામગીરીનો મુખ્ય હેતુ એ જ છે કે વરસાદી પાણી કોઈ પણ વિસ્તારમાં ભરાય નહિ અને જો વિપુલ પ્રમાણમાં વરસાદ પડે તો જલ્દીથી પાણીનો નિકાલ થાય આ હેતુ સિદ્ધ કરવા માટે બંદર વિસ્તારની ગટર, વોર્ડ નંબર ૫ અને ૬ વિસ્તારમાં આવેલ કિરમાણી નગરની ગટર તેમજ ડોશી આમ વાળી ગટર અને વરસાદી પાણીનાં નિકાલ ની ગટરની કામગીરી નાયબ કલેકટર ચીફ ઓફિસર તેમજ વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખનાં માર્ગદર્શન હેઠળ ચાલુ કરવામાં આવેલ છે. વેરાવળ - પાટણ નગરપાલિકા વિસ્તારનું ડીજીટલ ગટર મેપિંગ કરતા જણાય છે કે અંદાજિત ૧૭ રનિંગ કિમી બોક્ષ ગટર તેમજ વરસાદી પાણી નાં નિકાલની ડ્રેનેજ સિસ્ટમ આવેલ છે આ તમામ વિસ્તારોમાં આવનારા સમયમાં ચોમાસા પહેલા આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. વિશેષ જણાવવાનું કે સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૨૫ કેચ ધ રેન મિશન ને સિદ્ધ કરવા અને પાણી નો વધુ માં વધુ સંગ્રહ કરવા દેવકા નદીનાં શહેરમાંથી નીકળતા ઈન્વેટના વોકળા ઊંડા કરવા જેથી પાણી સોસાયટી વિસ્તારમાં ન ભરાય તેમજ દેવકા નદીના કેચમેન્ટ ભાગમાં ઝાડી જાખરા સફાઈ કરવાની તેમજ ગોદાળશા તળાવ અને ડમ્પ સાઈટ પર આવેલ પ્રવાસન ઉપવન તળાવની સફાઈ તેમજ ઊંડું કરવાનું કામ આગામી સમય માં કરવામાં આવશે જેથી પાણી નો વધુ માં વધુ સંગ્રહ કરી શકાય અને પાણી ભરાવવાના પ્રશ્નનો નિકાલ કરી શકાય.

# વરસાદે હૈદરાબાદની આશાઓ પર ફેરવ્યું પાણી: પ્લેઓફની રેસમાંથી બહાર

## પ્રથમ બેટિંગ કરતા દિલ્હીની ટીમે ૭ વિકેટ ગુમાવીને ૧૩૩ રન બનાવ્યા, જો કે બાદમાં વરસાદ વિલંબ બનતા મેચ રોકી દેવાઈ

**અબતક, નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે કિસ્મતનો ખેલ ખરાબ રહ્યો છે. દિલ્હી કેપિટલ્સ સામેની તેમની મહત્વપૂર્ણ મેચ વરસાદને કારણે રદ થતાં, હૈદ્રાબાદની ટીમ સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે અને આ સિઝનમાં આઈપીએલ ટાઈટલ જીતવાનું તેમનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું છે. સનરાઈઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહેલી આ મેચમાં હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. હૈદરાબાદના બોલરોએ શિસ્તબદ્ધ બોલિંગ કરીને દિલ્હી કેપિટલ્સની ટીમને નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૩૩ રન પર રોકી દીધી હતી. જોકે, દિલ્હીનો દાવ પૂરો થતાં જ મેચ દરમિયાન વરસાદ શરૂ થયો. વરસાદ બંધ થયા બાદ મેદાન ખૂબ ભીનું હોવાને કારણે હૈદરાબાદની ટીમ બેટિંગ કરવા માટે મેદાનમાં આવી શકી નહીં. લાંબા ઈંતજાર બાદ અમ્પાયરોએ મેચ રદ કરવાનો નિર્ણય લીધો અને નિયમ મુજબ બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો. આ મેચ રદ થવી અને એક પોઈન્ટ મળવો એ સનરાઈઝર્સ હૈદરાબાદ માટે



જીવલેણ સાબિત થયું. હૈદ્રાબાદએ અત્યાર સુધીમાં આઈપીએલમાં કુલ ૧૧ મેચ રમી છે, જેમાંથી ટીમ ફક્ત ત્રણમાં જ જીતી શકી છે અને એક મેચ વરસાદને કારણે રદ થવાથી તેને એક પોઈન્ટ મળ્યો. આ રીતે, ૧૧ મેચ બાદ હૈદ્રાબાદના કુલ ૭ પોઈન્ટ છે. તેમનો નેટ રન રેટ માઈનસ ૧.૧૯૨ છે.ચાલુ સિઝનમાં હૈદરાબાદની હવે માત્ર ત્રણ મેચ બાકી છે. જો તે આ ત્રણેય મેચ જીતી જાય તો પણ તે મહત્તમ ૭ + ૬ = ૧૩ પોઈન્ટ સુધી જ પહોંચી શકશે. પોઈન્ટ ટેબલમાં હાલમાં જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર , પંજાબ કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ જેવી ટીમોના પોઈન્ટ ૧૪ કે તેથી વધુ છે. આવી સ્થિતિમાં, સનરાઈઝર્સ હૈદરાબાદ પોઈન્ટ ટેબલના ટોપ-૪માં પહોંચી શકે તેમ નથી. આ કારણે, તેઓ પ્લેઓફની દોડમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગયા છે અને આ સિઝનમાં આઈપીએલ ટાઈટલ જીતવાનું તેમનું સ્વપ્ન પણ પૂર્ણ થઈ શકશે નહીં. જો આ મેચ રદ ન થઈ હોત અને હૈદ્રાબાદ જીતી ગયું હોત, તો પ્લેઓફ માટેની તેમની આશા અકબંધ રહી હોત, પરંતુ વરસાદે તેમની આશા પર પાણી ફેરવી દીધું.

# જામનગર ક્રાઈમ ડાયરી

## લાલપુર: રૂ.૫૨.૪૬ લાખનો શરાબ નાશ કર્યો

### લાલપુર, મેઘપર, જામજોધપુર અને શેઠ વડાળા પોલીસ મથક દ્વારા ઝડપેલો ૯૭૨૦ બોટલ દારૂ પર રોડ રોલર ફેરવ્યું



**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર પોલીસ ડિવિઝન હેઠળ ના લાલપુર પોલીસ સ્ટેશન, મેઘપર (પડાણાં) પોલીસ સ્ટેશન, જામજોધપુર પોલીસ સ્ટેશન, અને શેઠ વડાળા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી પકડાયેલા કુલ ૫૨ લાખ ૪૬ હજારની કિંમતના ઈંગલિશ દારૂ અને બિયરના જથ્થાનો નાશ કરવા માટેની આજે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને લાલપુર ના ઢાંઢર નદી નજીકના વિસ્તારમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં બુલડોઝટ ફેરવી દેવાયું હતું, અને વિશાળ દારૂના જથ્થાનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો. જામનગર જિલ્લાના લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરકારી સમિતિના અધ્યક્ષ સ્થાને આઈ.પી.એસ. અધિકારી પ્રતિભા (મદદનીશ પોલીસ અધિક્ષક લાલપુર વિભાગ) તેમજ એસ.જે. અસ્વાર (સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાલપુર) ઉપરાંત પી.ટી. જયસ્વાલ (પો. ઈન્સ ઈ.ચા લાલપુર પોલીસ સ્ટેશન અને મેઘપર પોલીસ સ્ટેશન), એસ સી.વાળા (નશાબંધી અને આબકારી અધિકારી વિભાગ જામનગર) તથા વી.એસ.પટેલ (ઈ.ચા પો.ઈન્સ જામજોધપુર પોલીસ સ્ટેશ તથા શેઠ વડાળા પોલીસ સ્ટેશન) વગેરેની હાજરીમાં આજ રોજ લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઢાંઢાર નદીના કાઠે ભારતીય બનાવટ નો જુદા જુદા પોલીસ સ્ટેશનમાં જુદા જુદા ગુન્હા ઓમાં પકડાયેલ ઈંગલિશ દારૂ અને બિયર વગેરે નો નાશ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈંગ્લીશ દારૂની બોટલો, તથા બિયરના ટીન તેમજ ચપટા વગેરે મળી કુલ ૯૭૨૦ નંગ કે જેની કી.રૂ ૫૨,૪૬,૦૬૭ થાય છે, જેનો અદાલત ના હુકમ અન્વયે સમિતિ ના અધ્યક્ષ તેમજ સમિતિ સભ્યો ની હાજરી માં નાશ કરવામાં આવ્યો હતો, અને બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

## ધ્રોલ: તલાક આપતા ઉશ્કેરાયેલા પતિએ પત્નીના હાથ પગ ભાંગી નાખ્યા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલમાં રહેતી આમના બેન અનવરભાઈ નોબે નામની ૪૧ વર્ષની મુસ્લિમ યુવતીએ પોતાના ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી હાથ પગ ભાંગી નાખવા અંગે તેમજ માથામાં લોહી લુહાણ કરી નાખવા અંગે પોતાના પૂર્વ પતિ અનવર નુરમામદ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આમના બેન ને તેના પતિ સાથે વાંધો પડતાં તલાક આપ્યા હતા, જેનો ખાર રાખીને આરોપી ધોકા સાથે તેણીના ઘેર પહોંચી ગયો હતો, અને હુમલો કરી દીધો હતો. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

## વધુ એક ક્રિકેટનો સટ્ટાખોર એલસીબીના હાથે ઝડપાયો: બુકીનું નામ ખૂલ્યું

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમનારાઓને પોલીસ શોધી રહી છે, અને તેઓ સામે જુગારધારા ભંગ અંગેના કેસ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે એલસીબીની ટુકડીએ ગઈકાલે ગુલાબ નગર વિસ્તારમાંથી સિકંદર ઉર્ફે ડાડો ઈસાકભાઈ હાલાણી નામના શખ્સને પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે આઈ.પી.એલ. ની ક્રિકેટ મેચ પર જુગાર રમતા પકડી પાડ્યો છે.

જેની પાસેથી રોકડ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કરી લેવાયું છે, અને તેની સામે જુગાર ધારા અંગેનો ગુનો નોંધાવાયો છે. ઉપરાંત તેની પૂછપરછમાં તેણે જામનગરમાં શરૂ સેક્શન રોડ પર રહેતા દિવ્યરાજસિંહ ચૌહાણ પાસે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાનું કબૂલ્યુ હોવાથી તેને ફરારી જાહેર કરી શોધ ખોળ હાથ ધરી છે.

## શરીર સંબંધ બાંધવાના ગુનામાં આરોપીને ૧૦ વર્ષની સજા

**અબતક, જામનગર**

જામનગર માં એક યુવતી ને જામનગર થી રાજકોટ લઈ જઈ ત્યાં તેણી સાથે શરીર સંબંધ બાંધવ અંગે ના કેસ માં એક આરોપી ને ૧૦ વર્ષ ની સજા નો અદાલતે હુકમ કર્યો છે. જામનગરમાં રહેતી એક યુવતી ને તેની પડોશમાં એક મકાનમાં કામે આવતા અમિત નામના યુવાન સાથે પરિચય થયો હતો .ત્યાર પછી પોતા ના નાનાભાઈ ની પત્ની હિરલબેન સાથે યુવતી ને મોબાઈલ ફોન મોકલ્યો હતો. જેમાં યુવક અને યુવતી બંને વાતો કરતા હતા. દરમિયાન તારીખ ૨૨/૭/૨૦૧૮ ના રોજ અમિત દિનેશભાઈ પઢીયાર એ યુવતી ને ફોન કરીને જણાવ્યું હતું કે આપણે પરિવાર સાથે બહારગામ ફરવા જવું છે. જ્યાં આરોપીના બહેન કિરણબેન ના ઘરે રોકાયા હતા. જ્યાં યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. અને ત્યાર પછી જામનગર પરત આવ્યા હતા. આ બનાવવા અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે ગુનો નોંધાયો હતો. આ અંગેનો કેસ સ્પેશિયલ પોકસો કોર્ટ ના જજ વી પી અગ્રવાલ સમક્ષ ચાલી જતા સરકાર પક્ષે ૧૯ શાહેદો તપાસવામાં આવ્યા હતા. તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવ્યા હતા. તમામ દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી અમિત દિનેશભાઈ પઢીયાર ને દસ વર્ષ ની સજા અને રૂ.૧૭ હજાર ના દંડ નો હુકમ કર્યો હતો. અને ભોગ બનનાર ને રૂ. બે લાખ નું વળતર ચૂકવવા પણ આદેશ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

## જીજી હોસ્પિટલ રોડ પર રીક્ષા અને સ્કૂટર વચ્ચેના અકસ્માત સ્કૂટર સવાર દંપત્તિ ઘાયલ

**અબતક, જામનગર**

જામનગર માં ગાંધીનગર વિસ્તારમાં રહેતા હેમંતકુમાર યોગેશ્વર કુમાર શર્મા નામના ૪૭ વર્ષના વિપ્ર યુવાન પોતાના પત્નીને સ્કૂટરમાં પાછળ બેસાડીને જામનગરના ભીડભંજન મહાદેવ મંદિરેથી દર્શન કરી પોતાના ઘર તરફ પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન બેડી બંદર રોડ પર પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૧૦-ટી.ઝેડ. ૩૭૪૫ નંબરની રીક્ષાના ચાર લાખ કે સ્કૂટરને ઠોકરે ચડાવી તેમાં નુકસાન પહોંચાડ્યું હતું, અને સ્કુટર ચાલક સુરપાલસિંહ હેમંતકુમાર તથા તેના પત્ની બંનેને ઈજા થઈ હતી, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે. આ અકસ્માતના મામલે હેમંતકુમારે ઓટો રીક્ષા ચાલક સામે સીટી બી.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે મામલે સીટી બી. ડિવિઝન પોલીસ તપાસ ચલાવે છે.

## હંગામી એસટી બસ ડેપોમાં મહિલાના પર્સમાંથી મોબાઈલ ફોન ચોરાયો

**અબતક, જામનગર**

જામનગરમાં રાજનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતા મીતાબેન નિલેશભાઈ દોશી નામના ૫૮ વર્ષના પ્રૌઢ મહિલા, કે જેઓ જામનગરના પ્રદર્શન મેદાનમાં બનાવેલા હંગામી બસ ડેપો પર મુસાફરી માટે આવ્યા હતા.

જે દરમિયાન ગીર્દીનો લાભ લઈને કોઈ તસ્કરો તેમના પર્સમાંથી મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે. જે મામલે સીટી બી. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## મહાનગરપાલિકાની કચરા ગાડીએ બે વર્ષની બાળકીને અડફેટમાં લેતા ગંભીર

**અબતક, જામનગર**

જામનગરમાં કાલાવડનાકા બહાર રબ્બાની પાર્ક વિસ્તારમાં આજે બપોરના સમયે જામનગર મહાનગરપાલિકાની જી.જે. ૧૦ ટી.એક્સ. ૩૩૨૧ નંબરની કચરા ગાડીએ ત્યાં રમી રહેલી બે વર્ષની એક માસુમ બાળકી ને હડફેટમાં લેતાં અફડા તફડી નો માહોલ સર્જાયો હતો, અને લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું.

બાળકી ઈજાગ્રસ્ત બની હોવાથી આ સમયે ત્યાં એકત્ર થયેલા લોકોએ તૂરત જ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ ને જાણ કરી હતી, અને ૧૦૮ ની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી, અને બાળકીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આ અકસ્માતની જાણ થતાં સિટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# સગાઈમાં નહિ આવો તો મારી નાખીશું કહી વેવાઈ સહિતનો હુમલો

## પાઈપ-લાકડી વડે માર મારતા પડધરીનું પ્રૌઢ દંપતી ઈજાગ્રસ્ત

**અબતક, રાજકોટ**

સગાઈમાં નહીં આવો તો બધાને જાનથી મારી નાખીશું કહી રાજકોટનાં વેવાઈ સહીતે પડધરીનાં વેવાઈ પર લોખંડનાં પાઈપ વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં વચ્ચે છોડાવવા પડેલા વેવાણને પણ માર મારવામાં આવ્યાનો બનાવ પડધરી પોલીસનાં ચોપડે નોંધાયો છે.

મામલામાં પડધરીનાં મોવૈયા ગામે બાલાજી પાર્કમાં રહેતા ૩૪ વર્ષીય ફૂલના વેપારી સાગરભાઈ મનસુખભાઈ સોલકીએ પડધરી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પડધરી રાણીપા દવાખાનાની સામે ફુલની દુકાન આવેલ છે ત્યા બેસી હુ તથા મારા બાપુજી ફુલનો વેપાર કરીએ છીએ. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, ગઈ તા ૦૪/૦૫/૨૫ ના બપોરના ચારેક વાગ્યે હું ફુલની દુકાને બેઠો હતો. તે દરમ્યાન મારા નાનાભાઈ મયુરના પત્ની પિન્ટુ બેનનો મારા ફોનમા ફોન કે, બાપુજીને માર મારેલ છે અને માથામાથી લોહી નીકળે છે જેથી તમે જલ્દી ઘરે આવો. જેથી હું તાત્કાલીક મારા ઘરે ગયેલ હતો જ્યાં મારા પિતા ફળીયામા લોહી લુહાણ હાલતમાં નીચે પડેલ હતા અને માતા ત્યાં બાજુમાં બેઠા હતા. જેથી મારા મમ્મીને બનાવ બાબતે પુછતા તેમણે જણાવેલ કે, તારો સાળો હીતેન સુરેશભાઈ મકવાણા, સસરા સુરેશ મુળજીભાઈ, સાળાનો દીકરો અજય કમલેશભાઈ, કમલેશ ચંદુભાઈ ફોરવ્હીલ લઈને ધસી આવેલ હતા. હિતેનના હાથમા લોખંડનો પાઈપ હતો જે માથાના ઉપરના ભાગે તારા બાપુજીને મારેલ અને હુ વચ્ચે પડતા સુરેશભાઈનાં હાથમા લાકડી હતી તેના વડે મને વાસાના ભાગે બેથી ત્રણ ઘા મારેલ હતા. અજય તથા કમલેશ જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી કહેતા હતા કે, જો અમારા ઘરે સગાઈના પ્રસંગમા તમો બધા નહી આવો તો અમે તમને જાનથી મારી નાખીશું. તેમ કહી બધા ફોર વ્હીલ લઈ જતા રહેલા હતા. બાદમાં યુવકે પત્ની મિતલ બાબતે પુછતા માતાએ કહેલ કે, તે બાળકો સાથે તારા સસરા સાથે જતી રહેલ છે. જેથી મે તરત ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી મારા બા-બાપુજીને સરકારી હોસ્પીટલ પડધરી ખાતે સારવાર અર્થ ખસેડ્યા હતા. બાદમાં વધુ સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. વધુમાં ફરિયાદીએ બનાવનું કારણ જણાવતા કહ્યું હતુ કે મારા મોટા સસરાના દિકરા કમલેશ ચંદુભાઈના દિકરાની સગાઈમા આવવા માટે આખા પરિવારને આવવાનુ આમંત્રણ આપેલ હતું. જે બાબતે મારા બાપુજીએ કહેલ કે મારો દિકરી તથા મારી વહુ મીતલ આવશે, હુ નહી આવુ કારણ કે તમે બધા મારી માતાના અવશાન વખતે આવ્યા ન હતા. જે બાબતનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હતો. મામલામાં પડધરી પોલીસે યુવકની ફરિયાદ પરથી રાજકોટનાં નવાગામમાં રહેતા હિતેન મકવાણા, સુરેશ મકવાણા, અજય, કમલેશ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

### (પહેલા પાનાનું ચાલું) વાતાવરણ પલ્ટો...

દસાડા, લખતર અને લીંબડી પંથકમાં વરસાદ નોંધાયા બાદ ચોટીલામાં માવઠાની અસરથી મુખ્ય બજારમાં ઢીંચણ સમાણા પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વેપારીઓને દુકાનો બંધ કરવાની ફરજ પડી હતી. જ્યારે ચોટીલા શહેરી વિસ્તાર સહિત આસપાસના ગામોમાં કરા સાથે કમોસમી વરસાદ પડતા લોકો કરા એકત્ર કરી વરસાદની મજા માણી હતી.

**ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા બાગાયત પાકોનો ફાળ ખરી પડવાનો ભય સર્જાયો શહેરી અને ગ્રામણીય વિસ્તારોમાં વાતાવરણમાં આવ્યો પલટો અચાનક ભારે પવન વરસાદ સાથે વંટોળિયો તથા નરસીપરા વિસ્તારમાં એક કેબિન પવનના કારણે ઊંધું પડી ગયું હતું.

### કાલે યુધ્ધ કવાયત...

નાગરિક સંરક્ષણ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવા આદેશ આપ્યો છે.

આ કવાયતનાં હેતુ પાછળ નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૬૨ માં ચીન અને ૧૯૬૫ - ૧૯૭૧ માં પાકિસ્તાન સાથે પૂર્ણ-સ્તરના યુદ્ધોને ધ્યાને લેવા ખુબ જરૂરી છે. આ નિર્ણય પાછળ જવાબદાર પરિબળ એ છે કે, કોઈપણ પ્રતિકૂળ હુમલાઓ સામે નાગરિક સંરક્ષણ મશીનરીની તૈયારીનું પરીક્ષણ અને વધારો કરવાનો છે. ૨૪૪ નાગરિક સંરક્ષણ જિલ્લાઓમાં વિવિધ જોખમો માટે સંવેદનશીલ તરીકે ઓળખાતા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

આ કવાયત યુદ્ધ જેવી પરિસ્થિતિનું અનુકરણ કરશે, જેમાં હવાઈ હુમલાની ચેતવણી આપનારા સાયરનનું સંચાલન કરીને તેમની અસરકારકતા ચકાસવી અને ભારતીય વાયુસેના સાથે હોટલાઈન અથવા રેડિયો સંચાર લિંક્સને સક્રિય કરવી શામેલ છે. તે બ્લેકઆઉટ પગલાંના અમલીકરણનું પરીક્ષણ કરશે.

૭ મેના રોજ યોજાનારી આ કવાયત જે ૧૯૬૨માં ચીન સાથે અને ૧૯૬૫ અને ૧૯૭૧માં પાકિસ્તાન સાથે થયેલા સંપૂર્ણ યુદ્ધોની યાદોને તાજી કરશે. તેનો હેતુ કંટ્રોલ રૂમ અને શેડો કંટ્રોલ રૂમની કાર્યક્ષમતા ચકાસવાનો અને વોર્ડન સેવાઓ, અગ્નિશામક, બચાવ કામગીરી અને ડેપો મેનેજમેન્ટ સહિત નાગરિક સંરક્ષણ સેવાઓની સક્રિયતા અને પ્રતિભાવ ચકાસવાનો છે.

ગૃહ મંત્રાલય હેઠળ આવતા ડિરેક્ટોરેટ જનરલ, ફાયર સર્વિસીસ, નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ્સ દ્વારા નાગરિક સંરક્ષણ કવાયતો હાથ ધરવા માટેનો સંદેશ રાજ્યના મુખ્ય સચિવો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટકર્તાઓને મોકલવામાં આવ્યો હતો. જે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, ગૃહ સચિવ અને સંરક્ષણ સચિવ સાથે સઘન ચર્ચાના દિવસે મોકલવામાં આવ્યો હતો.

સુરક્ષા કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોને પ્રતિકૂળ પરિસ્થિતિઓથી પોતાને બચાવવા માટે નાગરિક સંરક્ષણ પાસાઓમાં તાલીમ આપવાનો પણ રહેશે અને સ્થળાંતર યોજનાઓની તૈયારીનું મૂલ્યાંકન કરવાનો અને તેમના અમલીકરણનું રિહર્સલ કરવાનો રહેશે.

આ નિર્ણય હેઠળ ગૃહ મંત્રાલયે નાગરિક સંરક્ષણ નિયમો, ૧૯૬૮ ની કલમ ૧૯ હેઠળ ગૃહ મંત્રાલયને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગ્રામ્ય સ્તર સુધી નાગરિક સંરક્ષણ કવાયત અને રિહર્સલનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.

ગૃહ મંત્રાલયના પત્રમાં જણાવાયું છે કે, નાગરિક સંરક્ષણ કવાયતમાં જિલ્લા નિયંત્રક, વિવિધ જિલ્લા સત્તાવાળાઓ, નાગરિક સંરક્ષણ વોર્ડન/સ્વયંસેવકો, હોમગાર્ડ્સ (સક્રિય/અનામત સ્વયંસેવકો), રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, રાષ્ટ્રીય સેવા યોજના અને કોલેજ/શાળાના વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીની કલ્પના કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયના પત્રમાં જણાવાયું છે કે, આ કવાયતનો ઉદ્દેશ્ય વિવિધ નાગરિક સંરક્ષણ પગલાંની કાર્યકારી અસરકારકતા અને કાર્યકારી સંકલનનું મૂલ્યાંકન કરવાનો છે.

### રશિયા અને જાપાન...

''રાષ્ટ્રપતિ પુતિને નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ઘૃણાસ્પદ હુમલાના ગુનેગારો અને તેમના સમર્થકોને ન્યાયના કઠેડામાં લાવવા જ જોઈએ,'' પીએમ મોદીએ પુતિનને વિજય દિવસની ૮૦મી વર્ષગાંઠ પર અભિનંદન પણ આપ્યા અને આ વર્ષના અંતમાં વાર્ષિક શિખર સંમેલન માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું. આવી જ રીતે જાપાને પણ આતંકવાદ વિરુદ્ધ ભારતની સાથે રહેવામાં તતપરતા દાખવી છે.

### પાકિસ્તાન વેપલો...

હોય કે મધ્યસ્થી દેશો દ્વારા, તેમજ પડોશી દેશથી ટપાલ સેવાઓ અને પાર્સલ ડિલિવરી પર પ્રતિબંધ મૂક્યો છે. વહીવટીતંત્રે પાકિસ્તાનમાં નોંધાયેલા જહાજોને ભારતીય બંદરોમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂકયો હતો અને ભારતીય જહાજોને પાકિસ્તાની બંદરોમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જે બગડતા રાજદ્વારી સંબંધો વચ્ચે કડક વલણ દર્શાવે છે.''આ વ્યાપક પ્રતિબંધ, જેમાં પરોક્ષ આયાતનો પણ સમાવેશ થાય છે, કસ્ટમ અધિકારીઓને પાકિસ્તાની માલને ભારતમાં પ્રવેશતા અટકાવવામાં સક્ષમ બનાવશે,આના કારણે પાકિસ્તાન જે મધ્યસ્થી દેશ મારફત ૪૩૦૦ કરોડનો વેપલો કરે છે તે પણ અટકી જશે. આ અનિર્ણયને કારણે પાકિસ્તાનને મોટો ફટકો પડવાનો છે.

### ચેનાબ નદી...

જિલ્લામાં નદીનું પાણીનું સ્તર નોંધપાત્ર રીતે ઘટ્યું છે. જોકે, રામબનમાં બગલીહાર હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ ડેમમાંથી પાણીનો પ્રવાહ યથાવત રહ્યો હતો. આ નિર્ણયને લઈને રાજકીય પ્રતિક્રિયાઓ પણ આવી રહી છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ વડા પ્રધાન મોદીના નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં ભારત મક્કમ છે અને આપણા નાગરિકોનું પાણી અને લોહી એકસાથે વહી શકે નહીં. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ અગાઉ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયને સાહસિક ગણાવ્યો હતો. સ્થાનિક લોકોએ પણ સરકારના આ પગલાને સમર્થન આપ્યું છે અને પાકિસ્તાન તરફ પાણી રોકવાને મહત્વપૂર્ણ ગણાવ્યું છે.

આ ઘટનાને ૧૯૬૦માં થયેલી સિંધુ જળ સંધિ સાથે પણ જોડીને જોવામાં આવી રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે નવ વર્ષની વાટાઘાટો બાદ થયેલી આ સંધિમાં વિશ્વ બેંક પણ સામેલ હતી. આ સંધિ મુજબ, પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ, ચિનાબ) પાકિસ્તાનને અને પૂર્વીય નદીઓ (રાવી, બિયાસ, સતલજ) ભારતને ફાળવવામાં આવી છે, છતાં બંને દેશોને ચોક્કસ ઉપયોગના અધિકારો અપાયા છે. ભારતને સિંધુ નદી પ્રણાલીના ૨૦% અને પાકિસ્તાનને ૮૦% પાણી મળે છે. ૨૦૧૯ના પુલવામા હુમલા બાદ પણ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની ચર્ચાઓ થઈ હતી અને પહેલગામ હુમલા બાદ ફરીથી આ સંધિ અને પાણીના ઉપયોગ અંગે ભારતનું કડક વલણ જોવા મળી રહ્યું છે. આ સંધિ તણાવ અને સંઘર્ષો વચ્ચે પણ ટકી રહી છે, પરંતુ તાજેતરના પગલાં સરહદ પારના આતંકવાદ સામે ભારતના મક્કમ નિર્ધારને દર્શાવે છે.

### રૂપિયો...

બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. અગાઉ મે મહિનામાં પણ આવો જ વધારો કરવામાં આવ્યો હતો. એટલે કે બે મહિનામાં બજારમાં દરરોજ કુલ ૮ લાખ બેરલ વધારાનો પુરવઠો આવી રહ્યો છે.

૨૦૨૫ ની શરૂઆતથી, ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ ૨૦%નો ઘટાડો થયો છે. ગોલ્ડમેન સેક્સે આ વર્ષે યુએસ ક્રૂડ માટેનો અંદાજ ઘટાડીને ૫૬ ડોલર પ્રતિ બેરલ કર્યો છે. તેમનું કહેવું છે કે ઓપેક પ્લસ પાસે વધારાની ઉત્પાદન ક્ષમતા છે, પરંતુ બીજી તરફ, યુએસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટેરિફ નીતિ પણ મંદીના જોખમને વધારી રહી છે. આ કારણે તેલની માંગ નબળી રહી શકે છે.

શેવરોન અને એક્સોન જેવી મોટી કંપનીઓએ પણ નબળા ત્રિમાસિક પરિણામો નોંધાવ્યા હતા કારણ કે નીચા ભાવે નફામાં ઘટાડો કર્યો હતો. બેકર હ્યુજીસ અને એસએલબી જેવી સેવા કંપનીઓ કહે છે કે આ વર્ષે તેલ સંશોધન અને ઉત્પાદનમાં રોકાણ ઓછું રહેશે કારણ કે કિંમતો નબળી રહેશે.દિવસ દરમિયાન, ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૪.૪૫ પર ખુલ્યો અને ડોલર સામે ૮૪.૧૦ ની ઊંચી સપાટી અને ૮૪.૪૭ ની નીચી સપાટીને સ્પર્શ્યો. ટ્રેડિંગના અંતે, રૂપિયો ૮૪.૩૦ પ્રતિ ડોલર પર બંધ થયો, જે તેના અગાઉના બંધ સ્તરથી ૨૭ પૈસાનો વધારો દર્શાવે છે. શુક્રવારે, વધઘટ વચ્ચે રૂપિયો સાત મહિનાની ટોચે પહોંચી ગયો હતો. પરંતુ અંતે તે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૪.૫૭ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ થયો. દરમિયાન, ડોલર ઈન્ડેક્સ, જે છ મુખ્ય ચલણોની ટોપલી સામે ગ્રીનબેકની મજબૂતાઈને માપે છે, તે ૦.૩૮ ટકા ઘટીને ૯૯.૬૪ પર આવી ગયો.

### ન્યાયાધીશોની મિલ્કત...

સહિત વીસ અન્ય ન્યાયાધીશોની સંપત્તિની માહિતી વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે.આ પગલું ૧ એપ્રિલના રોજ ચીફ જસ્ટીઅ સંજીવ ખન્નાના નેતૃત્વમાં મળેલી ફુલ કોર્ટ મીટિંગ પછી લેવામાં આવ્યું છે. જ્યાં બધા ન્યાયાધીશોએ તેમની મિલ્કત જાહેર કરવા સંમતિ આપી હતી. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે સેવા આપતા ન્યાયાધીશ યશવંત વર્માના નિવાસસ્થાનેથી રોકડ રકમની કથિત વસૂલાતને લગતા વિવાદની પૃષ્ઠભૂમિમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ ચીફ જસ્ટીસને તેમના સંપત્તિ નિવેદનો સબમિટ કરવા જરૂરી હતા, પરંતુ આ રજૂઆતો ગુપ્ત રાખવામાં આવી હતી.હવે ફુલ કોર્ટે નિર્ણય લીધો છે કે સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર સંપત્તિની ઘોષણા મૂકવી ફરજિયાત રહેશે.

### (છેલ્લા પાનાનું ચાલુ) અમિત ખૂંટ...

ઉલ્લેખનીય બાબત છે કે, શનિવારે રાત્રે એ ડિવિઝન પોલીસમાં અમિત ખૂંટ વિરુદ્ધ દુષ્કર્મ, પોક્સો સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ સોમવારે સવારે અમિત ખૂંટનો મૃતદેહ વાડીમાં લટકતી હાલતમાં મળી આવ્યો હતો. જે બાદ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ઘટનાસ્થળે દોડી ગયા હતા જ્યારે ગોંડલ નાગરિક બેંકનાં ડિરેક્ટર ગણેશભાઈ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.

મામલામાં મૃતકનાં મોટાભાઈ મનિષભાઈ દામજીભાઈ ખૂંટ(ઉ.વ. ૩૯ રહે. રીબડા, ઉમણીબારી, લોધીકા ચોકડી પાસે, ગોંડલ, રાજકોટ)એ ગોંડલ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમો બે ભાઈ છીએ. જેમા હું મોટો છુ અને મારાથી નાનો રાજેશ ઉર્ફે અમીત છે. અમીતભાઈના લગ્ન સુરત ખાતે રહેતા ધીરૂભાઈ પેથાણીની દિકરી બીનાબેન સાથે થયેલ છે અને અમીતભાઈને સંતાનમા એક દીકરો નામે મંત્ર ઉ.વ. ૯ નો છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા-૦૫/૦૫/૨૦૨૫ ના સવારના સાડા છ વાગ્યાની આસપાસ હુ મારા ઘરે હતો ત્યારે અમારા ગામના અશોકભાઈ કાનજીભાઈ ખુંટનો ફોન આવેલ કે, તાત્કાલીક લોધિકા રોડ ઉપર આવેલ સોબનવાડીએ આવો. જેથી હું તરત જ વાડીએ ગયેલ તો અશોકભાઈ વાડીએ હતા અને મારો ભાઈ અમીત પાણીના વોકળામાં ઝાડ ઉપર દોરડા વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતો હતો. જેથી મે મારા કાકા અનીલભાઈ તથા ઉમેશભાઈને ફોન કરી બનાવ બાબતે વાત કરી તાત્કાલીક વાડીએ બોલાવેલ હતા. ત્યારપછી ગામના તથા બીજા લોકો પણ આવી ગયેલ હતા અને પોલીસને જાણ કરતા પોલીસ આવી ગયેલી હતી. ત્યારપછી મારા ભાઈની લાશ ઝાડ ઉપરથી નીચે ઉતારી ગોંડલ સરકારી હોસ્પીટલ ખાતે પ્રાઈવેટ વાહનમાં પી.એમ. કરવા લઈ ગયેલ હતા. મારાભાઈની લાશ ઉતારેલ ત્યારે મારા ભાઈ અમીતભાઈના ખિસ્સામાથી ચાર ચીઠ્ઠીઓ મળી આવેલ હોય જેમા ગઈ વિધાનસભાની ચુંટણી વખતે અનિરૂધ્ધસિંહ મહીપતસિંહ તથા રાજદીપસિંહ અનિરૂધ્ધસિંહએ જમીનો પડાવી લીધેલ હોય તેનો વિખવાદ થયેલ હતો. જે બાબતે તેઓએ અમીતભાઈ ઉપર હુમલો કરેલ હોય જેનો અમીતભાઈએ કેસ કરેલ હોય તેમજ અનિરૂધ્ધસિંહને પોપટભાઈ લાખાભાઈ સોરઠીયાના મર્ડર કેસમાં સજા થયેલ હોય અને આ સજા માફી થયેલ હોય જેથી આ સજા માફી રદ કરવા અમીતભાઈએ ગૃહ ખાતાને અરજી કરેલ હોય જેથી અનિરૂધ્ધસિંહ મહીપતસિંહ તથા રાજદિપસિંહ અનિરૂધ્ધસિંહએ મળીને પૈસા આપી રીદ્ધી પટેલ તથા મીડીયામા બોલે છે તે પુજા રાજગોરએ મને હનીટ્રેપમાં ફસાવી, બળાત્કારનો ખોટો કેસ કરાવી, બદનામ કરેલ હોય તેમજ આ બધા ભેગા મળીને મારી સાથે ફ્રોડ કરેલ છે અને આ બધું રીબડાનાં અનિરૂધ્ધસિંહએ જ કરાવેલ છે અને અનેક વાર ધમકી આપી દમન ગુજારવામાં આવી છે જેથી આ લોકોના ત્રાસથી મરવા મજબુર કરેલ છે વગેરે સુસાઈડ નોટમાં લખેલ હતું.

સ્યુસાઈડ નોટમાં રીબડાનાં અનિરુદ્ધસિંહ મહીપતસિંહ, રાજદીપસિંહ અનિરુધ્ધસિંહ તેમજ રિદ્ધિ પટેલ અને પૂજા રાજગોરનું નામ સામે આવતા ગોંડલ તાલુકા પોલીસે મૃતકને હનીટ્રેપમાં ફસાવી, બળાત્કારનાં કેસમાં ફિટ કરી દેવાની ધમકીઓ આપી, મરવા મજબુર કરવા બદલ આપઘાતની ફરજ પાડવાનાં ગુના હેઠળ બીએનએસની કલમ ૧૦૮, ૬૧(૨), ૫૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર...

તપાસ કસોટી રૂપ સાબિત થઈ શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, જ્યાં સુધી તમામ આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી પરિજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે.

### જયરાજસિંહ રીબડા...

છે. આપઘાત કેસમાં અમારી સંડોવણી ખુલે તો હું પોલીસ સમક્ષ હાજર થવા તૈયાર છું. ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનું આ કાવતરું છે. જેમાં મને અને મારા પરિવારને ખોટી રીતે હેરાન કરવા કાવતરું ઘડવામાં આવ્યું છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા રીબડા આવ્યા પછી સુસાઈડ નોટમાં ઘણા બધા ચેડાં કરવામાં આવ્યા છે. મારૂ અને મારા પુત્ર રાજદીપનું નામ ખોટી રીતે ઉમેરી અમને ફસાવવાનું કાવતરૂ રચવામાં આવ્યું છે. પોલીસ ઉંડી ઉતરી તપાસ કરે તેવી મારી માગ છે. દુષ્કર્મ કેસની પીડિતાનો મેં કે મારા પરિવારે કોઈ કોન્ટેક્ટ કર્યો છે કે નહીં તે પોલીસ તપાસમાં સામે આવી જશે. પીડિતાનો નંબર મારા ફોનમાં કે એના ફોનમાં મારો નંબર નીકળે છે કે નહીં તેની પણ પોલીસ તપાસ કરે તેવી મારી માગ છે. પોલીસ સત્ય બહાર લાવવા ઉંડાણથી તપાસ કરે તે જરૂરી છે.

### કડી-વિસાવદર બેઠક...

પુરુષ, ૧,૨૫,૪૫૧ મહિલા અને ત્રીજી જાતિના ૪ મળી કુલ ૨,૬૧,૦૫૨ મતદારો નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૦૧લી એપ્રિલ, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત તા.૦૮ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદી મુજબ કડી વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૮૯,૩૭૦ જ્યારે વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨,૬૦,૮૬૭ મતદારો નોંધાયા હતા. મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુકલાએ જણાવ્યું હતું કે, ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશમાં મતદાર નોંધણી અધિકારી દ્વારા કરવામાં આવેલા નિર્ણય સામે કોઈ મતદારને વાંધો હોય તો મતદાર નોંધણી અધિકારીના નિર્ણય વિરુદ્ધ ફરિયાદ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીને અપીલ કરી શકાશે.


### આરટીઈમાં પ્રવેશ...

આગામી સમયમાં સમગ્ર રાજ્યમાં ૫૦ હજાર કે તેથી ઓછી આવકના દાખલા રજૂ કરી આરટીઈ હેઠળ પ્રવેશ મેળવેલ અરજદારોના આવકના દાખલાઓની જિલ્લા શિક્ષણાધિકારી કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા દાખલો ઈસ્યુ કરનાર કચેરી ખાતેથી ખરાઈ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે. જો ખરાઈ બાદ આવકના ખોટા દાખલાઓ ધ્યાન પર આવશે તો જિલ્લાકક્ષાએથી આવા બાળકોના આરટીઈ હેઠળના પ્રવેશ નિયામાનુસાર રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ધરાઈની બાલમુકુન્દ પ્રભુની હવેલીના મુખ્યાજી કૃષ્ણભાઈ જોશીનું અવસાન



**ધરાઈ :** અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામની વિશ્વ પ્રસિદ્ધ બાલમુકુન્દ પ્રભુની હવેલીના ટ્રસ્ટી અને મુખ્યાજી કૃષ્ણભાઈ બી જોષીનું રવિવાર તા.૦૪/૦૫/૨૦૨૫ના રોજ અવસાન થતા તેમનું બેસણું આગામી તા.૦૮/૦૫/૨૦૨૫ ગુરુવારના રોજ ધરાઈ મુકામે રાખવામાં આવ્યું છે અને તેમની એકાદશા તા.૧૪/૦૫/૨૦૨૫ બુધવાર તેમજ ઉત્તરક્રિયા તા.૧૫/૦૫/૨૦૨૫ ગુરુવારના રોજધરાઈ મુકામે રાખવામાં આવ્યું છે.

**જેતપુર :** દાઉદી વ્હોરા ઝેહરાબેન બદરૂદ્દીનભાઈ ખેતી (ઉ.વ.૯૫) તે મ. મેમુનાબેન (સાવરકુંડલા) રૂકસાનાબેન (મુંબઈ) નરગીસબેન, રિઝવાનાબેન (જેતપુર)ના માતા મુર્તઝાભાઈના નાની તા.૫ મે ૨૦૨૫ને સોમવારના રોજ જેતપુર મુકામે વફાત પામેલ છે. મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૭ મે ૨૦૨૫ને બુધવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે દાઉદ બાગ હુસેની ચોક જેતપુર ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો મો.૯૪૨૭૨૩૭૮૫૨ ઉપર વ્યકત કરવો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગોંડલઃ ગંગોત્રી સ્કુલે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં મેળવ્યું ઉત્કૃષ્ટ પરિણામ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ ધોરણ-૧૨ સાયન્સ અને કોમર્સનું પરિણામ જાહેર થયું ત્યારે ગોંડલની ગંગોત્રી સ્કૂલે શ્રેષ્ઠ પરિણામની પરંપરાને જાળવી ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા એવા સર ભગવતસિંહજી મહારાજ સાહેબના ગોકુળીયા ગોંડલને ગૌરવ અપાવ્યું. ગંગોત્રી સ્કૂલના ગુજરાતી માધ્યમના ધોરણ-૧૨ કોમર્સના પરિણામમાં દેલવાડીયા ધ્રુવીએ ૯૯.૯૯ પીઆર મેળવી સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમજ દેસાઈ પલકએ ૯૯.૯૮ પીઆર સાથે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન તેમજ સોલંકી રાજ, પરમાર હિરલ અને ટોળિયા ઓમએ ૯૯.૯૫ પીઆર સાથે બોર્ડમાં પાંચમુ સ્થાન તેમજ ગોંડલિયા ધ્રુવએ ૯૯.૯૩ પીઆર સાથે સમગ્ર ગુજરાત બોર્ડમાં સાતમું સ્થાન પ્રાપ્ત કરી ગંગોત્રી સ્કૂલ





## દેલવાડીયા ધ્રુવીએ ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડમાં પ્રથમ

અને ગોંડલનું ગૌરવ વધાર્યું છે.

આ કોમર્સના પરિણામમાં ગોંડલની ગંગોત્રી સ્કૂલનું પરિણામ ૯૫.૩૫% છે. જેમાં એ-૧ ગ્રેડ ૨૯ વિદ્યાર્થીઓએ મેળવ્યા છે. જેમાં બોર્ડ ટોપટેનમાં ૦૬ વિદ્યાર્થીઓ અને ૯૯ પીઆર ઉપર ૨૧ વિદ્યાર્થીઓ, ૯૮ પીઆર ઉપર ૩૩ વિદ્યાર્થીઓ, ૯૭ પીઆર ઉપર ૩૮ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. આ ઉપરાંત એસ.પી. એન્ડ સીસી વિષયમાં ૧૦ વિદ્યાર્થી ૧૦૦ માંથી ૧૦૦ તેમજ સ્ટેટ વિષયમાં ૦૭ વિદ્યાર્થી ૧૦૦ માંથી ૧૦૦ તેમજ એકાઉન્ટમાં ૦૩ વિદ્યાર્થી ૧૦૦ માંથી ૧૦૦ અને બી.એ. વિષયમાં ૦૨ વિદ્યાર્થી ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ મેળવ્યા છે.

ધોરણ-૧૨ સાયન્સમાં ગોંડલની ગંગોત્રી સ્કૂલનું પરિણામ ૯૬.૩૯ % છે. જેમાં એ-વન ગ્રેડ ૦૫ વિદ્યાર્થીઓને અને એ-૨ ગ્રેડ ૧૭ વિદ્યાર્થીઓએ મેળવ્યા છે. જેમાં ૯૯ પીઆર ઉપર ૦૬ વિદ્યાર્થીઓ, ૯૮ પીઆર ઉપર ૦૯ વિદ્યાર્થીઓ, ૯૭ પીઆર ઉપર ૧૨ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. આ ધોરણ ૧૨ કોમર્સ અને સાયન્સના શ્રેષ્ઠ પરિણામનો શ્રેય ગંગોત્રી સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ સરએ વિદ્યાર્થીઓ, શિક્ષકોને અને વાલીઓને આપ્યો છે. આ સાથે શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવેલ.

આજે જ્યારે ગંગોત્રી સ્કૂલનું ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે ત્યારે શ્રેષ્ઠ પરિણામ લાવનાર દરેક વિદ્યાર્થીઓને હાર પહેરાવી, મીઠાઈ ખવડાવી અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ આતિશબાજી દ્વારા શ્રેષ્ઠ પરિણામની ઉજવણી કરવામાં આવી હતી. આ શ્રેષ્ઠ સાયન્સનું શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ એ-વન ગ્રેડ મેળવતા ૦૫ વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ ને ૧૨ સાયન્સની બન્ને વર્ષની સંપૂર્ણ ફી પરત કરવાની સંચાલક સંદીપસરએ જાહેરાત કરી હતી. આ જાહેરાતથી વિદ્યાર્થી અને વાલીમાં ખુશીનો માહોલ છવાય ગયેલ હતો.

# અમરેલીની ગજેરા વિદ્યાસભા સ્કુલનું સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં સર્વોત્તમ પરિણામ

### કેમ્પસ ડાયરેક્ટર વસંત પેથાણીએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મીઠાઈ ખવડાવી શુભેચ્છા પાઠવી





**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉજવળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ સંસ્થા મેનેજમેન્ટ વતી તેમજ તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી. સામાન્ય પ્રવાહનું ૯૮% અને વિજ્ઞાન પ્રવાહનું ૯૮.૬૮% પરિણામ પ્રાપ્ત કરતા સમગ્ર કેમ્પસમાં અને વિદ્યાર્થીઓના પરિવારમાં હર્ષોલાસ જોવા મળેલો હતો.

સંસ્થા મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ધોરણ ૧૧ માં અને અન્ય તમામ ધોરણમાં કોઈપણ એન્ટ્રન્સ ટેસ્ટ વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે જેથી કરીને આ સંસ્થાની પ્રાથમિકતા દરેક વિદ્યાર્થી પાસ



થાય અને હોશિયાર વિદ્યાર્થી અ૧ અને અ૨ ગ્રેડ મેળવે તે માટે તમામ સ્ટાફ અને મેનેજમેન્ટ સંપૂર્ણ વર્ષ આગવી શૈક્ષણિક પદ્ધતિઓથી અભ્યાસ કરાવવામાં આવે છે સાથે સાથે વ્યવસાયલક્ષી અભ્યાસ પણ કરાવવામાં આવે છે જેથી કરીને વિદ્યાર્થીઓ આગળ રોજગારી ઊભી કરી શકે.

જે વિદ્યાર્થીઓ હોશિયાર હોય તે વિદ્યાર્થીઓનું પરિણામ બેસ્ટ આવે છે પરંતુ જે વિદ્યાર્થીઓને પહેલેથી જ અભ્યાસમાં વીક હોય તે વિદ્યાર્થીઓને સારું પરિણામ લાવવા માટે અને હોશિયાર હોય તેને અલગ પદ્ધતિ અપનાવી એ મુજબનું અભ્યાસ કરાવવામાં આવે તે ખૂબ જરૂરી છે.

તેને આજે સાર્થક કરતું આ ગજેરા કેમ્પસ જેના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અમરેલી જિલ્લાના અને ગુજરાત રાજ્યના તમામ વિદ્યાર્થીઓને સર્વોત્તમ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીઃ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામોમાં ઓક્સફર્ડ સ્કૂલની વિદ્યાર્થીની જિલ્લામાં પ્રથમ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના પરિણામો જાહેર થયા છે.ત્યારે અમરેલી જિલ્લાએ ૮૩.૨૫%નું ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ સફળતામાં અમરેલી શહેરની ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થિની વિરપરા હસ્તીએ ૯૯.૯૫ પર્સેન્ટાઈલ મેળવીને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાયન્સ મેરિટમાં પણ ૩૦૦ ગુણમાંથી ૨૯૬ ગુણ મેળવી ઓક્સફર્ડ સ્કૂલનો વિદ્યાર્થી સુદાણી તૃષિક જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. ગુજકેટ પરીક્ષામાં ૧૧૩.૭૫ ગુણ મેળવી સંસ્થાના વિદ્યાર્થીઓ ધંધુકિયા પ્રિયાંશી અને ત્રિવેદી પાર્થ જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. સંસ્થાના કુલ ૨૧૦ વિદ્યાર્થીઓમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ છે, જેમાં ૧૨ એ૧ ગ્રેડ, ૫૦ - એ-૨ ગ્રેડ, ૪૩ - બી-૧ ગ્રેડ અને ૬૩ વિદ્યાર્થીઓએ ૯૦ ઉપર પી.આર. મેળવેલ છે. ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સે આ વર્ષે પણ પોતાની ઉચ્ચ શિક્ષણની પરંપરા જાળવી રાખી છે. શાળાના ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવીને શાળાની ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રણાલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.


# વાંકાનેરની જ્ઞાનગંગા સ્કુલના તેજસ્વી તારલાઓનો ડંકો

### ધો.૧૨ સાયન્સમાં મિત પટેલ અને ધો.૧૨ કોમર્સમાં કથન દોશીએ ૯૯.૯૯ પી.આર. મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ ધો.૧૨ સાયન્સ, ધો.૧૨ કોમર્સ અને ગુજકેટના પરિણામમાં વાંકાનેરની નંબર-૧ જ્ઞાનગંગા સ્કુલે પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે જ શ્રેષ્ઠ દેખાવ કરતા નંબર-૧ નો તાજ જાળવી રાખ્યો છે. જેમાં ધો.૧૨ સાયન્સના જાહેર થયેલ પરિણામમાં ૯૯-૯૯ પી.આર સાથે જ્ઞાનગંગા સ્કુલના વિદ્યાર્થી પટેલ મીતએ સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. આ ઉપરાંત પટેલ મીતએ આજે જાહેર થયેલા ગુજકેટ ના પરિણામોમાં પણ





૧૧૬.૨૫ ગુણ મેળવી ગુજકેટ ના પરિણામના અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી સમગ્ર વાંકાનેર કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. તેમજ ધો.૧૨ કોમર્સના બોર્ડના પરિણામમાં સમગ્ર ગુજરાત બોર્ડમાં વાંકાનેરની જ્ઞાનગંગા સ્કુલનો વિદ્યાર્થી ઝળકર્યો હતો.

જેમાં દોશી કથન હિતેષભાઈ એ. ૯૯.૯૯ પી.આર. તથા ૯૬.૫૭ ટકા માર્ક સાથે વાંકાનેર ઉપરાંત દોશી પરિવાર તથા જ્ઞાનગંગા સ્કુલનું ગૌરવ વધારેલ છે.

આ તકે દોશી કથનને સ્કુલના પ્રિન્સીપાલ યોગેન્દ્રસિંહ ઝાલા તથા શિક્ષકગણ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# અનુસૂચિત જાતિ વિભાગ હસ્તકની સરકારી આદર્શ નિવાસી શાળાઓનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

### વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓનું ૯૯.૮૨ ટકા પરિણામઃ આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને મંત્રી ભાનુબેન બાબરીયાએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યાં

**અબતક, રાજકોટ**

ધોરણ-૧૨ બોર્ડ અને ગુજકેટની પરીક્ષાનું પરિણામ જાહેર થયુ છે. જેમાં વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ ટકા, સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા પરિણામ આવ્યું છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થિઓએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યુ છે. આ ઉપરાંત વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ ૯૯.૮૨ ટકા પરિણામ હાંસલ કર્યું છે.

ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવનાર તમામ આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અભિનંદન પાઠવ્યાં છે. રાજયમાં અનુસુચિત જાતિ અને વિકસતી જાતિ હસ્તકની



સામાન્ય પ્રવાહની કુલ ૩૬ શાળાઓ કાર્યરત છે, જેમાં ૭૨૯ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા આપી હતી. આ તમામ વિદ્યાર્થીઓમાંથી ૭૨૮ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી ૯૯.૮૨ ટકા પરિણામ મેળવ્યું છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કુલ ૮ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ ૧૭૯ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. જેમાં ડીસ્ટીંકશન સાથે ૧૩૩ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. ફર્સ્ટ ક્લાસ સાથે ૪૦ વિદ્યાર્થીઓ તેમજ સેકન્ડ ક્લાસ સાથે ૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

તેવી જ રીતે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની કુલ ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતા ૫૫૦ વિદ્યાર્થીઓમાંથી ૫૪૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ ૯૯.૮૨ ટકા પરિણામ મેળવ્યું છે. જેમાં ડીસ્ટીંકશન સાથે ૪૨૩ વિદ્યાર્થીઓ સફળતા મેળવી છે. ફર્સ્ટ ક્લાસ સાથે ૧૦૮ વિદ્યાર્થીઓ તેમજ સેકન્ડ ક્લાસ સાથે ૧૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

# સાબરકાંઠા જિલ્લાનું ઉમેદગઢ કેન્દ્ર ૮૩.૩૬ ટકા પરિણામ સાથે 'અવ્વલ'

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**

ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૫ માં યોજાઈ હતી. જેનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર રાજ્યનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૩.૫૧ ટકા જ્યારે સાબરકાંઠા જિલ્લાનુ ૭૮.૩૬ ટકા પરીણામ નોંધાયેલ છે.

સાબરકાંઠા જિલ્લાના ૨૫૫૬ પૈકી ૨૫૫૧ વિદ્યાર્થીઓને પરીક્ષા આપી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાના એ-૧ ગ્રેડમાં ૧, એ-૨ ગ્રેડમાં ૧૦૪, વિદ્યાર્થીઓ બી-૧માં -૩૦૯, બી-૨માં- ૪૪૦, સી-૧માં ૫૦૦, સી-૨માં ૫૧૨ જ્યારે ડી- ૧૩૨, ઈ-૧ ૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના હિંમતનગર કેન્દ્રનું ૭૭.૯૧, ઈડરનું ૭૭.૬૮, તલોદનું ૮૩.૫૫ જ્યારે ખેડબ્રહ્મા ૬૯.૮૨, સૌથી વધુ ઉમેદગઢ ૮૯.૩૬ અને સૌથી ઓછુ વડાલી કેન્દ્રનું ૬૨.૦૭ ટકા પરીણામ જાહેર થયું.

સાબરકાંઠા જિલ્લામાં ૨૦ કેંદ્ર પર લેવાયેલ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં વિજયનગરના અંદ્રોખા કેંદ્રનું પરીણામ સૌથી વધુ ૯૮.૨૧ ટકા જ્યારે પ્રાંતિજ કેંદ્રનું સૌથી ઓછું ૮૧.૪૪ ટકા જાહેર થયુ છે.

# જૂનાગઢ જીલ્લામાં ધો.૧૨નું શ્રેષ્ઠ પરિણામ

## ગોંડલઃ રાજકુંવરબા વિદ્યાલયના ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ઝળહળતું પરિણામ

### નિકિતાબા જાડેજાએ ૯૭.૩૮ પી.આર. મેળવી પરિવારનું નામ રોશન કર્યુ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



ગોંડલ મહારાણી રાજકુંવરબા ગર્લ્સ હાઈસ્કુલ શિક્ષણ અને સંસ્કાર માં અગ્રેસર હોય છે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ નું પરિણામ શાળા નું ૧૦૦% આવેલ છે તેમાં ખાસ કરી ને કુ.નિકિતાબા ધર્મેન્દ્રસિંહ જાડેજા ૯૭.૩૮ પી. આર. તેમજ કુ.ઉર્વશીબા હરિશ્ચંદ્રસિંહ જાડેજા ૯૬.૯૪ પી. આર. સાથે ઉતરણી થઈ સંસ્થાનું સન્માન વધાર્યું છે. આ તકે રાજકુંવરબા વિદ્યાલય ના અધ્યક્ષા નામદાર રાજમાતા કુમુદકુમારીજી દ્વારા તમામ વિદ્યાર્થિની ઓ ને તેમજ ગૃહમાતા, શિક્ષક ગણ અને વ્યવસ્થાપક ગણ ને અભિનંદન પાઠવ્યાં. વિદ્યાર્થિનીઓ ઉતરોતર પ્રગતિ કરે અને ગોંડલ નું નામ શિક્ષણ ક્ષેત્રે રોશન કરે તેવી શુભકામના પાઠવી.

## વિજ્ઞાન પ્રવાહનું ૮૪.૪૯ ટકા અને સામાન્ય પ્રવાહનું ૮૯.૧૫ ટકા પરિણામ જાહેર

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગઈકાલે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જૂનાગઢ જિલ્લાનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૪.૪૮ ટકા અને સામાન્ય પ્રવાહનું ૮૯.૧૫ ટકા પરિણામ રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે, જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨૫૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૨૫૩૨ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૨૧૩૯ પાસ થયા છે.

જયારે જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૦૦૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૮૯૨૩ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૭૯૫૫ પાસ થયા છે.

જૂનાગઢ જિલ્લાનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું કેન્દ્ર મુજબ પરિણામ જોઈએ તો, જૂનાગઢ કેન્દ્રનું ૯૦.૯૦ ટકા, માણાવદર કેન્દ્રનું ૯૦.૦૨ ટકા, વિસાવદર કેન્દ્રનું ૮૯.૩૪ ટકા, ભેસાણ કેન્દ્રનું ૮૯.૬૨ ટકા, મેખડી કેન્દ્રનું ૯૬.૪૬ ટકા, કેશોદ કેન્દ્રનું ૮૯.૯૩ ટકા, માળીયાહાટીના કેન્દ્રનું ૮૯.૫૧ ટકા, મેંદરડા કેન્દ્રનું ૯૪.૯૭ ટકા, માંગરોળ કેન્દ્રનું ૭૯.૨૦ ટકા, લોએજ કેન્દ્રનું ૯૩.૩૩ ટકા, દીવરાણા કેન્દ્રનું ૮૫.૩૧ ટકા, અને ખોરાસા (ગીર)નું ૭૬.૪૪ ટકા પરિણામ આવ્યું છે.

## જેતપુરઃ વિવેકાનંદ વિનય મંદિરની વિદ્યાર્થીની હિના ડોસાણી ૯૯.૯૯ પી.આર સાથે કેન્દ્રમાં પ્રથમ



**અબતક, કરન બારોટ, જેતપુરઃ** જેતપુરમાં વિવેકાનંદ વિનય મંદિર શાળામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતી હિના ડોસાણીએ ૯૯.૯૯ પી.આર. સાથે વિવેકાનંદ વિનય મંદિર શાળાનું નામ રોશન કર્યુ છે. હિના ડોસાણીના પિતા હુસેનભાઈ કુરિયરમાં ડિલીવરીમેન તરીક કામ કરે છે. અને માતા ઘર કામ કરે છે. તેમણે જેતપુર કેન્દ્રમાં પ્રથમ આવી પરિવારનું નામ રોશન કર્યુ

# ઉનાની શાહ એચ.ડી. હાઈસ્કૂલે બોર્ડની પરિક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું

**અબતક, ઉના**

ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત જૂનામાં જૂની સરકારી ગ્રાન્ટેડ શાહ એચ.ડી.હાઈસ્કૂલમાં બોર્ડની માર્ચ-૨૦૨૫માં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં પરિણામ જાહેર થતા ૫૬ વિદ્યાર્થીઓ ઉચ્ચ પી. આર મેળવી પાસ થતા શાળાનું ૮૭.૫૦ ટકા અને ઊના કેન્દ્રનું ૮૦.૭૧ ટકા પરિણામ આવેલ છે. તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમા ૧૦૧ વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી અને ૯૭ વિદ્યાર્થીઓ પાસ થતા શાળાનું ૯૬.૦૩ ટકા અને ઊના તાલુકાનું ૯૫.૨૭ ટકા ઉજ્જવળ પરિણામ આવેલ છે. ટોપ થ્રીમાં વાઘેલા મિલન ભીખા ભાઈ (૯૫.૭૯ પીઆર), વાજા ધ્રુવેશ લાલજીભાઈ (૯૩.૭૯ પીઆર), દમણિયા શૈઈલજા જીતેન્દ્ર (૯૨.૧૭ પીઆર) સાથે પાસ થયા હતા. જ્યારે ૧૨ સામાન્ય પ્રવાહમાં શ્યામ નરશીભાઈ બાંભણિયા (૮૭.૭૧%), ઋત્વિક વીરજીભાઈ પામક (૮૭.૧૪%), અજય કાન્તિભાઈ બાંભણિયા (૮૬.૪૩%) સાથે પાસ થઈ શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.


# દાહોદના લીમખેડામાં ભીષણ આગ ભભૂકતા ૧૦ કાચા મકાનો ભસ્મિભૂત

## ફાયર બ્રિગેડની ટીમો દ્વારા આગ પર કાબુ મેળવવા કવાયત નાયબ કલેક્ટર સહિતના અધિકારીઓ દોડી ગયા

**અબતક, રાજકોટ**

દાહોદનાં લીમખેડાના ચોલાકોટામાં ૧૦થી વધુ કાચા મકાનમાં આગ લાગી છે. ચીલાકોટાના મેડા ફળીયામાં આગ લાગી છે. હાલમાં આગ લાગવાની કારણ અકબંધ છે. ભારે વરસાદ અને ભારે પવનને પગલે મકાનોમાં આકસ્મિક આગ લાગી છે. આગની ઘટનાને પગલે દાહોદ ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયરની ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગને કાબુમાં લેવા માટે પ્રયત્ન કરી રહી છે. ત્યારે હાલ જેમના મકાનો આગમાં બળીને ખાખ થઈ ગયા છે, તે તમામ લોકોને પ્રાથમિક શાળામાં આશરો અપાયો છે.

દાહોદના લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામે વાવાઝોડા બાદ આકસ્મિક આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. ચિલાકોટા ગામે મેડા ફળિયામાં ૧૫-૨૦ ઘરોમા આકસ્મિક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. આગની ઘટનાને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો હતો. આગ લાગતા ભારે નુકસાન થયું છે, તમામ ઘરો બળને ખાખ થઈ ગયા છે. દાહોદ ફાયર બ્રિગેડ દ્વારા આગ નિયંત્રણની કામગીરી શરૂ કરાઈ છે. મામલતદાર, નાયબ કલેકટર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યો છે. દાહોદના લીમખેડામાં ભીષણ આગની ઘટના બની છે. લીમખેડાના ચોલાકોટામાં ૧૫ થી ૨૦ મકાનમાં આગ લાગી છે. ચીલાકોટાના મેડા ફળીયામાં આગ લાગી છે. હાલમાં આગ લાગવાની કારણ અકબંધ છે. ભારે વરસાદ અને ભારે પવનને પગલે મકાનોમાં આકસ્મિક આગ લાગી છે. આગની ઘટનાને પગલે દાહોદ ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયરની ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગને કાબુમાં લેવા માટે પ્રયત્ન કરી રહી છે. ત્યારે હાલ જેમના મકાનો આગમાં બળીને ખાખ થઈ ગયા છે, તે તમામ લોકોને પ્રાથમિક શાળામાં આશરો અપાયો છે.



# સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં અને વિજ્ઞાન પ્રવાહમાં કેમેસ્ટ્રીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ

## ધો.૧૨ સાયન્સમાં દરવખતની જેમ આ વખતે પણ કેમિસ્ટ્રી અને ફિઝિક્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓનો ભોગ લેવાયોઃ આંકડાશાસ્ત્રમાં ૭૫૫૬ જેટલા વિદ્યાર્થીઓ જ્યારે બીજા ક્રમે એકાઉન્ટમાં ૬૦૦૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા

**અબતક, અમદાવાદ**

ધો.૧૨ સાયન્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કેમિસ્ટ્રીમાં જ્યારે સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં નાપાસ થયા છે. કેમિસ્ટ્રીમાં ૧૬ હજાર કરતા વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર વિષયમાં ૭ હજાર કરતા વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે. આ ઉપરાંત સાયન્સમાં ફિઝિક્સમાં પણ ૧૫ હજાર કરતા વધુ અને મેથ્સમાં ૧૮૬૮ હજાર કરતા વધુ વિદ્યાર્થી નાપાસ થયા હતા. ધો.૧૨ સાયન્સમાં દરવખતની જેમ આ વખતે પણ કેમિસ્ટ્રી અને ફિઝિક્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓનો ભોગ લીધો હતો.

કેમિસ્ટ્રીમાં ૧૦૦૪૭૩ વિદ્યાર્થીઓમાંથી ૮૪૨૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૧૬૨૪૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે ફિઝિક્સમાં ૧૦૦૪૯૪ વિદ્યાર્થીઓમાંથી ૮૫૩૬૭ વિદ્યાર્થી પાસ થયા હતા. આમ, ફિઝિક્સમાં ૧૫૧૨૭ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. બાયોલોજીમાં ૬૪૦૮૩ વિદ્યાર્થીઓ પૈકી ૫૮૮૦૮ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ, બાયોલોજીનું ૯૧.૭૭ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૫૨૭૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે મેથ્સમાં ૩૬૪૦૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૪૫૩૭ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ, મેથ્સનું ૯૪.૮૭ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૧૮૬૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. મહત્વના વિષયો સિવાય અન્ય વિષયોમાં પણ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેમાં કમ્પ્યુટર વિષયમાં ૨૧૯૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે અંગ્રેજી દ્વીતીય ભાષામાં ૧૦૮૦ વિદ્યાર્થી નાપાસ થયા હતા. ઉપરાંત ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં મુખ્ય વિષય ગણાતા એવા આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ વિષયમાં ખુબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું જાણવા મળે છે. સામાન્ય પ્રવાહના પરિણામમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ આંકડાશાસ્ત્રમાં નાપાસ થયા છે. આંકડાશાસ્ત્રમાં ૭૫૫૬ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે બીજા ક્રમે એકાઉન્ટમાં ૬૦૦૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અંગ્રેજીમાં ૫૧૩૮ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. કમ્પ્યુટરમાં ૨૭૫૭, અર્થશાસ્ત્રમાં ૪૭૨૨, ઓર્ગેનાઈઝેશન ઓફ કોમર્સમાં ૪૧૭૦, ફિલોસોફીમાં ૨૫૯૫, ગુજરાતી પ્રથમ ભાષામાં ૧૧૮૯, સંસ્કૃતમાં ૧૪૪૬, સાયકોલોજીમાં ૧૩૩૮, સોસિયોલોજીમાં ૧૦૮૫, જ્યોગ્રાફીમાં ૬૩૩, હિન્દીમાં ૩૭૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

# આર્થિક મહાસત્તા બનવામાં વર્ષના અંતે ભારત ચોથા ક્રમે પહોંચી જશેઃ આગામી ત્રણ વર્ષમાં વધુ એક ક્રમનો છલાંગ લગાવશે!!!

## વર્ષના અંતે ભારતનો નોમિનલ જીડીપી ૪,૧૮૭.૦૧૭ બિલિયન ડોલર થવાની શક્યતા, જે જાપાનના અંદાજિત ૪,૧૮૬.૪૩૧ બિલિયન ડોલર કરતાં સહેજ વધુ

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએફ) દ્વારા એપ્રિલ ૨૦૨૫માં પ્રકાશિત થયેલા નવીનતમ વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ અનુસાર, ભારત વૈશ્વિક અર્થતંત્રમાં એક મહત્વપૂર્ણ છલાંગ લગાવવા જઈ રહ્યું છે. આ રિપોર્ટમાં કરવામાં આવેલા અનુમાન મુજબ, ભારત ૨૦૨૫માં વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. આ વિકાસ ભારતની સતત મજબૂત આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્તરે વધતા મહત્વને રેખાંકિત કરે છે.

આઈએમએફના અનુમાન મુજબ, ભારત ૨૦૨૫માં જાપાનને પાછળ છોડી દેશે. ૨૦૨૪માં પાંચમા ક્રમે રહેલું ભારત ૨૦૨૫માં ચોથા ક્રમે પહોંચી જશે. આ વર્ષ માટે ભારતનો નોમિનલ જીડીપી ૪,૧૮૭.૦૧૭ બિલિયન ડોલર થવાની શકયતા છે, જે જાપાનના અંદાજિત ૪,૧૮૬.૪૩૧ બિલિયન ડોલર કરતાં સહેજ વધુ છે. આ આંકડા દર્શાવે છે કે ભારત આર્થિક વિકાસની ઝડપી ગતિ જાળવી રહ્યું છે.

આ ઝડપી વૃદ્ધિ આગામી વર્ષોમાં પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. આઈએમએફના મતે, ભારત ૨૦૨૮ સુધીમાં જર્મનીને પણ પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. ૨૦૨૮માં ભારતનો જીડીપી ૫,૫૮૪.૪૭૬ બિલિયન ડોલર થવાનો અંદાજ છે, જ્યારે જર્મનીનો જીડીપી ૫,૨૫૧.૯૨૮ બિલિયન ડોલર રહેવાની શકયતા છે. આ ઉપરાંત, ભારત ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રનો મહત્વપૂર્ણ લક્ષ્યાંક હાંસલ કરી લેશે તેવું પણ અનુમાન છે, જ્યારે જીડીપી ૫,૦૬૯.૪૭ બિલિયન ડોલર પર પહોંચી જશે.

વૈશ્વિક સ્તરે, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ચીન ૨૦૨૫માં પણ પ્રથમ અને દ્વિતીય સ્થાને યથાવત રહેશે અને આગામી દાયકા સુધી આ સ્થિતિ જાળવી રાખવાની અપેક્ષા છે. જોકે, આઈએમએફ એ તેના અહેવાલમાં એક મહત્વપૂર્ણ ચેતવણી પણ આપી છે કે છેલ્લા ૮૦ વર્ષથી ચાલી રહેલી વૈશ્વિક આર્થિક વ્યવસ્થા ફરીથી સેટ થઈ રહી છે, જે વિશ્વને એક નવા આર્થિક યુગ તરફ દોરી રહી છે અને આ પ્રક્રિયામાં અનિશ્ચિતતાઓ પણ રહેલી છે.જોકે, આઈએમએફ એ ૨૦૨૫ માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરના તેના અનુમાનમાં થોડો ઘટાડો કર્યો છે. અગાઉ જાન્યુઆરી ૨૦૨૫માં ૬.૫% વૃદ્ધિનો અંદાજ હતો, જે હવે ઘટાડીને ૬.૨% કરવામાં આવ્યો છે.


આ ઘટાડો વૈશ્વિક વેપાર તણાવ અને અનિશ્ચિતતા, ખાસ કરીને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવાયેલા ટેરિફ સંબંધિત નિર્ણયોને કારણે થયો છે. તેમ છતાં, આઈએમએફ એ નોંધ્યું છે કે ભારતની વૃદ્ધિ ખાનગી વપરાશ, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મજબૂત રહેવાની અપેક્ષા છે, જે આર્થિક વિકાસને ટેકો પૂરો પાડશે.

# ક્રિકેટર મોહમ્મદ શમીને જાનથી મારી નાખવાની ધમકી મળી

## શમીને ૧ કરોડ રૂપિયા ન ચૂકવવા બદલ આ ધમકી મળીઃ અમરોહા ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ શરૂ કરી

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી ૨ ઈમેલથી આપી છે.શમીના મોટા ભાઈ હસીબે જણાવ્યું કે આ ધમકી રાજપૂત સિંધાર નામના મેઈલ આઈડી પરથી આવી છે. પહેલો મેઈલ ૪ મેના રોજ સાંજે આવ્યો અને બીજો મેઈલ ૫ મેના રોજ સવારે આવ્યો. મેઈલમાં લખ્યું છે, જો તમે મને ૧ કરોડ રૂપિયા નહીં આપો તો હું શમીને મારી નાખીશ અને તેના શરીરને બેગમાં ભરી દઈશ. સરકાર અમને કંઈ કરી શકશે નહીં.હસીબની ફરિયાદ પર, અમરોહા પોલીસના સાયબર સેલે આ મામલે એફઆરઆઈ નોંધી છે. મોહમ્મદ શમી આ દિવસોમાં આઈપીએલ ૨૦૨૫માં વ્યસ્ત છે. તે સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમ તરફથી રમી રહ્યો છે. ધમકીભર્યા મેઈલમાં લખ્યું છે, અરે શમી, અમે તને મારી નાખીશું અને બેગમાં ભરી દઈશું. જો અમે તને મારી નાખીશું તો એ પ્રભાકર ડરી જશે. અમને બેંગલુરુના રામપુરામાં રહેતા પ્રભાકર પાસેથી ૧ કરોડ રૂપિયાની જરૂર છે. પ્રભાકરે તાજેતરમાં જ તેના દીકરા દિવિજના લગ્ન કરાવ્યા અને અમારી ૧ કરોડ રૂપિયાની રોકડ રકમ તેની પુત્રવધૂના ઘરે છુપાવી દીધી. પ્રભાકરની પત્નીનું નામ લક્ષ્મી છે. પ્રભાકર તેના દીકરાના લગ્ન પછી અમારા ફોન ઉપાડી રહ્યો નથી. પોલીસ અમારું કંઈ કરી શકે નહીં, અમે કર્ણાટક સરકારને પડકાર ફેંકીએ છીએ.




# ઈન્ડિયન આઈડલ-૧૨નો વિનર પવનદીપ રાજન રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયો!!

## અકસ્માતમાં પવનદીપને બંને પગમાં ફ્રેક્ચરઃ ડ્રાઈવર રાહુલ સિંહની ગફલતને કારણે અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન આઈડલ ૧૨ ના વિજેતા અને જાણીતા ગાયક પવનદીપ રાજન સોમવારે ઉત્તર પ્રદેશના અમરોહામાં એક ગંભીર માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા. આ દુર્ઘટનામાં પવનદીપ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પવનદીપ, તેનો ડ્રાઈવર રાહુલ સિંહ અને મિત્ર અજય મહેરા એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઉત્તરાખંડના ચંપાવતથી નોઈડા જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી.

પ્રાથમિક તપાસ મુજબ, આ અકસ્માત ડ્રાઈવર રાહુલ સિંહની ગફલતને કારણે થયો હતો. વાહન ચલાવતી વખતે રાહુલ સિંહને ઝોકું આવી ગયું હતું, જેના કારણે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતા કાર આગળ ચાલી રહેલા આઈશર કેન્ટર ટ્રકના પાછળના ભાગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારને ઘણું નુકસાન થયું હતું અને તેમાં સવાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.અકસ્માત બાદ તાત્કાલિક સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. આ અકસ્માતમાં પવનદીપ, તેનો ડ્રાઈવર રાહુલ અને મિત્ર અજય ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ખાસ કરીને પવનદીપને બંને પગમાં ફ્રેક્ચર થયું હતું અને માથામાં પણ ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમની ગંભીર હાલત જોતા તેમને વધુ સારી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય લેવાયો હતો.



ગંભીર ઈજાઓના કારણે, પવનદીપને નોઈડાની ફોર્ટિસ હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ) માં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ તબીબી દેખરેખ હેઠળ છે. ગજરૌલા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું છે કે આ મામલે વધુ તપાસ ચાલી રહી છે અને અકસ્માતગ્રસ્ત બંને વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે. નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે જો આ મામલે કોઈ લેખિત ફરિયાદ નોંધાવવામાં આવશે તો કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ પવનદીપ અને તેના મિત્રોની હાલત સ્થિર હોવાનું જાણવા મળે છે, પરંતુ તેઓ હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# સોમનાથ-દ્વારકા સહિતના તીર્થસ્થાનોના વિકાસ માટે રૂ.૨૦૦ કરોડથી વધુનું રોકાણ કરાશે

## દ્વારકા, સોમનાથ, બહુચરાજી, ગિરનાર, પાવાગઢ, સિદ્ધપુર, ડાકોર, પાટણ અને પાલિતાણા જેવા તીર્થસ્થાનોની માળખાગત સુવિધાઓમાં વધારો કરાશે જેનાથી પ્રવાસન ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહન ઉપરાંત સ્થાનિક રોજગારને ઉત્તેજન મળશે

**અબતક, અમદાવાદ**

ગુજરાત ટુરિઝમ ક્ષેત્ર સતત વિકાસ કરી રહ્યું છે જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું નેતૃત્વ અને માર્ગદર્શન કારણભૂત છે. ગુજરાતમાં પ્રવાસન ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન સ્થળો અને તીર્થસ્થાનોનું વિશેષ મહત્વ રહેલું છે.ત્યારે શહેરી વિકાસ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત સરકાર રાજ્યમાં મંદિરની માળખાગત સુવિધા અને વિકાસ માટે ૨૦૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરશે. ગુજરાતમાં ધાર્મિક શહેરોના વિકાસ માટે આધુનિકીકરણ અને સાંસ્કૃતિક સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવા માટે એક વ્યાપક અભિગમની જરૂર છે. પ્રસ્તાવિત માળખાનો ઉદ્દેશ્ય આ સ્થળોને તેમના અને આધ્યાત્મિક સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને સુઆયોજિત શહેરી કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાનો છે. રાજ્ય સરકારે મંદિર શહેરોના પુનરુત્થાન માટે રૂ. ૨૦૦ કરોડની ખાસ ફાળવણી કરી છે, યુડીડીના સૂત્રએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અંબાજી, સોમનાથ, દ્વારકા, પાલિતાણા મંદિરો અને બીજા ઘણા પવિત્ર સ્થળો અને યાત્રાધામો આવેલા છે. સરકારની પહેલ આ શહેરોનું વધુ સારું આયોજન સુનિશ્ચિત કરશે. ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસના ઉદ્દેશથી દ્વારકા, સોમનાથ, બહુચરાજી, ગિરનાર, પાવાગઢ, સિદ્ધપુર, ડાકોર, પાટણ અને પાલિતાણા જેવા તીર્થસ્થાનોની માળખાગત સુવિધાઓમાં વધારો કરવામાં આવશે. જેનાથી આ શહેરોમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહન ઉપરાંત સ્થાનિક રોજગારને ઉત્તેજન મળશે.



# ગુજકેટમાં ૫૦ હજાર વિદ્યાર્થીઓને ૪૦ પર્સન્ટાઈલ લાવવામાં પણ ફાંફાં પડ્યાં

## એ ગ્રૂપના ૪૮૯ અને બ ગ્રૂપના ૭૯૦ મળી કુલ ૧૨૭૯ વિદ્યાર્થીના ૯૯ કરતા વધુ પર્સન્ટાઈલ આવ્યા

**અબતક, અમદાવાદ**

ધો.૧૨ સાયન્સના પરિણામ સાથે ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવામાં આવેલી ગુજકેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. ગુજકેટ માટે રાજ્ય તથા દેશના કુલ ૧.૩૦ લાખ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ પૈકી ૧.૨૬ લાખ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૩૭૧૫ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. ગુજકેટના પરિણામમાં ૫૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીને ૪૦ ટકા પર્સન્ટાઈલ લાવવામાં પણ ફાંફા પડી ગયા હતા. જ્યારે એ ગ્રૂપના ૪૮૯ અને બ ગ્રૂપના ૭૯૦ મળી કુલ ૧૨૭૯ વિદ્યાર્થીના ૯૯ કરતા વધુ પર્સન્ટાઈલ આવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૩ માર્ચના રોજ ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટ લેવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં ૧૨૯૯૧૨ વિદ્યાર્થીએ ગુજકેટ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. રાજ્યમાંથી ૬૮૨૩૦ વિદ્યાર્થી અને ૫૭૯૬૭ વિદ્યાર્થિનીએ ગુજકેટ આપી હતી. એ ગ્રૂપમાં કુલ ૪૯૨૫૯ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ, જે પૈકી ૪૭૭૩૯ વિદ્યાર્થીએ ગુજકેટ આપી હતી. બી ગ્રૂપમાં ૮૦૨૯૦ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ, જે પૈકી ૭૮૧૮૮ વિદ્યાર્થી ગુજકેટમાં ઉપસ્થિત રહ્યા હતા.

જયારે એબી ગ્રૂપમાં ૩૬૩ પૈકી ૨૭૦ વિદ્યાર્થીએ ગુજકેટ આપી હતી. આમ, કુલ ૧૨૯૯૧૨ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી ૧૨૬૧૯૭ વિદ્યાર્થીએ ગુજકેટ આપી હતી.દરમિયાન, શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા ગુજકેટના પરિણામમાં કુલ ૧૨૭૯ વિદ્યાર્થી ૯૯ પર્સન્ટાઈલથી વધારે લાવવામાં સફળ રહ્યા છે. જેમાં એ ગ્રૂપના ૪૮૯ અને બી ગ્રૂપના ૭૯૦ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ જ રીતે ૯૦ પર્સન્ટાઈલથી વધારે લાવનારા વિદ્યાર્થીની કુલ સંખ્યા ૧૨૭૪૧ છે. ગુજકેટમાં નોંધાયેલા વિદ્યાર્થી પૈકી ૫૦૪૩૯ વિદ્યાર્થીને ૪૦ પર્સન્ટાઈલ લાવવાના પણ ફાંફા પડી ગયા હતા. જેમાં એ ગ્રૂપના ૧૯૧૮૦ વિદ્યાર્થી ૪૦ પર્સન્ટાઈલ લાવી શક્યા ન હતા, અને બી ગ્રૂપના ૩૧૨૫૯ વિદ્યાર્થી ૪૦ પર્સન્ટાઈલ લાવી શક્યા ન હતા.

### અમેરિકામાં પણ ભારતીયોનો દબદબો!

# શૈક્ષણિક સિદ્ધિના કારણે ભારતીય અમેરિકાનો યુ.એસ.માં આર્થિક રીતે સૌથી આગળ!!!

## યુ.એસ.માં ભારતીય અમેરિકનોની વસતીમાં ૨૩ વર્ષમાં ૧૭૪%નો વધારો

**અબતક, રાજકોટ**

અમેરિકામાં વસતા ભારતીય મૂળના લોકોએ દેશના આર્થિક અને સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, ભારતીય અમેરિકનો યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ આર્થિક રીતે સફળ ઈમિગ્રન્ટ સમુદાયોમાંના એક તરીકે ઉભરી આવ્યા છે. આ અહેવાલ તેમના ઊંચા આવક સ્તર, શૈક્ષણિક સિદ્ધિઓ અને વસ્તી વૃદ્ધિ પર પ્રકાશ પાડે છે.

પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા ૧ મેના રોજ પ્રકાશિત કરાયેલા અભ્યાસ મુજબ, ૨૦૨૩ માં યુ.એસ.માં અંદાજે ૫.૨ મિલિયન લોકોએ પોતાની ઓળખ ભારતીય અમેરિકન તરીકે આપી હતી. આ આંકડો તેમને રાષ્ટ્રમાં બીજા ક્રમનું સૌથી મોટું એશિયન મૂળનું જૂથ બનાવે છે. જે લોકો ફક્ત ભારતીય તરીકે ઓળખાવે છે. તેમની વસ્તી ૨૦૦૦ માં ૧.૮ મિલિયનથી વધીને ૨૦૨૩ માં ૪.૯ મિલિયન થઈ છે, જે ૧૭૪% નો જબરદસ્ત વધારો દર્શાવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ભારતીય-મુખ્યત્વે ઘરોની સરેરાશ વાર્ષિક આવક ૨૦૨૩ માં ૧૫૧,૨૦૦ ડોલર હતી. યુ.એસ.માં જન્મેલા સમકક્ષો (૧૨૦,૨૦૦ ડોલર) કરતા ઈમિગ્રન્ટ-મુખ્યત્વે ઘરોની આવક વધુ (૧,૫૬,૦૦૦ ડોલર) હતી. આનાથી ભારતીય અમેરિકનો દેશના સૌથી વધુ કમાણી કરતા વસ્તી વિષયક જૂથોમાં સ્થાન પામે છે. ૧૬ વર્ષ અને તેથી વધુ ઉંમરના ભારતીય અમેરિકનોની વ્યક્તિગત કમાણી ૮૫,૩૦૦ હતી, જે એશિયન લોકોની સરેરાશ કમાણી ૫૨,૪૦૦ કરતા ઘણી વધારે છે.

શૈક્ષણિક સિદ્ધિ અને વ્યાવસાયિક લાભઃ અભ્યાસ દર્શાવે છે કે ભારતીય અમેરિકનોની આ નાણાકીય સફળતા તેમની ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ૨૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના લગભગ ૭૭% ભારતીય અમેરિકનો પાસે સ્નાતક અથવા ઉચ્ચ ડિગ્રી છે, જે સમગ્ર એશિયન અમેરિકનો માટેના ૫૬% દર કરતા નોંધપાત્ર રીતે વધારે છે. આ શૈક્ષણિક શ્રેષ્ઠતાને કારણે તેઓ ઉચ્ચ પગારવાળા ક્ષેત્રોમાં વ્યાપક વ્યાવસાયિક સફળતા હાંસલ કરી રહ્યા છે.

# ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં 'મોદી સ્કુલ' અગ્રેસરઃ ૧૦૦ ટકા પરિણામ


## જાડેજા મિતાણી ૯૯.૯૯ પી.આર. સાથે રાજયમાં પ્રથમ સ્થાને તેમજ ચંદારાણા જીલ ૯૯.૯૬ પી.આર. સાથે ચોથા ક્રમે

ગુજરાત 1st





JADEJA MITALEEBA DILIPSINH (COMMERCE)


ગુજરાત 4th




CHANDARANA JEEL (ARTS)

જામનગર 1st





વર્ષ-૨૦૨૪-૨૫ - ૧૨કોમર્સનું જે બોર્ડ દ્વારા પરિણામ જાહેર થયું તેમાં જામનગર જિલ્લાનું ૯૩.૬૧% પરિણામ રહ્યું છે. સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ શિક્ષણ આપતી મોદી સ્કૂલ જામનગરનું પરિણામ ૧૦૦% (ગુ.મા.) રહ્યું છે. સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને રહેતા જાડેજા મિતાલીબા દિલીપસિંહ ૯૯.૯૯ પીઆર અને ૬૮૦/૭૦૦ તેમજ સમગ્ર રાજ્યમાં ચોથા ક્રમાંકે રહેતા ચંદારાણા જીલ (આર્ટસ) ૯૯.૯૬ પીઆર સાથે ૬૬૯/૭૦૦ માર્કસ પ્રાપ્ત કરેલ છે. જામનગર મોદી સ્કૂલના ૧૯ વિદ્યાર્થીઓ એ એ૧ ગ્રેડ મેળવ્યો છે. ગુજરાત બોર્ડમાં ટો ૯૯+ પીઆર ઉપર ૧૪ વિદ્યાર્થીઓ.

મોદી સ્કૂલ જામનગર વિદ્યાર્થી ઓરીયન્ટ સ્કુલ છે. મોદી ગ્રુપ ઓફ સ્કુલનો ધ્યેય ઉચ્ચત્તમ શિક્ષણ દ્વારા સર્વશ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરવાનો છે. સર્વશ્રેષ્ઠ પરિણામ તેમજ સંસ્કારોના સિંચન દ્વારા જ સિધ્ધ થઈ રહ્યું છે. આ સમગ્ર પરિણામનો શ્રેય વાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ તથા મોદી સ્કૂલના ટ્રસ્ટીશ્રીઓ પારસભાઈ મોદી, હિત મોદી તેમજ આચાર્ય અને મોદી સ્કુલની ઉચ્ચલાયકાત અને સારી રીતે અનુભવી રાષ્ટ્રીય કક્ષાની ફેસીલીટી જેઓ વર્ષોથી સારૂ પરિણામ લાવે છે. તથા સ્કુલ મેનેજમેન્ટ ટીમના ફાળે જાય છે.

શાળામાં શિક્ષકો દ્વારા રેગ્યુલર લેક્ચર ઉપરાંત રેગ્યુલર ડીમેટ સ્લોવ રીવીઝન લેકચર અને લક્ષ્ય ટેસ્ટ સર્વીસ દ્વારા તૈયારી કરાવવામાં આવે છે. તથા શાળાના મેનેજમેન્ટ સ્ટાફ દ્વારા રેગ્યુલર ફલોઅપ વિદ્યાર્થીઓનું કાઉન્સવીલ તથા કારકીર્દી માર્ગદર્શન અને આત્મવિશ્વાસ વધારી અને આત્મનિર્ભર બનાવવા પ્રયત્ન કરવામા આવે છે, અને લાયબ્રેરી તથા વાંચનની સગવડતા ખૂબજ સારી છે. અને વિદ્યાર્થીઓના વાંચન પ્રત્યે પૂરતી કાળજી લેવામાં આવે છે.આટલા શ્રેષ્ઠતમ પરિણામની શ્રેય મોદી સ્કુલ માટે નહિ પણ સમગ્ર જામનગર જિલ્લા માટે ગૌરવની બાબત છે.

# હાલારમાં કાયદો અને વ્યવસ્થાનો તાગ મેળવતા રેન્જ આઈજી અશોકકુમાર



## એસ.પી. કચેરી ખાતે ગાર્ડ ઓફ ઓર્નર અપાયું વાર્ષિક ઈન્સ્પેકશન અને ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ






## એસ.પી. પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી જે.એન.ઝાલા, આર.બી.દેવધા, એલસીબી અને એસ.આ.જી.ના પી.આઈ. સહિતના ઉચ્ચ અધિકારી રહ્યા ઉપસ્થિત

રાજકોટ રેન્જના આઈજીપી અશોકકુમાર યાદવ નું આજે સવારે જામનગર ની એસ.પી. કચેરીમાં આગમન થયું હતું. તેઓને આજે ગાર્ડ ઓફ ઓર્નર અપાયું હતું.આ વેળાએ જામનગર જિલ્લાના એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા પુષ્પ ગુચ્છ આપીને સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું, જે વેળાએ જામનગર શહેર વિભાગના ડીવાય એસપી જે. એન. ઝાલા, પોલીસ હેડ કવાર્ટર ના ડીવાયએસપી વી.કે. પંડ્યા, જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર. બી. દેવધા, લાલપુર ડિવિઝન ના આઈપીએસ અધિકારી શ્રી પ્રતિભા, સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઈજીપી ને ગાર્ડ ઓફ ઓર્નર અપાયા બાદ એસપી કચેરીના કોન્ફરન્સ હોલમાં જામનગર પોલીસના શહેર વિભાગની ક્રાઈમ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, તેમાં તમામ પોલીસ અધિકારીઓની સાથે જામનગર શહેરના ત્રણેય પોલીસ ડિવિઝનના પી,આઇ, તથા એલસીબીના પી.આઈ. વી.એમ. લગારીયા, એસ.ઓ.જી. પી.આઈ. બી.એન. ચૌધરી, તેમજ અન્ય અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે છણાવટ કરવામાં આવી હતી. જામનગર શહેર વિભાગની ડી.વાય.એસ.પી. કચેરીનું વાર્ષિક ઈન્સ્પેકશન રાખવામાં આવ્યું હતું, જેને અનુલક્ષીને આઈજીપી અશોકકુમાર યાદવ દ્વારા શહેરની ડી.વાય.એસ.પી. કચેરીની મુલાકાત લેવામાં આવી હતી, અને વાર્ષિક કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

આ વેળાએ તેઓની સાથે જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, તેમજ શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, ઉપરાંત જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર.બી. દેવધા, પોલીસ હેડ કવાર્ટર ના ડીવાયએસપી વી.કે. પંડ્યા, એલસીબીના પી.આઈ. વી.એમ. લગારીયા, એસ.ઓ. જી.ના પી.આઈ. બી.એન. ચૌધરી એલ.સી.બી. ના પી.એસ.આઇ પી.એન.મોરી સહિતના પોલીસ અધિકારીઓ જોડાયા હતા.

# હાલાર પંથકમાં તોફાની પવન સાથે કમોસમી વરસાદ





**અબતક, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પણ સમગ્ર સૌરાષ્ટ્રની સાથે સાથે હવામાનમાં પલટો આવ્યો હતો, અને ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યા બાદ એકાએક તેજ ગતિથી પવન ફૂંકાવાનો શરૂ થઈ ગયો હતો. સુસવાટા મારતા પવનના કારણે ક્યાંક કાગળ કચરાની સાથે પતરા પણ ઊડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. ત્યારબાદ રાત્રિના ૧૨.૦૦ વાગ્યાના અરસામાં જામનગર શહેરમાં વરસાદી ઝાપટું શરૂ થઈ ગયું હતું. જોકે દસેક મિનિટ સુધી ઝાપટું ચાલુ રહયા બાદ વરસાદ રોકાઈ ગયો હતો. જેની સાથે સાથે શહેરના અડધા ભાગમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

## તોફાની પવન ફૂંકાવાથી વીજ પુરવઠો ખોરવાયો

વરસાદી પવનના કારણે એકાએક ટ્રિપિંગ આવી જતાં થોડો સમય માટે વીજ પુરવઠો ખોરવાયો હતો જો કે ૨૦ મિનિટ બાદ પુનઃ એક પછી એક તમામ ફીડર ચાલુ થઈ ગયા હતા, અને વીજ પુરવઠો પૂર્વવત થયો હતો. આજે પણ સવારથી આકાશમાં વાદળો ખડકાયેલા છે, અને વરસાદી વાતાવરણ બનેલું રહ્યું છે જામનગર શહેર ઉપરાંત જામનગર જિલ્લાના જોડીયામાં પણ ગઈકાલે રાત્રે વરસાદ શરૂ થઈ ગયો હતો, અને જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર જોડીયામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. સાથો સાથ ધ્રોળ ના ગ્રામ્ય પંથકમાં પણ ગઈકાલે રાત્રે જોરદાર વરસાદ પડી ગયો હતો, અને ત્યાં ત્રણ મિ.મી. વરસાદ નોંધાયો છે. જોકે આજે સવારથી સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ બંધાયેલો છે, અને ક્યાંક તોફાની પવન પણ ફૂંકાઈ રહ્યો છે. ઉપરાંત વરસાદી વાતાવરણ બની જતાં ગરમીમાં થોડી રાહત જોવા મળી રહી છે.

# નવાનાગનામાં વાહન અથડાવવાની બાબતમાં માથાકુટ

## પોલીસે હુમલો કરવા આવનાર શખ્સ સામે ગુનો દાખલ કર્યોઃ સમગ્ર બનાવનો વીડિયો વાયરલ



જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં બે વાહનો અથડાયા પછી એક વાહન ચાલક ઉશ્કેરાયો હતો, અને જમીન પરથી મોટો પથ્થર ઉપાડીને અન્ય વાહનચાલક ને મારવા માટે દોડ્યો હતો. જેનો વિડીયો શહેરમાં વાયરલ થયો હતો. પોલીસે તે આરોપીને પકડી લઈ તેની સામે ગુનો નોંધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક નવા નાગના ગામમાં રહેતો ભગવાનજીભાઈ સુરેશભાઈ નકુમ નામનો ૨૬ વર્ષનો યુવાન પોતાનું બાઈક લઈને દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા મહેશ પ્રવીણભાઈ ખાનીયા નામના અન્ય એક શખ્સ સાથે વાહન અથડાવવા બાબતે તકરાર થઈ હતી. જે તકરાર બાદ મહેશ ખાનિયા ઉસકેરાયો હતો, અને જમીન પર પડેલો એક મોટો પથ્થર ઉચકીને ભગવાનજી નકુમને મારવા માટે દોડ્યો હતો. જે અંગેનો કોઈએ મોબાઈલમાં વિડીયો બનાવી લીધો હતો, અને ગઈકાલે શહેરભરમાં તે વીડિયો વાયરલ થયો હતો. જોકે ભગવાનજીભાઈ ભાગી છુટ્યો હોવાથી બચી ગયો હતો. પરંતુ આ મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો, અને સિટી એ. ડિવિઝન પોલીસે પથ્થર લઈને હુમલો કરવા આવનાર મહેશ ખાનિયા સામે ભગવાનજીભાઈ નકુમની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# મનપા સંચાલિત સ્વિમિંગ પુલમાં બાળકોથી લઈ મોટેરા માણે છે મોજ

## બાળકો માટે ૩૦૦ રૂપિયા અને મહિલાઓ અને પુરૂષો માટે ૫૦૦ રૂપિયા ફિઃ વેકેશન દરમિયાન ૧૦૦૦ થી વધુ લોકો કરે છે સ્વિમિંગ





ઉનાળાની આકરી ગરમીમાં લોકો અકળાયા છે. ત્યારે જામનગરમાં આવેલા મહાનગરપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલમાં બાળકોની ખાસ ભીડ જોવા મળી રહી છે. ઉનાળાની ગરમીથી બચવા અહિ બાળકો નહાવાની મોજ સાથે સ્વિમિંગ શીખી રહ્યા છે. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી અને મહાનગરપાલિકા દ્વારા અહીં સ્વિમિંગ કોચ પણ મૂકવામાં આવ્યા છે. એટલું જ નહીં બાળકોને લાઈફ જેકેટ સહિતની સુવિધાઓ આપવામાં આવી રહી છે. તેમાં પણ જેમ જેમ વેકેશન જામશે તેમ બાળકોની સંખ્યામાં વધારો થશે.

### વેકેશનમાં નાના બાળકોની સંખ્યા ૧૦૦૦ સુધી પહોંચીઃ ઈન્ચાર્જ સ્પોર્ટ્સ મેનેજર અજય ગુસાણી



'અબતક' સાથેની વાતચીતમાં ઈન્ચાર્જ સ્પોર્ટ્સ મેનેજર અજય ગુસાણીના જણાવાયા અનુસાર જામનગર મહાનગરપાલિકાના બિલ્ડીંગની નજીક જ સ્પોટ સંકુલ આવેલું છે. અહીં બાળકો સ્વિમિંગ શીખે છે. ખાસ ૩૦૦ થી ૫૦૦ પુરુષો દરરોજ લાભ લે છે. જ્યારે ૧૦ વર્ષથી નાના બાળકોની સંખ્યા વેકેશનમાં ૧૦૦૦ સુધી પહોંચી જાય છે. જેની ફી ૩૦૦ રૂપિયા અને મોટી ઉંમરના લોકો માટે ૫૦૦ રૂપિયા મહિનાની ફી નક્કી કરાઈ છે.

### ૫૦ મીટર લાંબો સ્વિમિંગ પૂલ જે બાળકોમાં ખૂબ આકર્ષણનું કેન્દ્ર : ટ્રેનર કલ્પ ચુડાસમા



'અબતક' સાથેની વાતચીતમાં કલ્પ ચુડાસમા ટ્રેનર જણાવ્યું હતું કે ગરમીને લઈ અને આમ પણ બાળકો અકળાય ઊઠ્યા છે. આથી ગરમીથી રાહત મેળવવા માટે અને આનંદ ઉત્સાહ સાથે ભવિષ્યમાં કરિયરમાં પણ કામ આવે તે માટે થઈ અને બાળકો અહીં ઉમટી રહ્યા છે.જામનગરમાં આવેલું ૫૦ મીટર લાંબુ સ્વિમિંગ પૂલ જે બાળકો માટે ખૂબ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે માત્ર બાળકો જ નહીં, પરંતુ જામનગરમાં રહેતા કોઈપણ સ્ત્રી, પુરુષ આ પુલનો લાભ લઈ શકે છે. આ માટે એક ફોર્મ ભરવાનું હોય છે અને ત્યારબાદ ફેમિલી ડોકટરના સાઈન વાલા એક લેટર જમા કરવાનો હોય છે અને તેમાં માત્ર કોઈપણ પ્રકારની સ્કિન પ્રોબ્લેમ ન હોવાનો ઉલ્લેખ કરવો ફરજિયાત છે. આ સ્વિમિંગ પુલનો લાભ લેવા ઈચ્છુક લોકોએ જામનગર મહાનગરપાલિકાના સ્પોર્ટ સંકુલમાંથી ફોર્મ ભરવાનું હોય છે સમયની વાત કરવામા આવે તો સવારે ૬થી લઈને ૯ વાગ્યા સુધી પુરુષ બેન્ચ છે. ત્યારબાદ ૯થી ૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન મહિલાઓ માટે સ્વિમિંગની વ્યવસ્થા હોય છે, સાંજે ચાર થી છ વાગ્યા સુધી પુરુષો અને નાની નાની દીકરીઓ માટે સ્વિમિંગ ની વ્યવસ્થા કરાઈ છે. ખાસ બેબી પુલની પણ વ્યવસ્થા છે જે પાંચ વર્ષના બાળકો માટે છે બાળકોને પાણીનો ડર ભગાવવા માટે થોડા સમય માટે આ બેબી પુલમાં શીખવવામાં આવે છે ત્યારબાદ જરૂરિયાત મુજબ સ્વિમિંગ પૂલમાં શીખવવામાં આવે છે. મોટી વાત એ છે કે મહિલાઓના સમયગાળા દરમિયાન કોચ પણ મહિલા જ હોય છે. આ ઉપરાંત સાંજના સમયગાળા દરમિયાન પણ મહિલા અને સાંજે બાળકો માટે ખાસ સ્વિમિંગનો ટાઈમ ફાળવવામાં આવ્યો છે.

# ધોરાજી નજીક ઈનોવા કારને નડ્યો ગમખ્વાર અકસ્માત, ચારના મોત: બે ગંભીર

## ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પ્રથમ વૃક્ષ સાથે અથડાઈને રસ્તા નીચે પલટી ખાતા સર્જાઇ જીવલેણ દુર્ઘટના: વીજ ચેકિંગ ટીમ સાથે વીડિયોગ્રાફી કરતી કોન્ટ્રાકટરની ટીમના ચાર લોકો કાળનો કોડિયો બન્યા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ઉપલેટા ધોરી માર્ગ પર આવેલા સુપેડી ગામ નજીક વહેલી સવારે પીજીવીસીએલના વિડીયોગ્રાફી કોન્ટ્રાકટરની શક્ષક્ષજ્ઞદ્દક કાર ને ગંભીર અકસ્માત નડ્યો છ જેમાં ચાલકે કારના સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર વૃક્ષ સાથે અથડાઈને રસ્તા પર પલટી જતા સર્જાયેલી દુર્ઘટનામાં ધોરાજીના ત્રણ અને જૂનાગઢના એક વ્યક્તિ મળી ચાર વ્યક્તિના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા ત્યારે ગંભીર રીતે ઘવાયેલા બે લોકોને સ્થાનિક કક્ષાએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે આ બનાવથી પરિવારમાં શોકનો મોજુ ફેલાયું છે ધોરાજી તાલુકા પોલીસ મથક કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલે દોડી જાય ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ ધોરાજી પીજીવીસીએલની ટીમ દ્વારા વહેલી સવારે ગ્રામ્ય પંથકમાં વિજ ચેકિંગની ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ત્યારે પીજીવીસીએલનો કાફલો વહેલી સવારે ધોરાજી થી રવાના થયો હતો ત્યારે કાફલામાં સાથે રહેલી કોન્ટેક્ટ પર રહેલા વિડીયોગ્રાફીની ઈનોવા કાર સુપેડી નજીક પહોંચી ત્યારે ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર વૃક્ષ સાથે અથડાઈ હતી અને રસ્તે પલટી ખાઈ ગઈ હતી આ ગામ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે ધોરાજી ઉપલેટા માર્ગ પર થી પસાર થઈ રહેલા વાહનચાલકો તાત્કાલિક દોડી ગયા હતા અને બચાવ રાહત કામગીરી હાથ ધરી હતી અને ઘટનાની જાણ તાલુકા પોલીસ મથકને કરતા પીઆઈ અને સ્ટાફ સહિતનો કાફલો દોડી ગયો હતો અને તુરત તમામને ૧૦૮ મારફતે ધોરાજીની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે ધોરાજીના કિશોરભાઈ હીરાણી વલ્લભભાઈ રૂપાણી આપતા આશિક પઠાણ અને જૂનાગઢના મોહમ્મદભાઈ સુમરા ને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ગંભીર રીતે ખવાયેલા ધોરાજીના રાજમીનભાઈ ગાંધી અને જુનાગઢના એક વ્યક્તિ સહિત બેને સ્થાનિક કક્ષાએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જૂનાગઢમાં જૂનાગઢ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ પીજીવીસીએલના સ્ટાફ અને મૃતકોના પરિવારજનો તેમજ સામાજિક રાજકીય આગેવાનોને થતા હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં દોડી ગયા હતા. પોલીસે મૃતદેને પીએમ અર્થે ખસેડી કાગડો કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે આ બનાવથી મૃતકોના પરિવારમાં જાણે આ ફાટી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા

### મૃતકો અને ઘાયલોની યાદી

ધોરાજીના કિશોરભાઈ ચંદુભાઈ હિરાણી ઉ.વ.૬૪, વલ્લભભાઈ ધીરજલાલ રૂંધાની ઉ.વ.૫૭ અફતાબભાઈ આસિફભાઈ પઠાણ ઉ.વ.૧૯, જુનાગઢ મોહમદભાઈ સુમરા નામના વ્યક્તિના મોત જ્યારે રાજમીન ગાંધી ઉં. વ.૪૦ સહિત બે લોકો ઘાયલ

## ''મને હનીટ્રેપમાં ફસાવવામાં અનુભા-રાજદીપનો હાથ'': સ્યુસાઈડ નોટ

# અમિત ખૂંટ આપઘાતમાં અનિરુદ્ધસિંહ-રાજદીપસિંહ સહિત ચાર વિરુદ્ધ ગુનો દાખલ

## પોપટ લાખા સોરઠીયા હત્યા કેસમાં સજા માફી સામે કરેલી અરજી અને સસ્તા ભાવે જમીન પડાવી લેવા મામલે થયેલ વિખવાદનો ખાર રાખી હનીટ્રેપમાં ફસાવી મરવા મજબુર કર્યાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

### શનિવારે રાત્રે એ ડિવિઝન પોલીસમાં દુષ્કર્મનો ગુનો નોંધાયા બાદ સોમવારે સવારે અમિત ખૂંટનો મૃતદેહ વાડીમાંથી લટકતો મળી આવ્યો'તો

### ઘટનાની જાણ થતાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને ગોંડલ નાગરિક બેંકનાં ડિરેક્ટર ગણેશભાઈ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા



**અબતક, રાજકોટ**

રીબડાનાં ચકચારી અમિત ખૂંટ આપઘાત કેસમાં મૃતકે લખેલી સુસાઈડ નોટમાં ક્ષત્રિય આગેવાન અનિરુદ્ધસિંહ જાડેજા અને તેમના પુત્ર રાજદીપસિંહ જાડેજાએ જ મને મરવા મજબૂર કર્યાનો ઘટસ્ફોટ થતાં ગોંડલ તાલુકા પોલીસમાં અનિરુદ્ધસિંહ, રાજદીપસિંહ, રિદ્ધિ પટેલ અને પૂજા રાજગોર વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો છે.

(અનુ. આઠમા પાને)

### પૂજા રાજગોર અને રિદ્ધિ પટેલ રાજકોટ પોલીસનાં હાથવેંતમાં

મામલામાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર મૃતક અમિત ખૂંટએ પોતાની સ્યુસાઈડ નોટમાં રીબડાનાં અનિરુદ્ધસિંહ, રાજદીપસિંહ, રિદ્ધિ પટેલ અને પૂજા રાજગોરનાં નામ લખ્યા છે. જે મામલે રિદ્ધિ પટેલ અને પૂજા રાજગોર રાજકોટ પોલીસનાં હાથવેંતમાં હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. જયારે અનિરુદ્ધસિંહ અને રાજદીપસિંહ હજુ પોલીસ પકડથી દૂર છે.

### જ્યાં સુધી આરોપીઓની ધરપકડ નહિ થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર

અમિત ખૂંટ ભેદી આપઘાત કેસને ૨૪ કલાક કરતા વધુ સમય વીતી ગયો છે અને પોલીસ દ્વારા મૃતદેહનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસમોર્ટમ પણ કરાવવામાં આવ્યું છે. આ પછી પરિવારજનોએ જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતા હાલ મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ સ્થિત પોસમોર્ટમ રૂમ ખાતે કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ છે. હવે દુષ્કર્મ અને પોક્સો ફરિયાદ પછી ભેદી આપઘાત કેસ નોંધાતા વધુ એક વખત પોલીસ માટે

(અનુ. આઠમા પાને)

### જયરાજસિંહ રીબડા આવ્યા બાદ સ્યુસાઈડ નોટ તૈયાર થઈ: અનિરુદ્ધસિંહની ન્યાયિક તપાસની માંગ



મામલામાં અનિરુદ્ધસિંહ જાડેજાએ વીડિયો મારફત નિવેદન આપતા જણાવ્યું હતું કે, મને અને મારા પરિવારને ખોટી રીતે સંડોવવામાં આવી રહ્યા છે. જે સગીરા દ્વારા મૃતક યુવક પર દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી તે હૈયાત જ છે, તેની પોલીસ તપાસ કરી શકે

(અનુ. આઠમા પાને)

# અમરેલીની શેત્રુંજી નદીમાં નાહવા પડેલા ચાર યુવાનોના ડૂબી જતાં મોત

## ધારી તાલુકાનાં મીઠાપૂર(ડુંગરી)નાં યુવકો વહેણમાં ફસાઈ જતાં પાણીમાં ગરકાવ: સમગ્ર પંથકમાં શોકનું મોજું

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી તાલુકાના ગાવડકા નજીક શેત્રુંજી નદીમાં ચાર યુવાનો નાહવા પડ્યા હતા. જેમાં નદીના ઊંડા પાણી યુવાનો ડૂબ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને અમરેલી તાલુકા પોલીસ અને ફાયર ટીમ જવાનો ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. નદીમાં ડૂબ જવાની ઘટનામાં ચાર યુવાનોના મૃતદેહ બહાર કઢાયા હતા. ઘટનાને પગલે સંમગ્ર પથંકમાં શોક છવાયો છે. અમરેલી તાલુકાના ગાવડકા નજીક આવેલી શેત્રુંજી નદીમાં ૪ યુવાનો નાહવા જતાં ડૂબ્યા હતા. નદી કાંઠેથી કપડાં મળી આવ્યા યુવાનો સ્થાનિક વિસ્તારના હોવાનું અનુમાન છે, ત્યારે ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ફાયરની ટીમ દ્વારા યુવાનોને બહાર કાઢવા ઓપરેશન હાથ ધર્યું હતું. નદીમાં ડૂબી જવાથી ચારેય યુવાનોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

ઘટનામાં ભાર્ગવ રમેશભાઈ રાઠોડ (ઉં.વ. ૨૦, મુ.મીઠાપુર ડુંગરી, તા. ધારી), નરેન્દ્ર પ્રેમજીભાઈ વાળા (ઉં.વ. ૧૮), કૌશિક મુળજીભાઈ રાઠોડ (ઉં.વ. ૨૧), કમલેશ ઉર્ફે સાગર ખોડાભાઈ દાફડા (ઉં.વ. ૨૭) નામના ચાર યુવાનો કાળનો કોળિયો બન્યા છે.

અમરેલી જિલ્લામાં ગત રોજ તારીખ ૫ મેના રોજ સમી સાંજના સમયે ચાર યુવાનો પર કાળચક્ર ફરી વળ્યું હતું. ચાર યુવાનોના શેત્રુંજી નદીમાં ડૂબી જવાથી મોત થતાં સમગ્ર અમરેલી જિલ્લામાં ભારે શોકનું વાતાવરણ છે. ઘટના એમ બની હતી કે, સમી સાંજના સમયે ધારી તાલુકાના ડુંગરી મીઠાપુર ગામના ચાર યુવાનો ભાર્ગવ રાઠોડ (૨૦), નરેન્દ્ર વાળા (૧૮), કૌશિક રાઠોડ (૨૧), અને સમીર દાફડા (૨૭) આ યુવાનો નદીમાં નાહવા માટે ગયા હતા. જોકે નદીમાં ડૂબકી મારી આગળ વધતા તેઓ પાણીના વહેણમાં આવી ગયા અને સમયસર તેમાંથી બહાર ન આવતા ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ અને પોલીસ પણ સ્થળ પર આવી હતી. પોલીસ અને ફાયર વિભાગના સ્ટાફે નદીમાં ગુમ યુવાનોની શોધખોળ શરૂ કરી હતી. રાત્રિના નવ વાગ્યાની આસપાસ ચારેય યુવાનોના મૃતદેહ હાથ લાગતાં સમગ્ર અમરેલી જિલ્લામાં ભારે ગમગીન માહોલ છવાયો છે.

# ભાજપ દ્વારા બાકી રહેલા ૧૫ મંડલોના પ્રમુખોના નામ જાહેર

## જામજોધપુર શહેર ભાજપ પ્રમુખ પદે રવિ શિહોરા, તાલુકાનો તાજ ભાગ્યેશકુમાર માણસુરિયા જયારે બાંટવાના પ્રમુખ પદે મયુરસિંહ ડોડીયાની વરણી

**અબતક, રાજકોટ**

ભાજપ દ્વારા આજે સવારે અલગ અલગ ૧૫ મંડલના પ્રમુખોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પ્રદેશ પ્રમુખની નિયુકતી કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે.

પ્રદેશ ભાજપના ચૂંટણી અધિકારી-ધારાસભ્ય ઉદયભાઈળ કાનગડ દ્વારા આજે સવારે અલગ અલગ ૧૫ મંડલના પ્રમુખોના નામ જાહેર કર્યા છે. જેમાં વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના પ્રમુખ પદે બિરેનભાઈ પટેલની, પંચમહાલ જિલ્લાના કલોલ શહેરના પ્રમુખ પદે કલ્પેશભાઈ પારેખ, ખેડા જિલ્લાના કણજરી શહેરના પ્રમુખ પદે હિરેનભાઈ પટેલ, કઠલાલ શહેરના પ્રમુખ પદે ગૌરાંગભાઈ શર્મા, મહેમદાવાદ શહેર ભાજપ પ્રમુખ પદે જયભાઈ ભટ્ટ, ઠાસરા શહેરના પ્રમુખ પદે મહેશભાઈ પરમાર, અમદાવાદ શહેરના ચાંદલોડિયા વોર્ડના પ્રમુખ પદે ગુંજનભાઈ પટેલ, સાબરમતી વોર્ડના પ્રમુખ પદે ભગવાનભાઈ પટેલ સ્ટેડિયમ વોર્ડના પ્રમુખ પદે પ્રિયાંકભાઈ ગોર, કુબેરનગરના પ્રમુખ પદે નવીનભાઈ સોલંકી, ખાડિયા વોર્ડના પ્રમુખ પદે જયેશભાઈ રામી, વેજલપુર વોર્ડના પ્રમુખ પદે મિલનભાઈ પાઠક, જામજોધપુર શહેર ભાજપ પ્રમુખ પદે રવિભાઈ શિહોરા, જામજોધપુર તાલુકાના પ્રમુખ પદે ભાગ્યેશકુમાર માણસુરિયા અને જૂનાગઢ જિલ્લાના બાંટવા શહેર ભાજપ પ્રમુખ પદે મયુરસિંહ ડોડિયાની નિયુકતી કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષની હવે ખૂબજ નજીકના દિવસોમાં નિયુકતી કરી દેવામાં આવશે.

# કડી-વિસાવદર બેઠકની આખરી મતદાર યાદી પ્રસિધ્ધ

## કડી વિધાનસભામાં નવા ૩૭૬ મતદારોના સાથે કુલ ૨.૮૯ લાખ મતદારો જયારે વિસાવદરમાં ૧૮૫ મતદારોના વધારા સાથે કુલ ૨.૬૧ લાખ મતદાર નોંધાયા

**અબતક, રાજકોટ**

કડી વિધાનસભા (અ.જા.) અને વિસાવદર વિધાનસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે ૫ મે,ના રોજ બંને વિધાનસભા મતવિસ્તારની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં કડી વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૨ પુરુષ અને ૨૨૪ મહિલા મતદારોના વધારા સાથે કુલ ૩૭૬ મતદારોનો વધારો થયો છે. વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં ૨૪ પુરુષ અને ૧૬૦ મહિલા તથા ૦૧ ત્રીજી જાતિના મતદારના વધારા સાથે કુલ ૧૮૫ મતદારોનો વધારો થયો છે. બંને મતવિસ્તારના મળી કુલ ૫૬૧ મતદારોનો વધારો નોંધાયો છે.

ગુજરાત રાજ્યમાં ખાલી પડેલી મહેસાણા જિલ્લાની ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૪૯,૭૧૯ પુરુષ, ૧,૪૦,૦૨૩ મહિલા અને ત્રીજી જાતિના ૪ મળી કુલ ૨,૮૯,૭૪૬ મતદારો નોંધાયા છે. જ્યારે જુનાગઢ જિલ્લાની ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૩૫,૫૯૭

(અનુ. આઠમા પાને)

# આરટીઈમાં પ્રવેશ માટે આવકના ખોટા દાખલા આપનાર સામે એફઆઈઆર

## આવકના દાખલાની ચકાસણી માટે રાજ્યભરમાં ચેકીંગ ઝુંબેશ હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન- હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ-૧માં ૨૫ ટકા બાળકોને વિનામૂલ્યે પ્રવેશ ફાળવવાની કાર્યવાહી ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી હાલમાં ચાલી રહી છે, જે અંતર્ગત ૨૮ એપ્રિલ ઓનલાઈન પ્રવેશ ફાળવણીનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો હતો.

નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા સાચા, જરૂરિયાતમંદ, નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશનો લાભ મળે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત આ કચેરી દ્વારા પ્રથમ રાઉન્ડમાં ફાળવણી થયેલા વિદ્યાર્થીઓ પૈકી નર્મદા જિલ્લાની ધ્યાન પર આવેલી ઓછી આવક દર્શાવેલી અરજીઓમાં સબંધિત અરજદારો દ્વારા અપલોડ કરવામાં આવેલા આવકના દાખલાઓ શંકાસ્પદ જણાતા આવા આવકનાં દાખલાઓ તલાટીને ખરાઈ અર્થે મોકલવામાં આવ્યા હતા. જેમાં આ દાખલાઓ ખોટા સહી-સિક્કાવાળા જણાતા સબંધિત કસુરવારો સામે નર્મદા જિલ્લાના તલાટીઓ દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(અનુ. આઠમા પાને)


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક
વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬
યોજના નં. ૧
લવાજમ રૂ.૧૦૫૧/-
સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ
યોજના નં. ૨
લવાજમ રૂ.૧૨૫૧/-
ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ




વિશેષ નોંધ: (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.
લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪